પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૪-૨-૨૦૨૫, મંગળવાર
વર્ષ: ૧૩, અંક : ૨૭૭

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

સ્વીકારવું જ પડે એવું કડવું સત્ય અમાપ પ્રસિધ્ધિ અને અપાર સંપત્તિ હોવા છતાં રોગ, ઘડપણ અને મૃત્યુને જીતી શકાતા નથી...

**ન હોય...! ભાઈઓ તો ઠીક ૨૦ વર્ષમાં મહિલાઓમાં 'મુખ-કેન્સર'નું પ્રમાણ ૧૪૮% વધ્યું**

(વાંચો છેલ્લા પાને)

# ગુજરાતમાં સમાન નાગરિક ધારો અમલમાં આવશે: સમિતિની રચના



## સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રંજના દેસાઈના અધ્યક્ષસ્થાને પાંચ સભ્યોની યુસીસી કમિટીની રચના કરતી રાજ્ય સરકાર: સમિતિમાં સિનિયર આઈએએસ અધિકારી સી.એલ. મીણા, એડવોકેટ આર.સી.કોડેકર, પૂર્વ વાઈઝ ચાન્સેલર દક્ષેશ ઠાકર અને સામાજીક કાર્યકર ગીતાબેન શ્રોફનો સભ્ય તરીકે સમાવેશ કરાયો

## સમિતિ દ્વારા ૪૫ દિવસમાં સરકારને રિપોર્ટ અપાયા બાદ યુસીસીની અમલવારીની તારીખ જાહેર કરાશે



**અબતક, રાજકોટ**

ઉત્તરાખંડ બાદ ગુજરાત દેશનું બીજું એવું રાજ્ય બનશે જ્યાં યુનિફોર્મ સિવિલ કોડની અમલવારી કરવામાં આવશે. યુસીસીની અમલવારી માટે રાજ્ય સરકાર દ્વારા આજે સુપ્રિમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રંજના દેસાઈની અધ્યક્ષતામાં પાંચ સભ્યોની સમિતિ બનાવવામાં આવી છે. જે આગામી ૪૫ દિવસમાં રિપોર્ટ આપશે. જેના આધારે રાજ્યમાં સમાન નાગરિક સંહિતાનો કાયદો અમલમાં મુકવામાં આવશે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીના ૧૦ દિવસ પૂર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. ઉત્તરાખંડ બાદ હવે ભાજપ શાસિત ગુજરાત રાજ્યમાં પણ સમાન નાગરિક સંહિતા કાયદાની અમલવારી કરવામાં આવશે. આજે પત્રકાર પરિષદમાં મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે યુસીસીની અમલવારી માટે સુપ્રિમ કોર્ટના નિવૃત્ત જજ રંજના દેસાઈની અધ્યક્ષતામાં પાંચ સભ્યોની કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં સભ્ય તરીકે સિનિયર આઈએએસ અધિકારી સી.એલ. મીણા ઉપરાંત જાણીતા ધારાશાસ્ત્રી આર.સી.કોડેકર, ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર દક્ષેશ ઠાકર અને સામાજીક કાર્યકર ગીતાબેન શ્રોફનો સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. પાંચ સભ્યોની આ સમિતિ આગામી ૪૫ દિવસ સુધી રાજ્યમાં લોકોના સૂચનો મેળવીને તેનો રિપોર્ટ સરકારને આપશે. જેના આધારે રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં યુસીસીની અમલવારી ક્યારથી કરવી તેના અંગે નિર્ણય લેવામાં આવશે.

(અનુ. આઠમા પાને)

### પાલિકા - પંચાયતની ચૂંટણીના ફોર્મ પરત ખેંચવાનો અંતિમ દિવસ

# ભાજપ જબરો ખેલ પાડવાના મુડમાં: કોંગ્રેસની 'ઉમેદવાર' બચાવો રણનીતિ

## જૂનાગઢ મહાપાલિકાની ત્રણ વોર્ડની નવ બેઠકો પર ભાજપના ઉમેદવાર બિનહરીફ: બાંટવા પાલિકામાં ભાજપ મતદાન પહેલા ૧૦ બેઠકો જીતી ગયું, માંગરોળ પાલિકામાં ચાર અને ઉપલેટામાં બે બેઠકો પર કમળ ખિલ્યું

**જે ઉમેદવારોના ફોર્મ માન્ય થયા છે તેઓને કોંગ્રેસ અજ્ઞાત સ્થળે લઈ ગયું**

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં આગામી ૧૬મી ફેબ્રુઆરીના રોજ યોજાનારી સ્થાનીક સ્વરાજયની ચુંટણીમાં આજે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે બપોર સુધીમાં ભાજપ જબ્બરો ખેલ પાડવાના મુડમાં છે. મોટા નેતાઓને ઓપરેશન ફોર્મ પરત ખેંચાવો માટે કામે લગાવી દેવામાં આવ્યા છે. સામા પક્ષે કોંગ્રેસ હાલ એલર્ટ થઈ ગયું છે. મોટા કડાકા-ભડાકાથી શકયતા નકારી શકાતી નથી.

જુનાગઢ મહાનગર પાલિકાની ચૂંટણીમાં ભાજપના ચુંટણી પ્રભારી કમલેશભાઈ મિરાણી, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા અને જુનાગઢ શહેર ભાજપ પ્રમુખ પુનિતભાઈ શર્માએ ગઈકાલે રુબરુ ઓપરેશન પાર પાડયું હતું. વોર્ડ નં.૩ ના કોંગ્રેસના ચારેય ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતા ભાજપના ઉમેદવાર શરીફાબેન કુરેશી,સહેનાજબેન કુરેશી, અબ્બાસભાઈ કુરેશી અને હસમુખભાઈ મકવાણા જયારે વોર્ડ નં. ૧૪ માં કોંગ્રેસના ચારેય ઉમેદવારો હટી જતા ભાજપના જમકુબેન છાયા અધિશકિતબેન મજમુદાર, બાલુભાઈ રાડા અને કલ્પેશભાઈ અજવાણી બીન હરીફ ચુંટાયા હતા.

આ ઉપરાંત બાંટવા નગરપાલિકાના ૬ વોર્ડની કુલ ૨૪ બેઠકો માટે ૫૧ ઉમેદવારો મેદાનમાં છે. ગઈકાલે વોર્ડ નં.૨ માં ભાજપના ત્રણ ઉમેદવાર, વોર્ડ નં.૩ માં ભાજપના ચાર ઉમેદવાર અને વોર્ડ નં.૪ માં ભાજપના ત્રણ ઉમેદવાર બિન હરીફ જાહેર કરવામાં આવ્યા છે. કમળના પ્રતિક પરથી ચુંટણી લડી રહેલા ગીતાબેન રમણીકભાઈ મકવાણા, નિર્મળાબેન તુલસીપરી ગોસ્વામી, કનુભાઈ રામદેવભાઈ સોલંકી, કુસુમબેન કિરીટભાઈ રાઠોડ, રસીલાબેન ગોવિંદભાઈ પરમાર, હીરીબેન જીવાભાઈ કોડિયાતર, ધીરજલાલ

(અનુ. આઠમા પાને)

## ભાજપ ડરાવી-ધમકાવી કોંગ્રેસના ઉમેદવારોને ફોર્મ પાછા ખેંચાવતું હોવાનો આક્ષેપ

### કોંગ્રેસના ચૂંટણી સંકલન સમિતિના ચેરમેન બાલુભાઈ પટેલના આક્ષેપથી ખળભળાટ

રાજ્યમાં ૬૮ નગરપાલિકાઓ, ત્રણ તાલુકા પંચાયતો અને જુનાગઢ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી સહિત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીના ઉમેદવારી પત્રોની ચકાસણી સમયે ભાજપાએ વિવિધ સ્થળો પર કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને ડરાવવા, ધમકાવવા અને પોલીસતંત્ર-વહીવટંત્રના જોરે કોંગ્રેસના ઉમેદવારી પત્રો યેન-કેન પ્રકારે રદ કરવાના માનસિકતા હોવાનો આરોપ મુક્તા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ચૂંટણી સંકલન સમિતિના ચેરમેન બાલુભાઈ પટેલે જણાવ્યું હતું. ગુજરાતમાં મુક્ત અને પારદર્શક રીતે ચૂંટણી યોજવાની જવાબદારી રાજ્ય ચૂંટણી પંચની છે. ગુજરાતમાં

(અનુ. આઠમા પાને)

## ઉપલેટા પાલિકામાં પણ કોંગ્રેસના પંજાની બે આંગણીઓ કપાય

### ભાજપના ઉમેદવાર દિવ્યાબેન સુવા અને લાખીબેન નંદાણીયા બીનહરિફ: હજી વધુ વિકેટ ખડવાની સંભાવના

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

આગામી ૧૬મીએ યોજનાર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં શિયાળામાં પણ ગરમાવો લાવી દીધો છે. કોંગ્રેસે માંડ માંડ શોધેલા ઉમેદવારો ટપો ટપ ખડવા લાગતા ભાજપ ગેલમાં આવી ગયું છે. પાલિકાની બે બેઠકો બીન હરીફ થઈ છે. હજી વધુ કડાકા ભડાકા ભાજપ કરવાના મુડમાં છે.



ભારતીય જનતા પાર્ટી દ્વારા ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે એડી ચોટીનું જોર લગાવી વોર્ડ નં.૩ ના બક્ષીપંચ મહિલા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર નિયતિ મારડીયા ફોર્મ પરત ખેંચી લેતા ભાજપના મહિલા ઉમેદવાર દિવ્યા સુવા બીનહરીફ વિજેતા થયા હતા. જયારે વોર્ડ નં.૬ ના કોંગ્રેસના મહિલા ઉમેદવાર પ્રવિણા નંદાણીયાએ ફોર્મ પરત ખેંચી લેતા ભાજપના

(અનુ. આઠમા પાને)

### શું રિઝર્વ બેન્ક રૂપિયાનું ધોવાણ અટકાવવા ડોલર બજારમાં ઠાલવશે?

# અમેરિકા-કેનેડાના વેપાર યુધ્ધમાં રૂપીયો તળિયે: ૮૭.૨૮એ પહોંચ્યો, વધુ તૂટે તેવા અણસાર

## રિઝર્વ બેન્કએ જાહેર ક્ષેત્રની બેંકો મારફત હસ્તક્ષેપ ન કર્યો હોત, તો રૂપિયો વધુ ગગડયો હોત: માત્ર રૂપિયો નહિ બીજા અનેક ચલણમાં પણ ઘટાડો

**અબતક, મુંબઈ**

સોમવારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મુખ્ય વેપારી ભાગીદારો પાસેથી આયાત પર ટેરિફની જાહેરાત કર્યા પછી રૂપિયો ૮૭.૨૮ ના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો, જેનાથી વેપાર યુદ્ધની આશંકા વધી ગઈ. તે તેના પાછલા બંધ કરતા ૫૮ પૈસા ઘટીને રૂ. ૮૭.૧૯ પર બંધ થયો, જે બે અઠવાડિયામાં એક દિવસનો સૌથી મોટો ઘટાડો હતો.

જો રિઝર્વ બેન્કએ જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા હસ્તક્ષેપ ન કર્યો હોત, તો રૂપિયો વધુ નબળો પડી શક્યો હોત. કેટલાક ડીલરો અનુમાન કરે છે કે રિઝર્વ બેન્ક રૂપિયાને અન્ય એશિયન ચલણો સાથે સુસંગત રહેવાની મંજૂરી આપી રહ્યું



છે. મેકિસકન પેસો ૨% થી વધુ ઘટતાં એશિયન ચલણો ગગડી ગયા, જે લગભગ ત્રણ વર્ષના નીચલા સ્તરે પહોંચ્યો. આ અઠવાડિયે ચલણ બજારના વલણો પર યુએસ ટેરિફનું પ્રભુત્વ રહેવાની અપેક્ષા છે. વિશ્લેષકો ડોલર મજબૂત થવાને કારણે રૂપિયા માટે નકારાત્મક પક્ષપાત જુએ છે, જે વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા ઈક્વિટી વેચાણને કારણે વધુ ખરાબ થયું છે.

(અનુ. આઠમા પાને)

## અમેરિકા સાથેનું કેનેડાનું વેપાર યુદ્ધ જામ્યું: એલન મસ્કની સ્ટારલિંક સાથેના ૧૦૦ મિલિયન ડોલરના કરાર રદ કરાશે

અમેરિકા અને કેનેડા વચ્ચેનો વેપાર યુદ્ધ એક નવા સ્તરે પહોંચતો હોય તેવું લાગે છે. ટ્રમ્પ વહીવટીતંત્રનો વિરોધ કરતા, પીએમ ટ્રુડોએ અમેરિકન માલ પર ટેરિફની જાહેરાત કરી હતી. આ પછી, હવે કેનેડાના સૌથી વધુ વસ્તી ધરાવતા રાજ્ય ઓન્ટારિયોએ પણ અમેરિકાને ઝટકો આપ્યો છે. ઓન્ટારિયોએ યુએસ કંપનીઓને સરકારી ટેન્ડરોમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂક્યો છે અને ટ્રમ્પના સાથી એલોન મસ્કના સેટેલાઈટ ઈન્ટરનેટ પ્રદાતા સ્ટારલિંક સાથેનો તેનો ૧૦૦ મિલિયન ડોલરનો સોદો પણ રદ કર્યો છે. ઓન્ટારિયોના પ્રીમિયર ડગ ફોર્ડે કહ્યું કે ઓન્ટારિયો એવી કોઈપણ શક્તિ સાથે વ્યવસાય

(અનુ. આઠમા પાને)

# બજેટ-૨૦૨૫: કન્ઝ્યુમર ડ્યુરેબલ અને ઈલેક્ટ્રોનિક્સની બોલબાલા વધશે

## મધ્યમવર્ગને આવકવેરામાં મોટી રાહત મળતા હવે ઈલેક્ટ્રોનિક્સ, હોમ એપ્લાયન્સિસ અને ટુ-વ્હીલર બનાવતી કંપનીઓને તેજીની આશા

**અબતક, નવી દિલ્હી**

બજેટમાં આવકવેરામાં રાહત મળ્યા બાદ હવે ઈલેક્ટ્રોનિક્સ, હોમ એપ્લાયન્સિસ અને ટુ-વ્હીલર જેવા ઉત્પાદકો માંગમાં વધારો થવાની આશા સેવી રહ્યા છે. આ કંપનીઓ ઉત્પાદન વધારવા અથવા ક્ષમતા ઉપયોગ વધારવાની યોજના બનાવી રહી છે.

છેલ્લા ૩-૪ વર્ષથી મોટા પાયે ઉત્પાદનોની માંગ ઘટી રહી છે કારણ કે ગ્રાહકો ફુગાવાના દબાણનો સામનો કરી રહ્યા છે, જેના કારણે મોટાભાગની કંપનીઓને ઉત્પાદન ઘટાડવાની ફરજ પડી રહી છે. કેટલાકે તો એન્ટ્રી-લેવલના માલનું ઉત્પાદન બંધ કરી દીધું, તેના બદલે પ્રીમિયમ ઉત્પાદનોનું ઉત્પાદન વધાર્યું, જેની રોગચાળા પછી માંગ વધુ વધી ગઈ. ''કર લાભોમાંથી બચત થવાથી ગ્રાહકોના હાથમાં રોકડ વધશે, જે મોટી સંખ્યામાં ઉપકરણો, ૧૨,૦૦૦ રૂપિયા સુધીની કિંમતના સ્માર્ટફોન અને ૩૨,૦૦૦ થી વધુ કિંમતના ફોન ખરીદવામાં મદદ કરશે,''

ડિકસન ટેકનોલોજીસના

(અનુ. આઠમા પાને)

# અમેરિકન મિલિટરી વિમાન મારફત ગેરકાયદે રહેતા ભારતીયોની ઘરવાપસી: ૫૦૦૦ ભારતીયોને દેશ નિકાલ કરાશે

## અલ પાસો, ટેક્સાસ અને સાન ડિએગો, કેલિફોર્નિયાથી પણ સેનાના વિમાન ગેરકાયદે રહેતા ભારતીયોને લઈને ઉડાન ભરશે

**અબતક, નવી દિલ્હી**

ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ બાદ મોટી સંખ્યામાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને અમેરિકાથી દેશનિકાલ કરવામાં આવી રહ્યા છે. રિપોર્ટ્સ અનુસાર, હવે અમેરિકાએ પણ ગેરકાયદેસર રીતે રહેતા ભારતીયોને દેશનિકાલ કરવાનું શરૂ કરી દીધું છે. અહેવાલો અનુસાર, ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સને લઈને અમેરિકન સેનાનું એક સી-૧૭ વિમાન ભારત માટે રવાના થયું છે. અત્યાર સુધી, દક્ષિણ અમેરિકન દેશોમાંથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને અમેરિકા દ્વારા દેશનિકાલ કરવામાં આવતા હતા, પરંતુ હવે ભારતના ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામે પણ કાર્યવાહી શરૂ થઈ ગઈ છે.

યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટ, પેન્ટાગોને કહ્યું છે કે લશ્કરી વિમાનો ટૂંક સમયમાં અલ પાસો, ટેકસાસ અને સાન ડિએગો, કેલિફોર્નિયાથી ઉડાન ભરશે, જેમાં ૫,૦૦૦ થી વધુ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ આવશે. રાષ્ટ્રપતિની ચૂંટણી જીત્યા પછી તરત જ,

(અનુ. આઠમા પાને)

### આજે વિશ્વ કેન્સર દિવસ

# ગુજરાતમા કેન્સરની સારવાર માટે અન્ય રાજયોમાંથી પણ આવે છે દર્દીઓ

## ગુજરાતમાં પીએમજેએવાય-માઁ યોજના વરદાનસ્વરૂપ, છેલ્લા છ વર્ષોમાં બે લાખથી વધુ કેન્સરના દર્દીઓને મળી નિઃશુલ્ક સારવાર

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના ગરીબ અને મધ્યમ વર્ગ માટે એક વરદાન સાબિત થઈ રહી છે. દર વર્ષે ૪ ફેબ્રુઆરીએ ઉજવાતા કેન્સર દિવસના ઉપલક્ષ્યમાં આપણે એ જાણવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ કે કેવી રીતે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કેન્સર જેવા ગંભીર રોગની સારવાર અને નિદાનમાં દર્દીઓ માટે એક સંજીવની બનીને ઉભરી છે. નોંધપાત્ર છે કે વિશ્વ કેન્સર દિવસ, લોકોમાં કેન્સર વિશે જાગરૂકતા, તેની સારવાર, અટકાયત અને નિદાનના મહત્વને ઉજાગર કરવા માટે સમર્પિત છે. સાથે જ, આ દિવસ વૈશ્વિક સ્તર પર કેન્સરથી પ્રભાવિત લોકોનો અવાજ ઉઠાવવા અને સસ્તી, સુલભ સ્વાસ્થ્ય સેવાઓની જરૂરિયાતને પણ દર્શાવે છે. આ વર્ષે આ દિવસને 'યુનાઈટેડ બાય યુનિક' થીમ સાથે ઉજવવામાં આવી રહ્યો છે.

વિશ્વ કેન્સર દિવસના પ્રસંગે ગુજરાતમાં કેન્સરના દર્દીઓને મળી રહેલી સારવાર અને નિદાન વિશે વાત કરીએ તો પીએમજેએવાય-માઁ અંતર્ગત છેલ્લા ૬ વર્ષોમાં ગુજરાતમાં ૨ લાખથી વધુ કેન્સરના દર્દીઓને નિઃશુલ્ક સારવારની સુવિધા મળી છે. આ દર્દીઓના ઈલાજ માટે રાજ્ય સરકારે છેલ્લા ૬ વર્ષમાં રૂ. ૨,૮૫૫ કરોડથી વધુની રકમની પૂર્વ મંજૂરી આપી છે.

ગુજરાત સરકાર અને ગુજરાત કેન્સર સોસાયટી દ્વારા સંયુક્ત રીતે સંચાલિત ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ રાજ્યમાં કેન્સરની સારવાર અને સંભાળમાં મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ઉભરી છે. આધુનિક તબીબી સુવિધાઓથી સજ્જ આ સંસ્થા કેન્સરના દર્દીઓની સારવાર માટે સમર્પિત છે. કેન્સરના દર્દીઓને સારવાર આપવા સંદર્ભે જીસીઆરઆઈના મહત્વને આંકડાથી સમજીએ તો વર્ષ ૨૦૨૪માં, જીસીઆરઆઈએ કેન્સરના ૨૫,૯૫૬ કેસોમાં સારવાર પૂરી પાડી છે. જેમાં ગુજરાતમાંથી ૧૭,૧૦૭ કેસ, અન્ય રાજ્યોના ૮,૮૪૩ (ખાસ કરીને મધ્યપ્રદેશથી ૪૩૩૧, રાજસ્થાનથી ૨૭૨૬ અને ઉત્તરપ્રદેશથી ૧૦૪૩, બાકીના અન્ય રાજ્યોના) અને ૬ કેન્સરના કેસ આંતરરાષ્ટ્રીય કેસ છે. આ આંકડા કેન્સરની વિશેષ સંભાળમાં જીસીઆરઆઈની વિશ્વસનીયતા દર્શાવે છે.

### કેન્સર સામેની લડાઈમાં ગુજરાત સરકારની મજબૂત પ્રતિબદ્ધતા

કેન્સરની સંભાળ, સારવાર અને નિદાન માટેના ગુજરાત સરકારના સશક્ત પ્રયાસો પ્રશંસનીય છે. રાજ્ય સરકારે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનું પ્રભાવી અમલીકરણ તેમજ ડે કેર કીમોથેરાપી કેન્દ્રોની સ્થાપનાથી તમામ જિલ્લાઓમાં કીમોથેરાપી સેશન્સની સુવિધા ઉપલબ્ધ કરાવી છે અને જીસીઆરઆઈ દ્વારા કેન્સરના દર્દીઓને વધુ સારી સારવાર અને નિદાનની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી છે. રાજ્ય સરકારના આ પ્રયાસોથી દર્દીઓને વિશ્વસ્તરીય સારવાર સુવિધા મળવાની સાથે વિશ્વ કેન્સર દિવસના ઉદ્દેશો પ્રત્યેની પ્રતિબદ્ધતા પણ દેખાય છે.

આટલું જ નહિ, કેન્સરના દર્દીઓની સારવાર સિવાય જીસીઆરઆઈ કેન્સર જાગરૂકતા અભિયાન પણ ચલાવે છે. વર્ષ ૨૦૨૪માં જીસીઆરઆઈએ ૭૮ કેન્સર સ્ક્રિનિંગ કેમ્પ આયોજિત કર્યા હતા, જેનો લાભ ૭૭૦૦ લોકોએ મેળવ્યો હતો. આવી જ રીતે, ૨૨ જાગરૂકતા લેક્ચર્સ પણ આયોજિત કર્યા, જેનો લાભ ૪૫૫૦ લોકોએ મેળવ્યો હતો. જીસીઆરઆઈએ ૪૧ રક્તદાન શિબિરોનું પણ આયોજન કર્યું હતું.

ગુજરાત સરકારે રાજ્યમાં કેન્સરના દર્દીઓની સારવાર અને નિદાન પ્રત્યે સંવેદનશીલ પ્રતિભાવ આપવાના ભાગરૂપે કેન્સરની સારવારના વિકેન્દ્રીકરણ માટે અગ્રણી અભિગમ અપનાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૧૧ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ શરૂ કરવામાં આવેલી એક પરિવર્તનકારી પહેલ હેઠળ, રાજ્યના તમામ જિલ્લાઓમાં ૩૫ ડે કેર કીમોથેરાપી કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. આ કેન્દ્રો જિલ્લા હોસ્પિટલોમાં જરૂરી કીમોથેરાપી સારવાર પૂરી પાડે છે.

ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તેમજ સિદ્ધપુર, રાજકોટ અને ભાવનગર ખાતેના તેમના અન્ય ૩ સેટેલાઈટ કેન્દ્રોના સહયોગથી જિલ્લા હોસ્પિટલોમાં સ્થિત ડે કેર કીમોથેરાપી કેન્દ્રો જરૂરી સારવાર સેવાઓ, ટેલિ-કન્સલ્ટન્સી સેવાઓ અને જરૂરી દવાઓ પૂરી પાડે છે. આંકડાઓની વાત કરીએ તો, વર્ષ ૨૦૨૪ સુધીમાં, આ તમામ ડે કેર કીમોથેરાપી કેન્દ્રો પર ૭૧,૦૦૦થી વધુ દર્દીઓએ ૨ લાખ ૩ હજારથી વધુ કીમોથેરાપી સેશન્સ લીધા છે. રાજ્ય સરકારની આ પહેલથી કેન્સરના દર્દીઓ અને તેમના પરિવારજનોનો સમય અને ખર્ચ બંનેની બચત થઈ છે.

### ગર્ભગૃહમાં આંબાના વૃક્ષનું રોપણ હવે,
# દ્વારકાધીશને ફાગણના ફૂલડોલ ઉત્સવ સુધી અબિલ-ગુલાલનો રંગ લગાવાશે

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



વસંત પંચમી ઉત્સવ નિમિત્તે દ્વારકાધીશ જગતમંદિરમાં બપોરે દોઢ થી અઢી વાગ્યા સુધી ખૂલ્લું રખાયું હતું. વર્ષમાં એકમાત્ર વસંત પંચમી ઉત્સવ નિમિત્તે મધ્યાહન સમયે દ્વારકાધીશના દર્શન ભાવિકો માટે એક કલાક ખુલ્લાં રખાય છે. આ સાથે વસંત પંચમીના ઉત્સવના દિવસે ભગવાન દ્વારકાધીશજીને મંદિરના ગર્ભગૃહમાં પૂજારી પરિવાર દ્વારા આંબાના વૃક્ષ રોપવામાં આવ્યું હતું. વસંત પંચમીના દિવસે વસંત ઋતુનું આગમન થાય છે, જેથી દ્વારકાધીશજીને શૃંગાર આરતી તેમજ સંધ્યા આરતી સમયે કુલદોલ ઉત્સવ સુધી ગાલના ભાગમાં પૂજારી દ્વારા અબીલ ગુલાલથી શ્રીજીને ખેલાવામાં આવશે. વસંત ઋતુથી લઈ ફાગણ હોળાષ્ટક સુધી ભગવાન દ્વારકાધીશને અબીલ ગુલાલથી પૂજારી પરિવાર દ્વારા ખેલાવતા હોય છે. વસંત પંચમી ઉત્સવ નિમિત્તે ભગવાન દ્વારકાધીશને ધાણી દાળિયા ખજૂરનો ભોગ ધરાવવામાં આવ્યો હતો. આ સાથે બપોરે ૧:૩૦ કલાકે પૂજારી પરિવાર દ્વારા શ્રીજીને વિશેષ શૃંગાર સાથે આરતી કરવામાં આવી હતી. ઉત્સવ દર્શનનો બહોળી સંખ્યામાં ભાવિકોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

### વસંત પંચમી નિમિતે
## દ્વારકાધીશને સફેદવસ્ત્રો સાથે હિરાજડીત આભૂષણનો દિવ્ય શણગાર




**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

જગવિખ્યાત દ્વારકાધીશ જગતમંદિરે ગઈકાલે વસંત પંચમી ઉત્સવ પૂજારી પરિવાર અને ભાવિકો ધામધૂમપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. વસંત પંચમી ઉત્સવ નિમિત્તે કાળિયા ઠાકોરને વારાદાર પૂજારી દ્વારા શ્વેત વાઘા સાથે સોના-ચાંદી-હિરાજડિત વસ્ત્રાલંકારનો અલૌકિક શૃંગાર કરાયો હતો.

# દ્વારકાધીશ મંદિર નજીક પ્રતિબંધીત ડ્રોન કેમેરો ઉડ્યો
## મુંબઈના યુટ્યુબરને રંગે હાથે ઝડપી લેતી પોલીસ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



દ્વારકાધીશ જગતમંદિર નજીક આજરોજ વહેલી સવારે મંદિર આસપાસ પ્રતિબંધીત ડ્રોન કેમેરો ઉડતો દેખાતા જે અંગેની જાણ પોલીસને થતાં ફરજ પરના જવાનોએ દ્વારકાના છપ્પન સીડી નજીક આવેલ પૌરાણિક સ્થાનથી મુંબઈના યુટચુબર દ્વારા ઉડાવવામાં આવેલ ડ્રોન કેમેરા સહિતના મુદ્દામાલ સાથે રંગે હાથે ઝડપી લીધો હતો. દ્વારકા પોલીસે યુટ્યુબરને પોલીસ સ્ટેશને લઈ જઈ ધોરણસરની કામગીરી હાથ ધરી હતી.

સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર આ યુટ્યુબરે આશરે ચારથી પાંચ મિનિટ જેટલું ડ્રોન કેમેરાથી શુટીંગ કરવામાં આવેલ. જે અંગે દ્વારકા પોલીસ દ્વારા નિયમાનુસારની કામગીરી કરવામાં આવી છે.

# દ્વારકા: અર્બન હેલ્થ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને વ્યસનમુક્તિ અપીલ કરાઈ

**અબતક**
**મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



દ્વારકાના અર્બન હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફીસર્સની ટીમ દ્વારા ટોબેકો ફ્રી યુથ કેમ્પેઈન અંતર્ગત દ્વારકાના અમૃતબા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓમાં વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરેલ તેમજ પ્રથમ, દ્વિતીય તથા તૃતીય વિજેતામાં ઈનામ વિતરણ કરી વ્યસનમુક્તિ સમાજ માટે અપીલ કરવામાં આવી હતી.

## કાર્યક્રમોની યાદી
અબ તક CHANNEL

**તારીખ ૦૪-૦૨-૨૦૨૫ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (લોચા લાપસી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (પારસ પાધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (દાલ કાલબેલિયા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (આર યુ ઓકે)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (નમી ગયા એ ગમી ગયા)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૫-૦૨-૨૦૨૫ બુધવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવકથા (પૂ.ગીરી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

### તા.૫.૨.૨૦૨૫, બુધવાર, સંવંત ૨૦૮૧, મહા સુદ આઠમ, ભરણી નક્ષત્ર, શુક્લ યોગ, વિષ્ટિ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,આગળ વધવાની તક મળે, કેટલીક સુંદર પ્રતિભા તમે કેળવી શકો.
**વૃષભ (બ,વ,ઉ)** : આવક જાવકનો હિસાબ રાખવો પડે, ખર્ચ પર અંકુશ રાખવો, થોડું ગણતરીપૂર્વક ચાલવું પડશે.
**મિથુન (ક,છ,ઘ)** : સગા સ્નેહી મિત્રોથી સારું રહે, યાર દોસ્તની સહાય મળી રહે, કાર્ય પૂર્ણ થાય, પ્રગતિકારક દીવસ રહે.
**કર્ક (ડ,હ)** : નોકરિયાતવર્ગ ને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને થોડી ઉઠાપટક રહેવા સંભવ છે.
**સિંહ (મ,ટ)** : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથ માં આવે, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવો જરૂરી બને છે.
**કન્યા (પ,ઠ,ણ)** : માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય,દિવસ દરમિયાન મૂડ બદલાય કરે, સાંજ ખુશનુમા વીતે.
**તુલા (ર,ત)** : જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, તમારા અભિપ્રાયની ગણના થાય.
**વૃશ્ચિક (ન,ય)** : તબિયતની કાળજી લેવી, જીવનમાં નિયમિતતાની જરૂર છે, ખાવાપીવામાં કાળજી લેવી પડે.
**ધન (ધ,ભ,ફ,ઢ)** : પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્તિ કરી શકો.
**મકર (ખ,જ)** : તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય, વિચારોમાં હકારાત્મકતા આવે , દિવસ આનંદ માં વીતે.
**કુંભ (ગ,સ,શ)** : નવા કાર્યમાં આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, નવી પદ્ધતિથી કાર્ય કરી શકો .
**મીન (દ,ચ,ઝ,થ)** : તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો, દિવસ શુભ રહે, ભૂતકાળમાંથી પાઠ લેવો જરૂરી બને છે.

## મીન રાશિના જાતકો આવકમાં વૃદ્ધિ નોંધી શકે

મકરસંક્રાંતિથી સૂર્ય મહારાજ મકર રાશિમાં એક માસ માટે ચાલી રહ્યા છે. જ્યોતિષશાસ્ત્રમાં ગોચર ગ્રહોનું વિશેષ મહત્વ છે તેમાં પણ ગ્રહોના રાજા સૂર્ય મહારાજ જે સ્થાનમાં થી પસાર થાય છે તે સ્થાનને સક્રિય કરે છે માટે મેષ રાશિના મિત્રોને સૂર્ય દશમે આવતા આ માસમાં કાર્યક્ષેત્રે સારી કામગીરી કરાવે છે અને આ સમયમાં કેરીઅર આગળ વધારી શકાય છે તો વૃષભ રાશિને સૂર્ય નવમે આવે છે જે ભાગ્યોદયની તક અને ઉચ્ચ અભ્યાસ આપે છે જયારે મિથુનના જાતકોને આ માસ પરિવર્તન વાળો જણાય છે અને ક્યાંક પોતાની વાત ના માનવામાં આવતી હોય તેવો વસવસો પણ આપે છે તો કર્કના મિત્રોએ આ સમયમાં દામ્પત્યજીવનમાં અને ભાગીદારીમાં શાંતિથી આગળ વધવું પડે જયારે સિંહના મિત્રોએ રોગ ઋણ અને શત્રુ બાબતે કાળજી લેવી પડે તો કન્યા રાશિના મિત્રો લાઈમ લાઈટમાં આવતા જોવા મળે અને તેમના કાર્યની સરાહના થાય. તુલના મિત્રો ઘર પરિવાર અને વાહન સુખ માણી શકે છે. વૃશ્ચિક રાશિના મિત્રો તેમનું કૌશલ્ય બતાવી શકે અને ભાઈ ભાંડુ મિત્રો માટે કામ કરી શકે તો ધન રાશિના જાતકો આર્થિક આયોજન કરી શકે છે જયારે મકર રાશિના જાતકો તેમના વ્યક્તિત્વનો વિકાસ કરી શકે છે જયારે કુંભ રાશિના મિત્રોને અચાનક ખર્ચ આવી જાય જયારે મીન રાશિના જાતકો આવકમાં વૃદ્ધિ નોંધી શકે અને જાહેરજીવનમાં આગળ વધતા જોવા મળે.

## અબતક પંચાગ

### તા.૫-૨-૨૦૨૫ બુધવાર

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ શાલીવાહન શકિ: ૧૯૪૬ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ |
| તિથી | મહા શુદ આઠમ દુર્ગાષ્ટમી |
| નક્ષત્ર | ભરણી |
| યોગ | શુકલ કરણઃ વિષ્ટિ |
| સુર્યોદય | ૭.૨૪ સુર્યાસ્તઃ ૬.૩૮ |
| ચંદ્ર રાશી | મેષ બુધવારે રાત્રે ૨.૧૮થી વૃષભ |
| રાશિ અક્ષર | અ.લ.ઈ/બ.વ.ઉ |
| દિશાશૂળ | ઉત્તર દિશા તરફ |
| રાહુકાળ | બપોરે ૧૨ થી ૧.૩૦ |
| દિવસનાચોઘડીયા | લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ |
| રાત્રીનાચોઘડીયા | ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૩૭ થી ૧.૨૩ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૧ | | | | | | |
| ૫ | | | | | | | | ૭ |
| | | | | | | ૮ | ૩ | |
| | | ૮ | | | | ૭ | ૨ | ૬ |
| ૭ | | | | ૨ | | | | |
| | | | | ૪ | ૧ | | | |
| ૨ | ૯ | | ૩ | | | | | |
| | | ૩ | | ૫ | | | | ૮ |
| | | | | | | ૧ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૭૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૪ | ૬ | ૧ | ૩ | ૨ | ૫ | ૭ | ૯ |
| ૫ | ૧ | ૯ | ૮ | ૭ | ૪ | ૩ | ૬ | ૨ |
| ૭ | ૩ | ૨ | ૫ | ૯ | ૬ | ૧ | ૪ | ૮ |
| ૩ | ૬ | ૪ | ૭ | ૧ | ૯ | ૨ | ૮ | ૫ |
| ૨ | ૮ | ૫ | ૪ | ૬ | ૩ | ૭ | ૯ | ૧ |
| ૧ | ૯ | ૭ | ૨ | ૬ | ૩ | ૬ | ૩ | ૪ |
| ૯ | ૭ | ૮ | ૬ | ૫ | ૧ | ૪ | ૨ | ૩ |
| ૬ | ૨ | ૧ | ૩ | ૪ | ૮ | ૯ | ૫ | ૭ |
| ૪ | ૫ | ૩ | ૯ | ૨ | ૭ | ૮ | ૧ | ૬ |

# રાજકોટ માર્કેટ યાર્ડ

### શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૩૦૭ | ૨૦૦ | ૭૦૦ |
| બટેટા | ૨૭૬૦ | ૨૦૦ | ૩૫૧ |
| ડુંગળી સુકી | ૪૭૦૦ | ૧૩૫ | ૪૧૦ |
| ટમેટા | ૧૮૯ | ૫૦ | ૧૦૦ |
| સુરણ | ૧૦૩ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૭૮૫ | ૫૦ | ૧૦૦ |
| સકરીયા | ૧૭ | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૮૯ | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૪૧૦ | ૨૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૯૨૦ | ૪૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૫૯૫ | ૧૦૦ | ૧૭૦ |
| ભીંડો | ૫૦૪ | ૭૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૪૦૩ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૨૪૫ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૨૧૦ | ૨૦૦ | ૩૦૦ |
| ટીંડોળા | ૧૮૪ | ૪૦૦ | ૮૦૦ |
| દુધી | ૫૧૦ | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૨૫૭ | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૪૫ | ૪૦૦ | ૧૧૫૦ |
| તુરીયા | ૨૩૦ | ૫૦૦ | ૭૦૦ |
| પરવર | ૩૨ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| કાકડી | ૪૫૦ | ૬૦૦ | ૮૦૦ |
| ગાજર | ૫૫૪ | ૨૦૦ | ૪૦૦ |
| વટાણા | ૬૩૦ | ૪૦૦ | ૬૦૦ |
| તુવેરસીંગ | ૨૯૮ | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૭૮ | ૪૦૦ | ૬૫૦ |
| બીટ | ૨૬૦ | ૧૭૦ | ૨૫૦ |
| મેથી | ૪૯૦ | ૧૦૦ | ૧૫૦ |
| વાલ | ૨૦૯ | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૮૪ | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૩૧૦ | ૬૦૦ | ૭૫૦ |
| ચણા લીલા | ૪૫૦ | ૧૨૦ | ૩૩૦ |
| મરચા લીલા | ૩૭૪ | ૨૦૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૫૧ | ૪૦૦ | ૬૫૦ |
| લસણ લીલું | ૧૪૨ | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઈ લીલી | ૩૬૦ | ૨૨૦ | ૩૨૦ |

### અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૮૫૦ | ૧૩૦૫ | ૧૪૮૪ |
| ઘઉં લોકવન | ૧૧૦ | ૫૭૫ | ૬૨૨ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૫૯ | ૬૫૬ |
| જુવાર સફેદ | ૧૬૦ | ૮૩૦ | ૧૦૦૦ |
| જુવાર લાલ | ૨૦ | ૭૦૦ | ૧૦૦૦ |
| જુવાર પીળી | ૫ | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૨ | ૪૫૦ | ૪૫૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૨૦૦ | ૧૪૯૦ |
| ચણા પીળા | ૨૦૦ | ૯૫૦ | ૧૧૩૫ |
| ચણા સફેદ | ૧૨૦ | ૧૪૦૦ | ૨૧૪૦ |
| અડદ | ૯૦ | ૧૧૦૦ | ૧૫૯૫ |
| મગ | ૩૫૦ | ૧૦૩૪ | ૧૭૭૮ |
| વાલ દેશી | ૧૮૦ | ૭૫૦ | ૧૧૦૦ |
| ચોળી | ૩૦ | ૧૬૦૦ | ૨૭૦૦ |
| મઠ | ૧૦૦ | ૭૧૧ | ૧૨૮૧ |
| કળથી | ૧૮ | ૭૫૦ | ૮૫૦ |
| મગફળી જાડી | ૦ | ૯૨૦ | ૧૧૦૦ |
| મગફળી જીણી | ૦ | ૯૫૦ | ૧૨૨૦ |
| તલી | ૪૦૦ | ૧૮૦૦ | ૨૦૯૯ |
| એરંડા | ૨૦૦ | ૧૧૦૦ | ૧૨૨૩ |
| અજમો | ૩૦ | ૧૮૫૧ | ૨૪૦૦ |
| સોયાબીન | ૪૦૦ | ૭૭૦ | ૮૦૪ |
| સીંગફાડા | ૭૦૦ | ૧૦૨૫ | ૧૨૬૨ |
| કાળા તલ | ૫૫ | ૩૮૦૦ | ૫૧૪૦ |
| લસણ | ૩૮૦ | ૯૫૦ | ૧૬૦૦ |
| ધાણા | ૧૫૦ | ૧૨૨૦ | ૧૫૪૦ |
| મરચા સુકા | ૬૦૦ | ૮૦૦ | ૨૨૦૦ |
| ધાણી | ૧૦૦ | ૧૨૬૦ | ૧૫૭૫ |
| વરીયાળી | ૪૫ | ૧૨૧૧ | ૧૩૦૦ |
| જીરૂ | ૩૦૦ | ૩૪૨૫ | ૪૦૦૦ |
| રાય | ૩૦ | ૧૦૦૦ | ૧૨૯૦ |
| મેથી | ૧૦ | ૧૦૦૦ | ૧૨૭૦ |
| રાયડો | ૫ | ૮૫૦ | ૧૦૮૦ |
| રજકાનું બી | ૩ | ૩૫૦૦ | ૩૬૦૦ |
| ગુવારનું બી | ૫૦ | ૯૫૦ | ૧૦૦૦ |

# કામ થતા ન હોવાની કોર્પોરેટરોની ફરિયાદ બાદ મેયર જાગ્યાં: ઝોન વાઇઝ રિવ્યૂ બેઠક

## સેન્ટ્રલ ઝોન કચેરી હેઠળ આવતા ૬ વોર્ડની રિવ્યૂ બેઠકમાં કોર્પોરેટરોની ફરિયાદ સાંભળી અધિકારીઓને સત્વરે કામ પૂરા કરવા અપાઈ કડક સૂચના





**અબતક, રાજકોટ**

કોર્પોરેશનના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓના વોર્ડના કામો થતા નથી. અધિકારીઓ ગાઠતા નથી તેવી વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે. સંકલન બેઠકમાં પણ આ અંગે કોર્પોરેટરોએ બળાપો ઠાલવ્યો હતો. જેના પગલે હવે મેયરની ઉંઘ ઉડી હોય તેવું લાગી રહ્યું છે. ગઈકાલે સેન્ટ્રલ ઝોન કચેરી હેઠળ આવતા ૬ વોર્ડની રિવ્યૂ બેઠક યોજવામાં આવી હતી. જેમાં જનપ્રતિનિધિઓના પ્રશ્નોને સાંભળવામાં આવ્યા હતા. અધિકારીઓને તાત્કાલીક અસરથી પ્રશ્નનો નિકાલ કરવા પણ કડક તાકીદ કરવામાં આવી હતી.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા દ્વારા પદાધિકારીઓ તથા શહેર ભાજપ પ્રમુખની ઉપસ્થિતિમાં વોર્ડના સ્થાનિક સંકલનના પ્રશ્નો, રજુઆતો, પ્રગતિ હેઠળના કામો, નવા કામો તેમજ અન્ય બાબતો અંગે સંકલન કરી કામો ઝડપથી પૂર્ણ કરી શકાય અને સંકલનના પ્રશ્નોનું સત્વરે નિરાકરણ કરી શકાય તે હેતુસર ઝોન વાઈઝ મિટીંગ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગઈકાલે સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૨, ૩, ૭, ૧૩, ૧૪, ૧૭ કુલ-૬ વોર્ડના કોર્પોરેટરો, અધિકારીઓની બેઠક યોજાઈ હતી.

બેઠકમાં વોર્ડના સ્થાનિક સંકલનના પ્રશ્નો, રજુઆતો, પ્રગતિ હેઠળના કામો, નવા કામો તેમજ અન્ય બાબતો અંગે સંકલન કરી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. વોર્ડ વાઈઝ સફાઈ, ન્યુસન્સ પોઈન્ટની સફાઈ, વરસાદી પાણી જમા થવાની સમસ્યા, પાણી વિતરણ પુરતા ફોર્સથી કરવું, ડી.આઈ.નાં કામોની સાથે ડામર રી-કાર્પેટ કરવું, ડ્રેનેજ સફાઈનો કચરો સત્વરે નિકાલ કરવો, સફાઈ કર્મચારીઓનો વિસ્તાર વાઈઝ રી-સર્વે કરવો, ગાર્ડન તથા રોડ ડિવાઈડરની સફાઈ, ગાર્ડનમાં આવેલ કસરતના સાધનોના સમારકામ, વોર્ડ વાઈઝ પ્રગતિ હેઠળના કામો સત્વરે અને સમયમર્યાદામાં પૂર્ણ કરવા, શહેરમાં બિનજરૂરી બેનર દૂર કરવા, ટાઉન પ્લાનિંગ શાખાએ ગેરકાયદેસર બાંધકામ અંગે અપાયેલ નોટિસો અંગે આગળની કાર્યવાહી કરવી, ફાયર સેફ્ટી અંગે જનજાગૃતિ કાર્યક્રમો કરવા, શહેરમાં મચ્છર અને મચ્છીના ઉપદ્રવ અંગે જાહેર માર્ગો પર ફોગીંગ અને દવા છંટકાવ, રેસકોર્ષ સ્નાનાગાર સમારકામ સત્વરે પૂર્ણ કરવું, કોમ્યુનીટી હોલમાં ફાયર સેફ્ટીના કામો સત્વરે પૂર્ણ કરવા વગેરે બાબતો સંબંધી પદાધિકારીઓએ રીવ્યું કરવામાં આવ્યું અને લગત અધિકારીઓને કામગીરી સત્વરે હાથ ધરવા સૂચના આપવામાં આવી હતી.

આ મિટીંગમાં મેયર નયનાબેન પેઢડીયા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, કોર્પોરેટર વર્ષાબેન પાંધી, જયશ્રીબેન ચાવડા, વર્ષાબેન રાણપરા, કુસુમબેન ટેકવાણી, અલ્પાબેન દવે, જયાબેન ડાંગર, સોનલબેન સેલારા, નિલેશભાઈ જલુ, નાયબ કમિશનર હર્ષદ પટેલ, ટાઉન પ્લાનિંગ ઓફિસર એસ.એમ.પંડ્યા, પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકી, ડાયરેક્ટર પાર્કસ એન્ડ ગાર્ડન ભાવેશ જાકાસણીયા, ચીફ ફાયર ઓફિસર અમિત દવે, વોર્ડ નં.૨, ૩, ૭, ૧૩, ૧૪, ૧૭ના વોર્ડ એન્જીનિયર, એ.ટી.પી., નાયબ કાર્યપાલક ઈજનેર રોશની, વોર્ડ ઓફિસર, સેનેટરી ઈન્સ્પેક્ટર, ફાયર વિભાગના સ્ટેશન ઓફિસર, દબાણ હટાવ અધિકારી, ગાર્ડન સુપરવાઈઝર વગેરે ઉપસ્થિત રહેલ હતા.

---

**ચલો મહાકુંભ ચલે**

# રાજકોટથી પ્રયાગરાજ સુધી વોલ્વો બસ સેવાનો મંગલારંભ

## મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળાએ બસને ઝંડી આપી: મુસાફરોને પુષ્પગુચ્છ અર્પણ કરીને યાત્રા આરામદાયક અને સફળ રહે તેવી શુભેચ્છા પાઠવી







**અબતક, રાજકોટ**

શ્રદ્ધાળુઓને ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ ખાતે મહાકુંભ મેળામાં જવાની સુવિધા આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા નવીન વોલ્વો બસ સેવા શરૂ કરવા આવી છે. આજે મેયર નયનાબેન પેઢડીયા તેમજ ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળા દ્વારા રાજકોટથી પ્રયાગરાજની ખાસ પેકેજ બસનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કર્યા બાદ લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

મેયર તથા ધારાસભ્યોએ મુસાફરોને પુષ્પગુચ્છ આપી અને મોઢું મીઠું કરાવીને યાત્રા આરામદાયક અને સફળ રહે, તેવી શુભેચ્છા પાઠવી હતી. આ તકે રાજકોટ એસ.ટી.ના વિભાગીય નિયામક જે. બી. કલોતરા અને વહીવટી અધિકારી ધવલભાઈ વાઘેલા સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. રાજકોટ-પ્રયાગરાજ-રાજકોટની મુસાફરી માટે કુલ ૬ બસ ફાળવવામાં આવી છે. રાજકોટથી દરરોજ એક બસ સવારે ૫ કલાકે ઉપડશે અને બીજે દિવસે સાંજે ૭ કલાકે પ્રયાગરાજ ખાતે પહોંચશે. એ પછીના દિવસે બપોરે ૧ કલાકે બસ પ્રયાગરાજથી નીકળશે અને બીજે દિવસે રાત્રે ૨ કલાકે બસ રાજકોટ પહોંચશે. પેકેજ બસના મુસાફરો માટે પ્રથમ અને ત્રીજી રાત્રે રહેવાની વ્યવસ્થા બારણ (મધ્યપ્રદેશ બોર્ડર) મુકામે કરવામાં આવી છે. યાત્રિકોએ પ્રયાગરાજ મુકામે રહેવાની વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે. બસનું વ્યકિતદીઠ પેકેજ ભાડું રૂ. ૮,૮૦૦ છે. આ બસનું ઓનલાઈન બુકિંગ એસ.ટી. નિગમની વેબસાઈટ www.gsrtc.in પરથી કરી શકાશે.

### બસ સેવાનો લાભ લઈને ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી ધન્યતાની અનુભૂતિ કરી શકીશું: મહિપાલસિંહ ગોહિલ



અનેક ભક્તો ૧૪૪ વર્ષે યોજાતા મહાકુંભ મેળામાં જવા તત્પર છે. લાખો લોકોની ભીડના લીધે રહેવા-જમવાની વ્યવસ્થા કરવી મુશ્કેલ છે. ત્યારે સરકારે મેળામાં આવવા-જવાની સગવડતા કરી આપી છે. રાજકોટથી પ્રથમ બસમાં મને માતા સાથે પ્રયાગરાજ ખાતે મહાકુંભ મેળામાં જવાનો મોકો મળ્યો છે. આ બસ સેવાનો લાભ લઈને ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી ધન્યતાની અનુભૂતિ કરી શકીશું. જેના બદલ અમે ગુજરાત સરકાર પ્રત્યે આભાર વ્યક્ત કરીએ છીએ.

### સરકાર બસ સેવાનું આયોજન કરીને પુણ્ય કાર્યમાં સહભાગી થઈ રહી છે: શીતલબેન જોશી




મહાકુંભ મેળો શરુ થયો ત્યારથી તેનો લાભ લેવાની ખૂબ ઈચ્છા હતી. પરંતુ કઈ રીતે ત્યાં પહોંચવું, તેની ચિંતા હતી. તેવામાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ તથા વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ પ્રયાગરાજ જવા સરસ મજાની બસ સેવા ફાળવતા હાશકારો થયો. જેથી હવે આ બસમાં પતિ શ્રી ચેતનભાઈ, દીકરી શ્રી જાનવીબેન અને સાસ કિરણબેન, એમ પરિજનો સાથે મહાકુંભ મેળામાં જઈ રહી છું, તે વાતનો આનંદ છે. ગુજરાત સરકાર બસ સેવાનું આયોજન કરીને પુણ્ય કાર્યમાં સહભાગી થઈ રહી છે, ખૂબ ખૂબ આભાર.

---

# આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટીવલમાં સ્કાય એનિમેશન ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓ 'ચમકયાં'

## 'અબતક' સાથેની મુલાકાતમાં આપી સમગ્ર માહિતી



તસવીર: શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

ચંબલ ફિલ્મ ફેસ્ટિવલ સીઝન ૮,૨૦૨૫ માં રાજકોટ ગુજરાતના સ્કાય એનિમેશન ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે એક ઈન્ટરનેશનઅલ ફિલ્મ ફિસ્ટિવલ 'અબતક' સાથેની મુલાકાતમાં હર્ષ પટેલ, જીયા પરમાર, ધ્રુવી ટોલીયા, મહેક જોશી, પલક તારપરા, આદિત્ય ચાવડા, પરાગ ચૌહાણ, હેત ચુડાસમા, કેવલ ભરડવા, કૈવલ્ય જાની મોનિકા સોની (મેડમ) એ વધુ વિગત આપી. હતી.

જેમાં ૨૦૨૫માં ટોટલ ૧૧૦૪ ફિલ્મ સબમિટ હતા જેમાં ટોટલ ૯૩ દેશ પરથી આવેલા હતા. જેમાં નોમિનેશનમાં ટોટલ ૨૨૫ મુવિ સિલેકટ હતા. સ્કાય એનિમેશન ઈન્સ્ટીટ્યુટ પરથી ટોટલ ૧૦ મૂવી સબમિટ થયેલ હતા. જેમાં થી ૧૦ મુવી નોમિનેશનમાં સિલેકટ થયેલા હતા જેમાં થી ૨ મૂવીને (આફ્રો ઈન્ડીઅનડસ અને વર્ડ) ને એવોર્ડ મડેલો હતો. જેમાં ૧૮ ગ્રાફિ એન્ડ ૩ડી વર્ક નોમિનેશનમાં આવેલા હતા. એન્ડ ૪ ગ્રાફિક એન્ડ ૩ડી વર્કને એવોર્ડ મળ્યા હતા.



જે અંતર્ગત નોમિનેટેડ શોર્ટ ફિલ્ડમાં આફ્રો ઈન્ડિયન જેનીલ પંડયા, ચાઈસ ઈસ હિમાંશુ ઠુમ્મર, એહસાસ શોભિત બગગઈયા, હર ફર્સ્ટ હીરો ધ્રુવ ગોસ્વામી, આઈપીસી સેકશન ૪૨૦ હિમાંશુ ગોસ્વામી, સાઈલેન્ટ બોન્ડ કૈવલ્ય જાની, ધ લાસ્ટ કોલ શોભિત બગગઈયા, સાયલેંટ રીબીમહર્ષ

(અનુ. આઠમા પાને)

### અનસેડ વર્લ્ડ શોર્ટ ફિલ્મમાં પિતા-પુત્રીની અદભુત કહાની: ડાયરેક્ટર ધ્રુવી ટોલીયા

અબતક સાથેની વાતચીતમાં અનસાઈડ વર્લ્ડ ના ડાયરેક્ટર ધ્રુવી ટોલિયાએ જણાવ્યું હતું આ ફિલ્મમાં સંઘર્ષ આધારિત સ્ટોરી દર્શાવવામાં આવી છે આ ઉપરાંત આ શોર્ટ ફિલ્મ એક ટીનેજર ગર્લ અને તેના પિતાના પ્રેમભર્યા રીક્ષા સંબંધ પર આધારિત છે તેના પિતા રીક્ષા ચલાવીને ગુજરાન ચલાવી રહ્યા હોય છે તેઓ સંઘર્ષ કરીને દીકરીની ઈચ્છાઓ પરિપૂર્ણ કરે છે લાગણીશીલ ફિલ્મ છે જે ચંબલ ફિલ્મ ફેસ્ટિવલ સિઝન આઠમાં વિજેતા બની છે.

---

# ગોપાલગ્રામમાં ધીરગુરૂદેવની નિશ્રામાં વિમલ વૈયાવચ્ચ ભવનનું ઉદ્દ્ઘાટન




**અબતક, રાજકોટ**


શ્રી વર્ધમાન વૈવાવચ્ચ કેન્દ્ર નવ નિમિર્ત અને ગોપાલગ્રામ સ્થાનકવાસી જૈન સંઘ સંચાલિત વિમલ વૈયાવચ્ચ ભવનનું નવનિર્માણ ધીરગુરુદેવના અનુગ્રહથી સ્વ. ચંપાબેન ધીરજલાલ ભાઈચંદ મગીયા પરિવારે સ્વદ્રવ્યથી પૂ. વિમળાબાઈ મ.સ.ની સ્મૃતિમાં કરાવેલ છે. નિર્માણમાં રાજુભાઈ અને સમીરભાઈ ઝાટકીયાની સેવા અનુમોદનીય છે. આગામી ૮ માર્ચના સાવરકુંડલામાં ધીરજલાલ ભાઈચંદ મગીયા પ્રેરિત ઉપાશ્રય મહાજનવાડીનું સુશોભન કાર્ય પૂર્ણ થતા અર્પણ વિધી અને સંઘ જમણ પૂ. ધીરગુરુદેવના સાનિધ્યે યોજાશે. ૩૬ વર્ષે ગુરુદેવ સાવરકુંડલા પધારશે. તાજેતરમાં પ્રમુખ રાજુભાઈ દોશી વગેરેએ વિનંતી કરેલ. ૯ માર્ચના ગોપાલગ્રામમાં ઉદઘાટન કાર્યક્રમ યોજાશે.

---

**વિકાસની ગાડી પુરપાટ દોડાવનારા**

# ગુજરાત વીજ પુરવઠામાં મોખરે: ૪ વર્ષમાં ૨૮ ટકાનો વધારો

## દેશના ૨૦૩૧-૩૨ના વીજ પુરવઠા ૯૦૦ ગીગાવોટના લક્ષ્યમાં ગુજરાતની ભાગીદારી અસરકારક હશે



**અબતક, રાજકોટ**

ગુજરાતમા વિકાસની ગાડી પુરપાટ દોડી રહી છે. રાજ્યમાં વિજ પુરવઠાનું ઉત્પાદન પણ રોકેટ ઝડપે વધી રહ્યું છે. ચાર વર્ષમાં રાજ્યમાં વિજ પુરવઠો ૨૮ ટકા વધાર્યો દેશના ૯૦૦ ગીગાવોટ વિજ પુરવઠાના લક્ષ્યમાં ગુજરાતની ભાગીદારી અસરકારક બનશે

ગુજરાતમાં છેલ્લા ચાર વર્ષમાં વીજ પુરવઠામાં વધારો જોવા મળ્યો છે કારણ કે રાજ્યમાં વીજ પુરવઠો નાણાકીય વર્ષ ૨૦૨૦માં ૧,૧૩,૯૩૯ મિલિયન યુનિટથી ૨૮% વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૧,૪૫,૭૪૦ મિલિયન યુનિટ થયો છે. આ ઉપરાંત, નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ નવ મહિનામાં રાજ્યનો વીજ પુરવઠો ૧,૧૩,૬૯૭ મિલિયન યુનિટને સ્પર્શી ગયો છે. સરકાર ૨૦૩૧-૩૨માં તમામ સ્ત્રોતોમાંથી ભારતની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતાને 900 GW સુધી લઈ જવાની પણ યોજના ધરાવે છે. કેન્દ્રીય ઊર્જા રાજ્ય મંત્રી શ્રી શ્રીપદ નાઈકે ફેબ્રુઆરી ૩, ૨૦૨૫ના રોજ રાજ્યસભા સાંસદ શ્રી પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નના જવાબમાં આ માહિતી ઉપલબ્ધ બનાવી હતી.

સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં દેશને વીજળીની ખાધમાંથી પર્યાપ્ત વીજળી ધરાવતાં દેશમાં પરિવર્તિત કર્યો છે. દેશની વર્તમાન સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૪,૬૨,૦૬૫ મેગાવોટ છે. મંત્રીશ્રીના જણાવ્યા અનુસાર એપ્રિલ ૨૦૧૪થી ૨,૩૦,૦૫૦ મેગાવોટ ઉત્પાદન ક્ષમતા ઉમેરીને ભારત સરકારે વીજળીની ઉણપના નિર્ણાયિક મુદ્દાને ઉકેલ્યો છે.

૨૦૩૧-૩૨માં સ્થાપિત ઉત્પાદન ક્ષમતા ૯૦૦ ગીગાવોટ થવાની સંભાવના છે જેમાં પરંપરાગત સ્ત્રોતો- કોલસો, લિગ્નાઈટ વગેરે, બિનપરંપરાગત સ્ત્રોતો- સૌર, પવન, હાઈડ્રો, પમ્પ સ્ટોરેજ પ્રોજેક્ટ (પીએસપી) અને બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (બીઈએસએસ)નો સમાવેશ થાય છે. તેમણે એમ પણ જણાવ્યું કે, ઊર્જા મંત્રાલયે રાજ્યો સાથે પરામર્શ કરીને ૨૦૩૧-૩૨ સુધીમાં ઓછામાં ઓછી ૮૦,૦૦૦ મેગાવોટની થર્મલ પાવર ક્ષમતા ઉમેરવાની યોજનાની કલ્પના કરી છે. આ લક્ષ્યાંક સામે ૨૮,૦૨૦ મેગાવોટ થર્મલ પાવર ક્ષમતા પહેલેથી જ નિર્માણાધીન છે અને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૯,૨૦૦ મેગાવોટ થર્મલ પાવર ક્ષમતા માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા છે, એમ જણાવી મંત્રીએ ઉમેર્યું હતું કે વધુમાં ૩૬,૩૨૦ મેગાવોટ કોલસો અને લિગ્નાઈટ આધારિત ઉત્પાદન ક્ષમતા તૈયાર કરવાનું આયોજન છે, જે દેશમાં આયોજનના વિવિધ તબક્કામાં છે.

તેમણે એમ પણ કહ્યું કે ૧૩,૯૯૭.૫ મેગાવોટના હાઈડ્રો ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ્સ અને ૮,૦૦૦ મેગાવોટના પમ્પ્ડ સ્ટોરેજ પ્રોજેક્ટ્સ (પીએસપી) નિર્માણાધીન છે. ૨૪,૨૨૫.૫ મેગાવોટના હાઈડ્રો-ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ અને ૫૦,૭૬૦ મેગાવોટ પીએસપી યોજનાના પ્રોજેક્ટ વિવિધ તબક્કા હેઠળ છે અને ૨૦૩૧-૩૨ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે, એમ પણ તેમણે ઉમેર્યું હતું. મંત્રીએ એવી પણ માહિતી આપી હતી કે ૭,૩૦૦ મેગાવોટ પરમાણુ વીજ ક્ષમતા નિર્માણાધીન છે અને ૨૦૨૯-૩૦ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. ૭,૦૦૦ મેગાવોટ યોજના આયોજન અને મંજૂરીના વિવિધ તબક્કાઓ હેઠળ છે.

ન્યૂ એન્ડ રિન્યૂએબલ એનર્જી મિનિસ્ટ્રીએ (MNRE) નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪થી ૨૦૨૭-૨૮ સુધી રિન્યુએબલ એનર્જી અમલીકરણ એજન્સીઓ થકી ૫૦ ગીગાવોટ/વાર્ષિક રિન્યૂએબલ એનર્જીર્નો વીજ પુરવઠો પ્રાપ્ત કરવા માટેની બિડ મંગાવવાની પ્રક્રિયા ચાલુ છે અને ઓટોમેટિક રૂટ હેઠળ ૧૦૦% સીધા વિદેશી મૂડીરોકાણની મંજૂરી પણ આપવામાં આવી છે. ટ્રાન્સમિશન પ્લાનિંગ વિશે વાત કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે નેશનલ ઈલેક્ટ્રિસિટી પ્લાન મુજબ ૨૦૨૨-૨૩ થી ૨૦૩૧-૩૨ સુધીના દસ વર્ષના સમયગાળા દરમિયાન લગભગ ૧,૯૧,૪૭૪ સીકેએમ ટ્રાન્સમિશન લાઈન અને ૧૨૭૪ જીવીએ ટ્રાન્સફોર્મેશન ક્ષમતા (૨૨૦ કેવી અને તેનાથી ઉપરના વોલ્ટેજ સ્તરે) ઉમેરાશે.

રોટરી ક્લબના ઉપક્રમે

# સરકારી શાળાઓનાં ભૂલકાઓને ''ટેલેન્ટ'' પ્લેટફોર્મ આપતી ક્રાઈસ્ટ કોલેજ

## તમામ સરકારી શાળાઓનાં ધો.૫થી ૮ના વિદ્યાર્થીઓએ બતાવ્યું 'ટેલેન્ટ'



**અબતક, રાજકોટ**

રાજકોટમાં શૈક્ષણિક ક્ષેત્રે છેલ્લા ૨૫ વર્ષ થી વિદ્યાર્થીઓમાં અપાર લોક ચાહના ધરાવતી ક્રાયસ્ટ કોલેજમાં ચાલતા રોટરેટ કલબ અને રોટરી કલબ ઓફ રાજકોટ મિડ-ટાઉન ના સંયુકત પ્રયાસો દ્વારા પ્રમુખસ્વામી ઓડિટોરિયમ માં રાજકોટની તમામ સરકારી શાળાઓના ધોરણ પાંચ થી આઠ ના વિદ્યાર્થીઓ માટે ટેલેન્ટ શો નું આયોજન કરવામાં આવેલ હતું. આ ટેલેન્ટ શો માં કુલ ત્રણ પ્રકારની સ્પર્ધાઓ રાખવામાં આવેલ હતી જેમાં નૃત્ય, ગાયન અને વેશભૂષા નો સમાવેશ થયેલ હતો. . સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને શહેરની પ્રતિષ્ઠિત જગ્યાએ પોતાનું કૌશલ્ય દર્શાવવાની તક મળે એવા ઉમદા હેતુથી આ શોનું આયોજન કરવામાં આવેલ હતું. કુલ ૩૦થી વધારે શાળાઓમાંથી ૪૭૫ થી વધુ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

નાના ભૂલકાઓએ પોતાનું કૌશલ્ય તેમજ ઉત્સાહ દર્શાવીને આ સંપૂર્ણ આયોજનને યાદગાર બનાવેલ હતું. આમ રોટરેટ કલબની ટીમ દ્વારા એક અલગ જ પ્રકારના વિચારને અમલમાં મૂકીને ના ભૂતો ના ભવિષ્યતિ પ્રકારનો ટેલેન્ટ શો યોજવામાં આવેલ હતો, જેમાં સમગ્ર પ્રમુખસ્વામી ઓડિટોરિયમ વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓના વાલીઓથી ઉભરાઈ ગયેલ હતું. આ સંપૂર્ણ કાર્યક્રમ ક્રાઈસ્ટ કેમ્પસ ડિરેક્ટર ફાધર ડોક્ટર જોમોન થોમ્મના ના માર્ગદર્શન તેમજ કોલેજના આચાર્ય ડોક્ટર ઈવોન ફર્નાન્ડિસ ના સાથસહકારથી કરવામાં આવેલ હતો. સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવવા માટે બે મહિનાથી વધુ સમયથી પણ કલબના કોઓર્ડીનેટર ડોક્ટર ગૌરવ વોરા એનિમેટર મૈત્રી મહેતા તેમજ વિદ્યાર્થી વિભાગના પ્રમુખ નિકુંજ ચૌહાણ ની સમગ્ર ટીમ દ્વારા અવિરત પ્રયાસો કરવામાં આવેલ હતા, જેમાં રોટરી કલબ ઓફ રાજકોટ મિડ- ટાઉન ની ટીમનો પણ અદભુત સહકાર મળેલ હતો.

### ૩૨ સરકારી શાળાના ૪૭૫ બાળકોએ મુસ્કાન કાર્યક્રમમાં પરફોર્મ કર્યું: ડો. ગૌરવ વોરા



ક્રાઈસ્ટ કોલેજના રોટરે કલબના કોર્ડીનેટર ડોક્ટર ગૌરવ વોરા એ અબતક મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ક્રાઈસ્ટ કોલેજ ના રોટરી કલબ તેમજ રોટરી કલબ રાજકોટ મીડ ટાઉન દ્વારા '' મુસ્કાન લેટ્સ સ્પ્રેડ હેપીનેસ '' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નાના નાના અને ગરીબ બાળકોના મોઢા ઉપર સ્માઈલ આવે તે માટેનું કાર્ય થઈ રહ્યું છે ત્યારે આ કાર્યક્રમનું નામ મુસ્કાન રાખવામાં આવ્યું છે. પ્રાઈવેટ શાળાના જ વિદ્યાર્થીઓને પ્લેટફોર્મ મળતું હોય છે ત્યારે અમે સરકારી શાળાઓના ધોરણ પાંચ થી આઠના વિદ્યાર્થીઓ માટે પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે જેથી બાળકો તેની અંદર રહેલું કૌશલ્ય દર્શાવી શકે. સરકારી ૩૨૩૦ માંથી ૪૭૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

### આનંદની સાથે ભણતરને પણ ધ્યાને રાખીને બાળકોએ પર્ફોર્મ કર્યું : ખુશી રોજારા



ક્રાઈસ્ટ કોલેજના રોટરેકટ ના સેક્રેટરી ખુશી રોજારાએ અબતક મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મુસ્કાન લેટ્સ સ્પ્રેડ હેપીનેસ કરવા પાછળનો હેતુ એ જ છે કે ગવર્મેન્ટ શાળા છે તેને મંચ મળે અને પોતાની અંદર રહેલી કલાને બહાર લાવી શકે .સરકારી શાળાના વિદ્યાર્થીઓ સ્કૂલ લેવલે જ પર્ફોર્મ કરી શકતા હોય છે ત્યારે અમે શહેર લેવલે સ્ટેજ તે બાળકોને મળી રહે તે માટે પ્રયત્ન કર્યો છે. જેથી બાળકો ને સ્ટેજ મળે અને તે સ્ટેટ લેવલે પણ બાળકો પરફોર્મ કરી શકે. બાળકોના મોઢા પર સ્મિત આવે તે માટે અમે કાર્યક્રમનું નામ મુસ્કાન રાખ્યું છે. ડાન્સ ,ગાયન અને વેશભૂષા નું આયોજન રાખવામાં આવ્યું છે અહીં આનંદની સાથે ભણતરને પણ ધ્યાન રાખીને બાળકોએ પરફોર્મ કર્યું હતું.


### બાળકો માટે ડાન્સિંગ સિંગિંગ તથા વેશભૂષાનું આયોજનઃ નિકુંજ ચૌહાણ



રોટ્રેક્ટ કલબ કોલેજના પ્રેસિડેન્ટ નિકુંજ ચૌહાણ એ અબતક વીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે અમારું કલબ રોટ્રેકટ કલબ ક્રાઈસ્ટ કોલેજ તથા રોટરી કલબના સંયુકત ઉપક્રમે મુસ્કાન લેટ સ્પ્રેડ હેપીનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં રાજકોટ શહેરની તમામ સરકારી શાળાઓ માટે ડાન્સિંગ સિંગિંગ તથા વેશભૂષા નું આયોજન કરવામાં આવ્યું છે.

# વસંત રાગ વસંતની બંદિર ગીત પર સંગીત પ્રેમીઓ ઝુમી ઉઠયાં

## સુરશ્રી સાંસ્કૃતિક ચેરી. ટ્રસ્ટના વસંતના વધામણા કાર્યક્રમ યોજાયો



**અબતક, રાજકોટ**

કલાપ્રેમી નગર રાજકોટમાં સંગીતના વિદ્યાર્થીઓને સંગીતનું ગુણવત્તા સભર શિક્ષણ આપતી સંસ્થા સુર સંગીતાલય, રાજકોટ સાંસ્કૃતિક પ્રવૃતિઓની અગ્રીમ સંસ્થા સુરશ્રી સાંસ્કૃતિક ચેરીટેબલ ટ્રસ્ટ અને અધરવેણુ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે વસંત પંચમી ના શુભ અવસરે વસંત ના વધામણા શીર્ષક હેઠળ સરસ્વતિ પુજન અન સંગીત કાર્યક્રમનું આયોજન વસુંધરા કેનાલ રોડ, રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સુરુ સંગીતાલય અને અધરવેણુ કલાસના વિદ્યાર્થીઓએ સરસ્વતિ પુજન અને પુષ્ટિ માર્ગીય અનુસાર શ્રીનાથજી ના ચિત્રજીને માલા અર્પણ કરી પુષ્પો દ્વારા ભાવપુજન કર્યુ હતું.

સુર સંગીતાલય, રાજકોટના વિદ્યાર્થીઓ કમલ રાજપરા, યશવી પારેખ, ધરવ ઝિંઝુવાડીયા, નંદિની વાગડીયા, રાજુભાઈ કાત્રોડિયા, સુરશ્રી સભ્યો ઘનશ્યામભાઈ રાવલ અને શિવાંગીબેન સરતાનપરાએ સંગીત ગુરુ કીરીટભાઈ રાજપરાના માર્ગદર્શન હેઠળ સરસ્વતિ વંદના, રાગ વસંતની બંદીશ, રાગ વસંત બહાર કાફી અને બાગેશ્રી આધારીત ગુજરાતી સમુહ ગીત રાગ વસંત નું

(અનુ. આઠમા પાને)

મહાત્મા ગાંધી ટ્રસ્ટ ઉપક્રમે

# લાભુભાઈ ત્રિવેદી જન્મ શતાબ્દી ઉજવણીમાં 'મેરા ટેલેન્ટ મેરી પહેચાન' નાટક સ્પર્ધામાં બાળ અદાકારોની કલાના પાથર્યા ઓજસ

## અદભુત અભિયન કરનારો બાલા રાજાઓને કરાયા સન્માન



**અબતક, રાજકોટ**


રાજકોટ મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ લાભુભાઈ ત્રિવેદીના આશીર્વાદથી શિક્ષણ ક્ષેત્રે છેલ્લા ૬૦ વર્ષથી અવિરતપણે કાર્યરત છે. ત્યારે સંસ્થા દ્વારા બાલભવન ખાતે મેરા ટેલેન્ટ મેરી પહેચાન અંતર્ગત તા. ૨-૧-૨૦૨૫ ના રોજ નાટ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ નાટક સ્પર્ધા અંતર્ગત પ્રાથમિક વિભાગનમાં ૯, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૯ તથા કોલેજમાં ૯ નાટયકૃતિઓ પ્રસ્તુત કરવામાં આવેલ હતી.

નાટક સ્પર્ધામાં પ્રાથમિક વિભાગમાં પ્રથમ ક્રમાંકે યહ મોબાઈલ તો હર કર દી (લાલબહાદુર શાસ્ત્રી અંગ્રેજી માધ્યમ પ્રાથ.શાળ), દ્વિતીય ક્રમાંક મહાત્મા ગાંધી એક જીવનની (શ્રી સદગુરુ પ્રાથ. વિદ્યાલય), ફર્સ્ટ લેડી ડોક્ટર આનંદી જોશી (શ્રી કસ્તુરબા વિદ્યા. પ્રામ. શાળા), માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રથમ ક્રમાંક સ્ત્રી સશકિતકરણ સિકકાની બીજી બાજુ (માતૃ મંદિર અંગ્રેજી માધ્યમ હાઈસ્કુલ, દ્વિતીય ક્રમાંક જસ્ટીસ ફોર ગર્લ્સ (શ્રી રમેશભાઈ એમ. છાયા કન્યા વિદ્યાલય), તૃતીય ક્રમાંક સમર્થ ગુરુ (શ્રી રમેશભાઈ એમ. છાયા બોયઝ હાઈસ્કુલ), કોલેજ વિભાગમાં પ્રથમ ક્રમાંક મનુષ્ય વિરૂધ્ધ એ૧ (એમ.જે. કુંડલીયા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ), દ્વિતીય ક્રમાંક મેરા ભારત મહાન (જે.જે.

(અનુ. આઠમા પાને)

મોઢ વણિક મિત્ર મંડળના ઉપક્રમે યોજાયેલા

# શ્રીનાથજીના મંગલ દિવ્ય મનોરથ ગાથાના દર્શન ઝાંખીમાં સજીવન થયો કૃષ્ણ યુગ



**અબતક, રાજકોટ**

તાજેતરમાં રાજકોટ ખાતે મોઢ વણિક મિત્ર મંડળ દ્વારા મોઢ વણિક જ્ઞાતીનો ''શ્રીનાથજી ગાથા'' ના મનોરથના માધ્યમથી શ્રીનાથજી બાવાના વિવિધ પ્રસંગોની ઝાખી કરાવતા જુદા જુદા ૧૧ દર્શનનુ ભવ્ય આયોજન, રાજ શ્રૃંગાર પાર્ટી પ્લોટ પ્રથમ ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર કરવામાં આવેલ.

કાર્યક્રમના પ્રારંભમાં સાંજે ૪ વાગ્યે રાજ શ્રૃંગાર પાર્ટી પ્લોટ પરથી શ્રીનાથજીની વર્ણાગીની નો પ્રારંભ કરેલ હતો જેમાં કળશધારી કુંવારીકા કન્યાઓ, બેન્ડ વાજા ની મધુર ધુન પર નાચતા-કુદતા, ૩૫૧ થી વધુ જ્ઞાતી બંધુ ઉપરણ ખેસ અને ધારણ કરી, શણગારેલી બગીમાં શ્રીનાથજી બાવાને બીરાજમાન કરી,

કાર્યક્રમના દ્રિતીય ચરણમાં સર્વે જ્ઞાતી બધ્ધઓ રાજ શ્રૃંગાર પાર્ટી પ્લોટ પર પોતાનુ આશન ગ્રહણ કર્યા બાદ ધર્મેશભાઈ જીવાણી એ સર્વે જ્ઞાતી બંધુનુ વડે સ્વાગત કરી જુદા જુદા શ્રીનાથજીના દર્શનનો પ્રારંભ કરાવેલ સ્ટેજ ઉપર બંને બાજુ મોટી એલ.ઈ.ડી. સ્ક્રીન ગોઠવવામાં આવેલ જેથી દરેક જ્ઞાતી બધ્ધ ને શુવ્યવસ્થીત દર્શનનો લાભમળે, પ્રથમ શ્રીનાથજીના દર્શનમાં પ્રથમ મિલન દર્શન, મંગળા દર્શન, મહાપ્રભુજી ગુસાઈજી દર્શન, શ્રૃંગાર દર્શન, યમુનાજી દર્શન, નંદ મહોત્સવ, ગોચરણ લીલા દર્શન, દાનલીલા દર્શન, રથયાત્રા દર્શન, મહાપ્રસાદ, હોલીખેલ દર્શન, સહિત ૧૧ વિવિધ ''શ્રીનાથજી ની ગાથા'' જેના પ્રભુપ્રિય મનોરથી પરિવારના સર્વે પરિવાર બંધુમાંથી તરલાબેન રસીકભાઈ મહેતા, અરૂણાબેન નવીનભાઈ પટેલ, હર્ષદાબેન રમેશભાઈ પટેલ, બીન્દુબેન હરકિશનભાઈ મોદી, ભાનુબેન કાંતીલાલ રાઠોડ, રમેશભાઈ ભગવાનલાલ જીવાણી, અશ્વિનભાઈ ચંદુલાલ પટેલ, કિરીટભાઈ ચંદુભાઈ પટેલ, રાજેન્દ્રભાઈ કેશવલાલ ધારૈયા, મનસુખભાઈ કાંતીલાલ પટેલ, જીતુભાઈ મોહનભાઈ અંબાણી, જયશ્રીબેન રમેશભાઈ પટેલ, સ્વ. હંસાબેન જેન્તીલાલ ગાંધી, સ્વ. સરોજબેન નાનાલાલ મુછાળા, કૌશીકભાઈ પ્રતાપભાઈ કલ્યાણી, દિપુભાઈ જેન્તીભાઈ શાહ, સુનીલભાઈ પ્રતાપભાઈ મહેતા, નિરજભાઈ પ્રતાપભાઈ મહેતા, અરવિંદભાઈ રમણીકલાલ શાહ, દિલીપભાઈ મગનલાલ પટેલ, યશભાઈ પંકજભાઈ રાઠોડ, અજયભાઈ મનસુખભાઈ ગઢીયા, ભાગ્યેશભાઈ પ્રફુલભાઈ વોરા, પંકજભાઈ વિનુભાઈ પટેલ, ઘનશ્યામભાઈ લલીતભાઈ શાહ, કૌશલભાઈ હરેશભાઈ જીવાણીએ યોગદાન આપ્યું હતુ.

(અનુ. આઠમા પાને)

# ગૌ સેવા ધર્મ કે શ્રદ્ધા સુધી સિમિત નથી પણ માનવ કલ્યાણની પવિત્ર જવાબદારી છેઃ સાધ્વી ૠતુંભરાદેવી

## જીસીસીઆઈના અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરિયા સાથે દુર્ગાવાહીનીના સાધ્વી ૠતુંભરાદેવીએ કર્યા 'સંવાદ'



**અબતક, રાજકોટ**

ગૌ સેવા શ્રધ્ધા સુધી સિમિત નથી પણ માનવ કલ્યાણની પવિત્ર જવાબદારી છે. વિશ્વ હિન્દુ પરિષદના સાધ્વી ૠતુભરા દેવીએ ગ્લોબલ ફેડરેશન ઓફ કાઉના અધ્યક્ષની મુલાકાત દરમ્યાન જણાવ્યું ગૌરક્ષા અને ગૌઆધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના લક્ષ્ય સાથે કાર્યરત ગ્લોબલ કોન્ફેડરેશન ઓફ કાઉ- સેન્ટ્રિક ઈન્સ્ટિટ્યુશન્સ ના અધ્યક્ષ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો. વલ્લભભાઈ કથીરિયા એ વિશ્વ હિન્દુ પરિષદની મહિલા શાખા 'દુર્ગા વાહિની' ના સ્થાપક, પરમ પૂજ્ય દીદી સાધ્વી ૠતંભરા જી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

ગૌઆધારિત અર્થતંત્ર, પંચગવ્ય ચિકિત્સા, ઓર્ગેનિક

(અનુ. આઠમા પાને)

# સેવા હી પરમોધર્મ સૂત્રને ચરિતાર્થ કરતા ધારાસભ્ય ઉદય કાનગડ

## ધારાસભ્ય ઉદય કાનગડે ૧૩૦૦થી વધુ ભુલકાઓને સ્વેટર વિતરણ કર્યા



**અબતક,રાજકોટ**

વિધાનસભા ૬૮-રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા વિધાનસભા-૬૮ના વોર્ડ નં.૩,૪,૫,૬,૧૫ અને ૧૬ની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ (બાલવાટીકા)ના ૧૩૦૦થી વધુ ભુલકાઓને શિયાળાની ૠતુમાં હુંફ મળે તે માટે ગરમ સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતુ.


આ અંતર્ગત માર્કેટીંગ યાર્ડ પાછળ માલધારી સોસાયટી પાસે પંડિત જવાહરલાલ નહેરૂ પે સેન્ટર શાળા ખાતે સ્વેટર વિતરણ કાર્યક્રમમાં ધારાસભ્ય ઉદય કાનગડ, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા, પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, કોર્પોરેટર દિલીપભાઈ લુણાગરીયા, વોર્ડપ્રમુખ પરેશ લીંબાશીયા, બક્ષીપંચ મોરચાના મહામંત્રી બાબુભાઈ માટીયા, શહેર ભાજપ કિસાન મોરચાના ભરતભાઈ રાદડીયા, વોર્ડના પ્રભારીઓ, પ્રમુખ,મહામંત્રી, મોરચાના હોદેદારો અને વોર્ડ સંગઠનના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

આ તકે ઉદય કાનગડએ જણાવેલ કે સમાજમાં કોઈપણ માધ્યમથી જરૂરીયાતમંદોને સહભાગી થવાનો અવસર મળવો એ ખુશીનો અવસર છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના માધ્યમથી શાળાના ભુલકાઓને શિયાળાની ૠતુમાં હુંફ મળી રહે તે માટે ગરમ સ્વેટર વિતરણ કરવાનો અવસર પ્રાપ્ત થયો છે ત્યારે નાગરિક સેવાઓને લોકનિર્માણ અને પ્રગતિનું મહત્વપૂર્ણ માધ્યમ બનાવી વિવિધ સેવાકીય કાર્યો થકી સેવા હી પરમોધર્મ ના મંત્રને ચરિતાર્થ કરવો એ લોકપ્રતિનિધિનું દાયિત્વ છે.ત્યારે ઉપસ્થિત અગ્રણીઓ દ્વારા ધારાસભ્ય ઉદય કાનગડના આ સેવાકાર્યને બિરદાવાયું હતુ. આ તકે

(અનુ. આઠમા પાને)

# જિલ્લાના ગામોમાં પાણી પુરવઠા યોજના અંતર્ગત રૂ. ૫૧ લાખના ખર્ચે વિવિધ કામોને બહાલી

## કલેક્ટર કચેરી ખાતે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ



**અબતક, રાજકોટ**

રાજકોટ કલેકટર કચેરી ખાતે કલેકટર પ્રભવ જોશીની અધ્યક્ષતામાં જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ (વાસ્મો)ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેકટરએ વાસ્મો દ્વારા ચાલી રહેલા વિવિધ કાર્યોની માહિતી મેળવીને સમીક્ષા કરી હતી તેમજ જરૂરી સૂચનો આપ્યા હતા. આ બેઠકમાં રાજકોટ જિલ્લાના તાલુકાઓના વિવિધ ગામોમાં હયાત બોર પર પમ્પિંગ મશીનરી સપ્લાય કરવાની કામગીરી, ભૂગર્ભ સંપ બનાવવાની કામગીરી તેમજ ગત બેઠકોમાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાના અન્ય વિવિધ પ્રસ્તાવિત રૂ. ૫૧ લાખના ખર્ચે થનાર ૧૯ કામોને સમિતિ દ્વારા સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. ઉપરાંત, અન્ય વિભાગોની પાણીને લગત યોજનાઓના કામોને મળેલ સૈધ્ધાંતિક મંજુરીના પ્રગતિના કામો અંગે કલેકટરશ્રીએ જરૂરી સૂચનો કર્યા હતા. ઉપરાંત, 'નલ જલ મિત્ર' કાર્યક્રમ હેઠળ પંપ ઓપરેટરને હેડવર્કસ ખાતે તાલીમ આપવા અંગે વિગતવાર ચર્ચા કરાઈ હતી. આ બેઠકમાં ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એ.કે.વસ્તાણી, સી.ડી.એચ.ઓ. આર. આર. ફૂલમાલી, યાંત્રિક વિભાગના અધિક્ષક ઈજનેર કે.કે.તેરૈયા તથા વોટરશેડ સહિત સમિતિના સદસ્યો અને સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# બનેવીને મરવા મજબૂર કરવાના ગુનામાં સાળાના જામીન મંજૂર

## પત્ની રિસામણે જઈ માવતરની મદદથી જીવવા જેવો નથી રેહવા દેવો તેવી ધમકી આપતા યુવકે આપઘાત કર્યો હતો

**અબતક રાજકોટ**

શહેરના કાલાવડ રોડ નજીક આવેલી ઈસ્કોન મંદિર પાસે હાઉસિંગ બોર્ડ સોસાયટીમાં રહેતા યુવાનને મરવા મજબૂર કરવાના ગુનામાં જેલ હવાલે રહેલા સાળાને જામીન પર છોડી મૂકવા હાઈકોર્ટ હુકમ કર્યો છે.વધુ વિગત મુજબ શહેરના કાલાવડ રોડ ઈસ્કોન મંદિર પાસે હાઉસિંગ સોસાયટીમાં રહેતા મહેશભાઈ વિંઝુડા નામના યુવાને પોતાના ફ્લેટમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવમાં મૃતકના ભાઈએ યુનિવર્સિટી પોલીસ મથકમાં મૃતક મહેશભાઈ ની પત્ની હેતલ, વાજડી (વડ)ગામે રહેતા સસરા કરસનભાઈ બાટા, સાળા કમલેશ બાટા અને વિમલ બાટા સામે આપઘાત ની ફરજ પાડવાની કલમ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી. મહેશભાઈ ના પાંચ વર્ષ પહેલા વાજડી (વડ)ગામે રહેતી હેતલબેન સાથે લગ્ન થયા હતા. પત્ની ઝઘડો કરી રિસામણે જતા રહેલી અને ત્રણ દિવસ પહેલા મહેશભાઈને પત્ની, સસરા અને સાળાની મદદથી ભરણપોષણ તો આપવું જ પડશે છૂટાછેડા આપવા નથી તારી જિંદગી ખરાબ કરી નાખવી છે હજુ તો સજા કરાવે છે તને જીવવા જેવો નથી રહેવા દેવો તેવું કહેતા મહેશભાઈ ને લાગી આવતા પોતાના ઘરે આ પગલું કરી લીધું ફરિયાદમાં જણાવ્યું હતું. હાલ જેલ હવાલે રહેલા કમલેશ કરશન બાટા ની સેશન્સકોર્ટ એ જામીન અરજી નામંજૂર થતા હાઈકોર્ટમા જામીન અરજી કરી હતી. જે અરજીની સુનાવણી ચાલવા ધરાવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખીત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ હાઈકોર્ટએ કમલેશ કરસન બાટાની જામીન અરજી મંજૂર કરતો હુકમ કર્યો છે.બચાવ પક્ષે એડવોકેટ તરીકે રણજીત મકવાણા, જીગ્નેશ સભાડ, યોગેશ જાદવ, કેવિન ભંડેરી, મદદનીશમાં અભય ચાવડા, વિશાલ રોજાસરા અને હાઈકોર્ટમાં મેહુલભાઈ પાડલીયા રોકાયા હતા

# દુષ્કર્મના ગુનામાં રાહુલ પરમારના આગોતરા જામીન રદ

## સાથે ભણતી વિદ્યાર્થીને પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપે હવસનો શિકાર બનાવી તી

**અબતક રાજકોટ**

શહેરના એ ડિવિઝન પોલીસ મથક વિસ્તારની હોટલમાં પ્રેમિકાની સાથે બળજબરી થી દુષ્કર્મ આચરી લગ્ન નહીં કરું બીજે લગ્ન નહીં કરવા દઉ તેવી ધમકી આપતા યુવતીએ ફીનાઈલ પી આપઘાત નો પ્રયાસ કર્યા અંગેના ગુનામા પોલીસ ધરપકડની દહેશતથી રાહુલ પરમારે કરેલી આગોતરા જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે. વધુ વિગત મુજબ શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ નજીક આવેલા દેવનગર માં રહેતા રાહુલ જગદીશભાઈ પરમાર નામના યુવાને અભ્યાસ કરતી યુવતીને પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અવારનવાર દુષ્કર્મ કર્યો હતો . યુવતીને નાના મવા સર્કલ પાસે લગ્નની વાત કરવાના બહાને બોલાવી માર માર્યો હતો.બાદ સમાધાનના બહાને હોટલ ખાતે લઈ જઈ દુષ્કર્મ આચરી અને યુવતીને કહેલ કે તારે ફિનાઈલ પીવું હોય તો પી લે હું તારી સાથે લગ્ન નહીં કરું તને પણ બીજે લગ્ન નહીં કરવા દઉં તેવી ધમકી આપતા યુવતીએ ફિનાઈલ પી લીધાનું એ . ડીવી .પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ ધરપકડની દહેશતથી રાહુલ પરમારે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. પોલીસે આરોપીને ખોટી રીતે સંડોવી દીધેલ હોવાની દલીલો તેમના વકીલ દ્વારા કરવામાં આવેલી હતી. ફરીયાદીના વકીલ દ્વારા આગોતરા જામીન અરજી નામંજુર કરવા વિગતવાર જવાબ વાંધાઓ રજુ કરી અને એવી દલીલો કરેલ હતી કે, આરોપીએ કોઈ સ્ત્રીને મરી જવુ પડે તે હદ સુધી ત્રાસ આપેલો છે. લગ્ન કરવાની લાલચ આપી અવારનવાર દુષ્કર્મ આચરેલ છે. જેને ધ્યાને લઈને આરોપીની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજુર કરી હતી.આ કામે ફરીયાદી તરફે ધારાશાસ્ત્રી દીલીપ પટેલ, કલ્પેશ નસીત, નૈમિષ જોષી, અનીતા રાજવંશી અને સરકારી વકીલ આબીદ સોશન રોકાયા હતા.

# પરિણીતા અને પુત્રને માસિક ૧૪૦૦૦ ખાધા ખોરાકી ચૂકવવા અદાલતનો હુકમ

## ચડત ભરણ પોષણ ૧ માસમાં ન ચૂકવે તો કાનૂની કાર્યવાહી કરવામાં આવશે

**અબતક રાજકોટ**

ઉપલેટા તાલુકાના ખાખી જાળીયા ગામે માવતર ના ઘરે રિસામણે રહેલી પરણીતાએ પોતાનું અને પોતાના પુત્રનું જીવન નિર્વાહ ચલાવવા માટે વાંકાનેર સ્થિત વેપારી પતિ સામે કરેલા ભરણપોષણ ની માંગ ધોરાજીની અદાલતે મંજૂર કરી માસિક ૧૪૦૦૦ ચૂકવવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ વાંકાનેર ના પ્રતાપપરામા રહેતા હિરલભાઈ મહેન્દ્રભાઈ રાજવીર નામના યુવાન સાથે વર્ષ ૨૦૧૯ માં ઉપલેટા તાલુકાના ખાખીજાળીયા ગામની ભાગ્યશ્રીબેનના લગ્ન થયેલા લગ્ન જીવનથી એક પુત્રનો જન્મ થયેલો બાદ સાસરીયા દ્વારા દુઃખ ત્રાસ આપી મારકુટ કરતા હતા અને દહેજ લાવી નથી તેમ કહી અવાર નવાર દહેજ ની માગણી કરી મેણા ટોણા મારતા હતા. લગ્ન જીવનના નવ વર્ષ બાદ પુત્ર દિવ્ય સાથે પરણીતા ભાગ્યશ્રીબેન ને સાસરીયા માંથી કાઢી મૂકી હતી.



ભાગ્યશ્રીબેન પોતાનું જીવન નિર્વાહ ચલાવવા માટે ભરણપોષણ માંગ સાથે અદાલતમાં અરજી કરી હતી. જેમાં પતિ હિરલ રાજવીરને નોટિસ બજતા હાજર રહી પોતાના તરફે પુરાવો રજુ કરેલ અને ભરણપોષણની અરજી રદ કરવા રજૂઆતો કરેલી હતી. હિરલ રાજવીર આવક અને મિલકતો કોર્ટ સમક્ષ છુપાવેલ છે. સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન હોવા છતાં ખોટા સોગંદનામા કરેલા છે જે બાળકની કસ્ટડી પિતા માંગે છે તેનું ભરણપોષણ કરવા પિતા ઈન્કાર કરે છે રાજકોટ હિરલએ તેના પુત્ર દિવ્યેશની કસ્ટડી મેળવવા પ્રથમ મોરબી અને બાદ ધોરાજી મુકામે અરજી કરી હતી. પુરાવો લેવાયા બાદ પિતા હિરલ રાજવીરની બાળક મેળવવાની અરજી અદાલતે રદ કરી હતી. ભાગ્યશ્રીબેન ના વકીલ એ કોર્ટનું ધ્યાન દોરેલું કે પતિ મુકામેની પેઢીનો ધંધો છુપાવી દે તમામ દલીલો ધ્યાને લઈ અદાલતે પત્ની ભાગ્યશ્રીબેનની ભરણપોષણની અરજી મંજૂર કરેલ છે. અદાલતે અરજદાર ભાગ્યશ્રીબેન અને પુત્ર દિવ્યેશ ને વર્ષ ૨૦૧૯ થી માસિક ૧૪૦૦૦ ભરણપોષણ મંજૂર કરેલ છે. એક માસ કરતા વધુ સમય પસાર થઈ જવા છતાં ચડત ભરણ પોષણ પેટે કોઈ રકમ ભરેલ નથી કોર્ટના હુકમનો અનાદર કરેલ હોવાથી આગળની કાનૂની કાર્યવાહી કરેલી છે.આ કામમાં ભાગ્યશ્રીબેન હિરલભાઈ રાજવીર એડવોકેટ તરીકે રાજકોટના સીનીયર ધારાશાસ્ત્રી મહેશભાઈ સી. ત્રિવેદી, કિરીટભાઈ સાયમન, કિશનભાઈ જોષી, ઘનશ્યામ જે. પટેલ, હર્ષ એમ. ત્રિવેદી, પાર્થ વાઘેલા, મયંક હર્ષ તથા સહાયક તરીકે મૌલીક ડોડીયા રોકાયેલા હતા.

# ગોવાથી પહેલી વાર ખેપ મારીને આવતો નિરવ મોટેરિયા ૨૫૮ બોટલ દારૂ સાથે ઝડપાયો

## પીસીબીએ દરોડો પાડી ગોંડલ ચોકડી નજીકથી દારૂ અને કાર સહિત રૂ. ૫.૫૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક રાજકોટ**

શહેરની ગોંડલ ચોકડી પાસેથી બ્રેઝા કારમાં છુપાવેલા ચોર ખાનામાંથી વિદેશી દારૂની ૨૫૮ બોટલ પીસીબીની ટીમે ઝડપી, રૂ ૫.૫૯ લાખના મુદ્દામાલ સાથે બુટલેગરને ઝડપી લીધો છે. બુટલેગર વિદેશી દારૂનો જથ્થો ગોવાથીલાવ્યાની પોલીસને કબુલાત આપી છે. બનાવવી પ્રાપ્ત વિગત મુજબ શહેરમાં દારૂબંધીનો ખડક અમલ કરવા પોલીસ કમિશનર બ્રજેશ ઝા એ આપેલી સૂચના ને પગલે પીસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતા ત્યારે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા ગોવર્ધન ચોક નજીક સુખસાગર સોસાયટી શેરી નંબર ૧ માં રહેતો નિરવ કિશોરભાઈ મોટેરિયા નામનો શખ્સ જી જે ૨૭ બી એલ -૫૧૧૭ નંબરની કારમાં વિદેશી દારૂનો જથ્થો લઈ ગોંડલ ચોકડી તરફ આવી રહ્યો ની મળેલી બાતમીના આધારે પીસીબીની ટીમે ગોંડલ ચોકડીએ વોચ હતા ત્યારે પૂરપાટ ઝડપે આવતી કારને અટકાવી તલાસી લેતાં કારમાં બનાવેલા ચોર ખાનામાંથી વિદેશી દારૂની ૨૫૮ બોટલ કબજે કરી, રૂ ૫.૫૯ લાખના મુદ્દામાલ કબજે કરી નિરવ કિશોરભાઈ મોટેરિયાને ઝડપી લીધો છે. ઝડપાયેલા શખ્સની પૂછપરછ કરતા તે વિદેશી દારૂનો જથ્થો ગોવાથી પહેલીવાર જ લાવ્યો હોવાની કબુલાત આપી છે. આ દરોડની કામગીરી પીસીબી ઈન્ચાર્જ પી.આઈ એમ આર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ જે હુણ,એએસઆઈ મયુરભાઈ પાલરિયા, સંતોષભાઈ મોરી , કોન્સ્ટેબલ નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી અને દેવરાજભાઈ ક્લોતરા સહિતના સ્ટાફે કરી છે.



# માળીયા(મી)નજીક ટેન્કરમાંથી ડીઝલ ચોરી કરતા બે શખ્સ પકડાયા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

માળીયા(મી) પોલીસ દ્વારા ડીઝલ ચોરી કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે, જેમાં માળીયા(મી) પોલીસને બાતમી મળેલ કે તાલુકાના ચાચાવદરડા ગામની સીમમાં ટેન્કરોના ડ્રાઈવરો સાથે સાંઠગાંઠ કરી ટેન્કરમાંથી ડીઝલ ચોરી કરવામાં આવતી હોય જેથી પોલીસ દ્વારા રેઈડ કરીને બે પરપ્રાંતિય ઈસમોની ૪૩.૭૫ લાખના મુદ્દામાલ સાથે અટક કરવામાં આવી છે, ત્યારે ડીઝલ ચોરી રેકેટનો મુખ્ય આરોપી રેઈડ દરમિયાન સ્થળ ઉપર હાજર નહીં મળી આવેલ જેથી તેને ફરાર દર્શાવી પોલીસે કુલ ત્રણ આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

માળીયા(મી) પોલીસ મથકના પીઆઈ આર.સી.ગોહિલને ખાનગીરાહે હકીકત મળેલ કે, મોટીબરાર ગામનો દશરથભાઈ જશાભાઇ હુંબલ દેવભુમિ દ્વારકાથી કચ્છ તરફ જતા ટેન્કરોમાં પેટ્રોલ/ડીઝલ/ઓઈલ ભરીને આવતા ટેન્કરના ડ્રાઈવર સાથે મેળાપીપણુ કરી અનઅધિકૃત રીતે ટેન્કરમાંથી ઓઈલ/ડીઝલ/પેટ્રોલની ચોરી કરતો હોય અને હાલમાં તેની ગેરકાયદેસર પ્રવૃતિ ચાલુ હોવાની હકીકત આધારે માળીયા(મી) પોલીસે સઘન પેટ્રોલિંગ કરી ચાચાવદરડા ગામની સીમમાં આવેલ બંધ ફાર્મહાઉસ પાસે ખરાબામાં ટેન્કર રજી.નં. આરજે-૧૪-જીજી-૩૭૯૦ વાળામાંથી લાઈટ ડીઝલ ઓઈલની ચોરી કરતા બે ઈસમોને કુલ રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે, ત્યારે માળીયા(મી) પોલીસે સ્થળ ઉપરથી એલ.ડી.ઓ. ભરેલ ટેન્કર કિ.રૂ.૪૩,૦૯,૦૦૦/-, એલ.ડી.ઓ. ભરેલ બેરલ નંગ-૦૪ તથા કેરબા નંગ-૦૬ કિ.રૂ.૫૨,૨૫૦/-, મોબાઈલ ફોન નંગ-૦૨ કિ.રૂ.૧૦,૦૦૦/- તથા ચોરી કરવામાં ઉપયોગમાં લીધેલ અન્ય સાધન સામગ્રી મળી કુલ રૂ. ૪૩,૭૪,૬૫૦/-ના મુદ્દામાલ સાથે આરોપી નવદીપભાઈ પુરણભાઈ દુકીયા ઉવ.૨૪, રહે.ખાવડી, તા.જી.જામનગર મુળ રહે. રાજસ્થાન, આરોપી તારાચંદ હરલાલસિંગ દુકીયા ઉવ.૨૭, રહે. મંડુલી હોટલ,ખાવડી, તા.જી.જામનગર મુળ રહે. રાજસ્થાન વાળાને ઝડપી લેવામાં આવ્યા છે. ઉપરોક્ત દરોડા દરમિયાન આ ગોરખધંધાનો મુખ્ય આરોપી દશરથભાઈ જશાભાઈ હુંબલ રહે. મોટી બરાર તા.માળીયા(મી)વાળો સ્થળ ઉપર હાજર મળી આવેલ ન હોય જેથી પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી ફરાર મુખ્ય આરોપીને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# બેટી રામપર ગામે માનસિક બીમારી થી કંટાળી યુવકનો આપઘાત

## કુવાડવા ગામે નદીમાં નહવા પડેલા શ્રમિક ડૂબી જતા મોત

**અબતક રાજકોટ**

શહેરમાં અપ મૃત્યુના બે બનાવો નોંધાયા છે જેમાં રામપરા બેટી ગામે યુવકે ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું છે. જ્યારે બામણબોર ગામે નદીમાં નહવા પડેલા યુવકનું ડૂબી જતા મોત નીપજતા પરિવારમાં શોકનું મોજુ ફેલાયું છે

રાજકોટ તાલુકાના બેટી રામપર ગામ કિશનભાઈ હકાભાઈ મકવાણા નામના ૧૮ વર્ષીય યુવાને પોતાને ઝેરી દવા ની અસર થતા બેભાન હાલતમાં પ્રથમ કુવાડવા ગામે સદભાવના હોસ્પિટલ ખાતે સારવાર ખાતે ખસેડવામાં આવ્યા હતા બાદ વધુ સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે કિશનભાઈ મકવાણાને મૃત જાહેર કરતા કરતા આ બનાવની જાણ એરપોર્ટ પોલીસ મથકના સ્ટાફને થતા એએસઆઈ વાય કે ચૌહાણ સહિતના ટીમ દોડી ગઈ હતી. મૃતક કિશન મકવાણાના માતા પિતા કોરોના ની બીમારી માં અવસાન પામ્યા હતો. પોતાના મોટાભાઈ સાથે રહેતો હતો.માનસિક રીતે અસવસ્થ રહેતો હતો આ પગલું પરી ગીતા હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે. જ્યારે બામણબોર ગામે ગ્રીન પ્લાય લેબર રહેતો અને મૂળ બિહારનો વતની મજૂરી કામ કરતી નંદુભાઈ કામદેવ શાહની નામની ૩૧ વર્ષીય યુવાન બાજુમાં આવેલ નદીમાં નહવા ગયેલો ત્યારે ઊંડા પાણીમાં ડુબવા લાગતા આસપાસના લોકોએ બહાર કાઢ્યો હતો અને ૧૦૮ ને જાણ કરતા પાયલોટ સાથે દોડી આવી હતી અને એએમટીએ નંદુભાઈ ને તપાસીને મરણ જાહેર કર્યા હતા બાદ એરપોર્ટ પોલીસ મથકના સ્ટાફને જાણ કરતા એ.એસ.આઈ જે એલ બાળા સહિતની ટીમ દોડી આવી હતી અને નંદુભાઈના મૃત દેહ ને પીએમ અર્થે હોસ્પિટલે ખસેડ્યો હતો

## મોરબીના વવાણીયા ગામે શિકાર કરવા ગયેલા યુવકના મોતનો મામલો

# બોલાચાલી થતાં મિત્રોએ જ વસીમ પીલુડિયાની ગોળી ધરબી હત્યા કરી દીધાનો ધડાકો

## હત્યાને અકસ્માતમાં ખપાવી દેવાના કાવતરાનો પર્દાફાશ : બે શખ્સોં વિરુદ્ધ માળીયા પોલીસમાં નોંધાતો ગુનો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના માળીયા(મી.) તાલુકાના વવાણીયા ગામે ગત ૨ ફેબ્રુઆરીની સાંજે યુવકને શરીરે બંદૂકની ગોળી લાગતા ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યા અંગેના બનાવમાં નવો વળાંક આવ્યો છે. શિકાર માટે નીકળેલા ત્રણ મિત્રો વચ્ચે બોલાચાલી થતાં યુવકની ગોળી ધરબી હત્યા નીપજાવી દેવામાં આવી હતી અને પોલીસને ગુમરાહ કરવા આકસ્મિક ગોળી છુટતા વસીમ પીલુડિયાનું મોત થઈ ગયાંની સ્ટોરી ઘડી કાઢવામાં આવી હતી. મામલામાં મૃતક યુવકના પિતાની ફરિયાદને આધારે શિકાર કરવા સાથે ગયેલ બંને હત્યારા સામે ગુનો નોંધી માળીયા(મી) પોલીસે બંને આરોપીઓની અટકાયત કરવા તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, મોરબીના મહેન્દ્રપરા શેરી નં.૧૦ માં રહેતા ગુલામહુશેન અબ્દુલભાઈ પીલુડીયા ઉવ.૬૨ એ પુત્રના દીકરાના હત્યારા આરોપીઓ વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી અસલમભાઈ ગફુરભાઈ મોવર રહે.વાવડી રોડ મોરબી તથા જાવેદ ઉર્ફે જાવલો હાજીભાઈ જેડા રહે.માળીયા(મી) વિરુદ્ધ બીએનએસની કલમ ૧૦૩ હેઠળ હત્યાનો ગુનો નોંધી આરોપીઓની અટક કરવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

ઉપરોક્ત હત્યાના બનાવ અંગે મૃતક વસીમભાઈ ગુલામહુશેન પીલુડીયાની હત્યા અંગે તેમના પિતા દ્વારા નોંધાવેલ ફરિયાદમાં જાહેર કર્યું કે ગત તા.૦૨ ફેબ્રુઆરીના રોજ ફરીયાદીના દિકરા વસીમભાઈ તથા આરોપીઓ અસલમભાઈ ગફુરભાઈ મોવર તથા જાવેદ ઉર્ફે જાવલો હાજીભાઈ જેડા એમ ત્રણેય વવાણીયા ગામની સીમમા શીકાર કરવા ગયેલ હોય ત્યારે આરોપી અસલમે ઝાડીમાં છુપાવેલ દેશી બનાવટની બંધુક કાઢી લોડ કરેલ અને તેઓ શીકારની રાહમાં હતા તે વખતે શીકાર આવી જતા તેનો શીકાર કરવા બાબતે ફરીયાદીના દિકરા વસીમ અને આરોપી અસલમભાઈ ગફુરભાઈ મોવર તથા જાવેદ ઉર્ફે જાવલો હાજીભાઈ જેડા સાથે બોલાચાલી ઝઘડો થયેલ હોય જેનુ મનદુખ રાખી આરોપી જાવેદ ઉર્ફે જાવલો હાજીભાઈ જેડાએ દેશી બંધુકમાંથી ફાયરિંગ કરી ફરીયાદીના દિકરાને શરીરે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી બન્ને આરોપીઓએ ગુનામાં એકબીજાની મદદગારી કરી હતી. હાલ પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર:બ્રહ્મસમાજ સોસાયટીમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

## રીઢો તસ્કર ઝડપાયોઃ સહઆરોપીની શોધખોળ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

વાંકાનેરની બ્રહ્મસમાજ સોસાયટીમાં રહેણાંક મકાનને નિશાન બનાવનાર તસ્કરને વાંકાનેર સીટી પોલીસ મથક ટીમ દ્વારા પકડી લેવામાં આવ્યો છે, આ સાથે વાંકાનેર સોટી પોલીસે ગણતરીના દિવસોમાં ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી એક આરોપીની અટક કરી છે, પકડાયેલ આરોપી પાસેથી ચોરીમાં ગયેલ મુદ્દામાલ રિકવર કર્યો છે. જ્યારે ચોરીના સહઆરોપીનું નામ ખુલતા તેની શોધખોળ શરૂ કરી છે.વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.એ.જાડેજાના માર્ગદર્શન અને સૂચના મુજબ વાંકાનેર સીટી પોલીસ મથકમાં નોંધાયેલ બ્રહ્મસમાજ સોસાયટીના રહેણાંક મકાનમાં ચોરીના બનાવ બાબતે વાંકાનેર સર્વેલન્સ ટીમ પેટ્રોલીંગમાં હોય અને ખાનગીરાહે તેમજ ટેકનીકલી



માધ્યમથી હકીકત મળેલ કે, વાંકાનેર બ્રહ્મસમાજ સોસાયટીમા ચોરી કરનાર ઈસમ વાંકાનેરના અમરસર ફાટક પાસે હોવાની મળેલ બાતમીને આધારે ઉપરોક્ત સ્થળે તપાસ હાથ ધરતા આરોપી શાહરૂખ ઉર્ફે બાઠીયો સલીમભાઈ શેખ ઉવ.૨૫ રહે.ચન્દ્રોડા ગામ તા.બેચરાજી જી.મહેસાણાવાળાને દબોચી લેવામાં આવ્યો હતો. પકડાયેલ આરોપી પાસેથી મોબાઈલ નંગ-૦૨ તથા રોકડા રૂપીયા ૧૦,૨૦૦/- મળી આવેલ હતા જે વાંકાનેર ખાતેની ચોરીમા ભાગબટાઈના મળી આવેલ હોવાની કબુલાત આપેલ હતી, જ્યારે આ ચોરીમાં સહ આરોપી તરીકે વસીમ ઉર્ફ લધો સલીમભાઈ પઠાણના નામની કબુલાત આપતા તેને ફરાર દર્શાવી વાંકાનેર સીટી પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વધુમાં ઘરફોડ ચોરીમાં પકડાયેલ આરોપી સામે આ સિવાય ગંગાજળિયા અને ભાવનગર પોલીસ મથકમાં અન્ય બે ચોરીના ગુના નોંધાયેલ હોય, જ્યારે પકડવા પર બાકી સહ આરોપી સામે નીલમબાગ અને ગોંડલ પોલીસ મથક સહિત અન્ય પાંચ ગુના નોંધાયેલા છે.

# ગોંડલના ગુંદાસરા ગામે ચેકડેમમાં મૂર્તિ વિસર્જન વેળાએ ડુબી જતા બે યુવકના મોત

## વસંત પંચમીએ કરેલા સ્થાપન બાદ સરસ્વતી માતાની મૂર્તિનું વિસર્જન વેળાએ સર્જાય દુર્ઘટનાઃ પરપ્રાંતિય પરિવારમાં શોક

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ તાલુકાનાં ગુંદાસરા ગામે સરસ્વતી માતાની મુર્તિનાં વિસર્જન વેળા ચેકડેમ માં બે પરપ્રાંતિય શ્રમિકો ડુબી જતા તેનાં મોત નિપજ્યાં હતાં.અને ખુશીનો માહોલ માતમ માં પલટાયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ તાલુકાનાં ગુંદાસસરામાં પરપ્રાંતિય શ્રમિકો દ્વારા વસંતપંચમીનાં રોજ સુપ્રીમ કાસ્ટ નામની ફેકટરીમાં સરસ્વતી માતાની મુર્તિનું સ્થાપન કરાયા બાદ વિસર્જન કરવાનું હોય બાર થી પંદર લોકો ગાજતે વાજતે મુર્તિ લઈ ગામ નજીક નાં ચેકડેમ માં મુર્તિ પધરાવવા પંહોચ્યા હતા.બધા ડેમનાં પાણીમાં ઉતરી મુર્તિ વિસર્જન કરી રહ્યા હતા.તે દરમિયાન અમનકુમાર ગૌતમ રાય ઉ.૨૩ રહે.સીમરીયા જી.જાગલપુર બિહાર તથા કુમાર ગૌરવ સુભાષ માલાહર ઉ.૨૦ રહે.



દરીયાપુર જી.જાગલપુર ઉંડા પાણીમાં આગળ જતા ડુબવા લાગ્યા હતા. બન્નેનો બચાવ થાય તે પહેલા ઉંડા પાણીમાં ગરક થઈ જતા બન્નેનાં મોત નિપજ્યા હતા.

બનાવની જાણ થતા ફેકટરીનાં માલીક અને ગામલોકો ઘટનાસ્થળે દોડી ગયા હતા અને ગોંડલ ફાયર બ્રિગેડ તથા પોલીસને જાણ કરી હતી. બાદમાં ગુંદાસરા પહોંચેલી ફાયર ટીમે ચેકડેમમાંથી બન્ને યુવાનોનાં મૃતદેહ બહાર કાઢી શિવમ સાર્વજનિક ટ્રસ્ટની એમ્બ્યુલન્સ દ્વારા ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા.

મૃતક યુવાનો પૈકી અમન કુમાર અપરણીત હતો. જ્યારે કુમાર ગૌરવ પરણિત હતો. સંતાનમાં છ માસનો દિકરો હોવાનું જાણવા મળેલ છે. બન્ને યુવાનો મુળ બિહારનાં હતા અને છ માસથી સુપ્રીમ કાસ્ટ ફેકટરીમાં કામ કરતા હતા.

બનાવ અંગે તાલુકા પીએસઆઈ સોલંકીએ તપાસ હાથ ધરી છે.

રાજકોટ મહાનગરપાલિકા
એસ્ટેટ વિભાગ - સેન્ટ્રલ ઝોન
રસના સિચોડા, ગોલાના વ્યવસાય તથા અન્ય વ્યવસાય માટે જગ્યા ભાડે આપવા બાબત

રસના ચિચોડા, ગોલાના વ્યવસાય તથા અન્ય વ્યવસાય નિમિતે સીઝનલ ધંધા માટે રાજકોટ મહાનગરપાલિકાની માલિકીના જુદાં-જુદાં કુલ-૦૮ ટી.પી પ્લોટ ખાતે તા.૧૫/૦૨/૨૦૨૫ થી તા.૧૫/૦૬/૨૦૨૫ સુધી જગ્યા ભાડે આપવાની હોવાથી આ કામે વ્યવસાય કરવા ઈચ્છુક વ્યક્તિઓ પાસેથી સીલબંધ કવરમાં ભાવ તા.૧૨/૦૨/૨૦૨૫ ના રોજ સાંજે ૧૮:૦૦ કલાક સુધીમાં મેનેજર, એસ્ટેટ વિભાગ, રૂમ નં.૧૦, ત્રીજો માળ ખાતે રજીસ્ટર એડી./સ્પીડ પોસ્ટથી પહોંચતા કરવાના રહેશે. વધુ વિગતો rmc.gov.in પરથી મેળવી શકાશે

સહી એચ. આર. પટેલ
નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

તંત્રી લેખ

# ગુજરાતમાં હવે સમાન નાગરિક ધારો અમલમાં આવશે

ઉત્તરાખંડ બાદ હવે ગુજરાત દેશનું એવું બીજું રાજ્ય બનવા જઈ રહ્યું છે. જ્યાં સમાન નાગરિકધારો અમલમાં આવશે. આજે રાજ્ય સરકાર દ્વારા યુસીસીની અમલવારી માટે પાંચ સભ્યોની કમિટીની રચના કરી દેવામાં આવી છે. જે ૪૫ દિવસમાં નાગરિકોના સૂચનો સાંભળી સરકારને પોતાનો રિપોર્ટ આપશે. ત્યારબાદ રાજ્યની ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર દ્વારા ક્યારથી રાજ્યમાં યુસીસીનો કાયદો અમલમાં મુકવામાં તેની સત્તાવાર ઘોષણા કરવામાં આવશે.

ગુજરાત દેશ માટે વિકાસ મોડેલ માનવામાં આવી રહ્યું છે. રાજ્યમાં શાંતિ અને સુખાકારીની નોંધ માત્ર દેશમાં જ નહિં પરંતુ વિદેશમાં પણ લેવામાં આવી રહી છે. ગુજરાતમાં વસવાટ કરતા નાગરિકોને એક જ સમાન કાયદાનું પાલન કરવું પડે તે માટે રાજ્ય સરકારે કવાયત હાથ ધરી છે. તાજેતરમાં ગુજરાતના પનોતા પુત્ર અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં દિલ્હી ખાતે ગૃહ મંત્રાલયની મહત્વપૂર્ણ બેઠકમાં મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રીની ઉપસ્થિતિ બાદ એવી અટકળો શરૂ થઈ હતી કે ગુજરાત હવે ઉત્તરાખંડની માફક યુસીસીની અમલવારી કરવા માટે મન બનાવી લીધું છે. રાજ્યમાં એક તરફ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પ્રચાર-પ્રસારની કામગીરી ચરમસીમા પર છે ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવી દ્વારા એવી સત્તાવાર ઘોષણા કરવામાં આવી છે કે ગુજરાતમાં પણ યુનિફોર્મ સિવિલ કોડની અમલવારી કરવામાં આવશે. આ માટે રાજ્ય સરકાર દ્વારા પાંચ સભ્યોની એક કમિટી બનાવવામાં આવી છે. જે આગામી ૪૫ દિવસમાં યુસીસીની અમલવારી લઈ ગુજરાતના લોકોના અભિપ્રાય મેળવશે. જેના આધારે રાજ્ય સરકારમાં રિપોર્ટ રજૂ કરશે ત્યારબાદ સરકાર દ્વારા સમાન નાગરિક સંહિતા બિલની અમલવારી ક્યારથી રાજ્યમાં કરવી તે અંગે ઘોષણા કરવામાં આવશે. ગુજરાતમાં વસવાટ કરતા આદિવાસી સમાજના લોકોનું હિત યુસીસીમાં હણાય નહિં તેની ખાસ તકેદારી રાખવામાં આવશે. ભારત વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે પરંતુ દરેક રાજ્યોમાં દરેક સમાજના અલગ-અલગ કાયદા હોવાના કારણે એક સૂત્રતા જોવા મળતી નથી. જેને ધ્યાનમાં રાખી કેન્દ્ર સરકારે યુસીસીનો કાયદો અમલમાં મુક્યો છે. જો કે, તેની અમલવારી અંગે રાજ્ય સરકારને નિર્ણય લેવાની છૂટછાટ આપવામાં આવી છે. ઉત્તરાખંડ બાદ હવે ગુજરાતમાં યુસીસીની અમલવારી કરવામાં આવશે.

# ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીયલ ફેરને કોર્પોરેશને ઝીરો વેસ્ટ ઈવેન્ટ બનાવી

## ઈવેન્ટમાં આવનારા લોકોને કચરાના વર્ગીકરણ અને પ્લાસ્ટિકનો બિનજરૂરી વપરાશ ન કરવા માટે જાગૃત્ત કરાયા

**અબતક, રાજકોટ**

લઘુ ઉદ્યોગ ભરતી દ્વારા રાજકોટ શહેરમાં ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીયલ ફેર ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટ મહાનગરપાલિકાના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા આ ઈવેન્ટને ઝીરો વેસ્ટ ઈવેન્ટ બનાવવામાં આવી છે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ડેડીકેટેડ સ્ટોલ દ્વારા ઈવેન્ટની મુલાકાત લેતા તમામ લોકોને રિડ્યુસ, રિયુઝ એન્ડ રિસાયકલના અભિગમ અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.



આ ઉપરાંત રાજકોટ શહેરના નાગરિકો માટે હોમ કંપોસ્ટિંગ માટે ખાસ તાલીમ કાર્યક્રમ કરવામાં આવ્યો. આ ઉપરાંત કચરાનું વર્ગીકરણ કેવી રીતે કરવું, ભીના અને સૂકા કચરાનો નિકાલ કેવી રીતે કરવો, સીએન્ડડી વેસ્ટનું પ્રોસેસિંગ, ૪ કેટેગરીમાં કચરાનું વર્ગીકરણ વગેરે અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સમગ્ર ઈવેન્ટમાં આશરે ૧૫૦૦૦ લોકોને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા કચરાના વર્ગીકરણ અને પ્લાસ્ટિકનો બિનજરૂરી વપરાશ ન કરવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા. રાજકોટમાં આયોજિત આ ઈવેન્ટને સર્વ પ્રથમવાર ઝીરો વેસ્ટ ઈવેન્ટ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. એટલે કે સમગ્ર ઈવેન્ટ દરમિયાન કોઈ પણ પ્રકારના સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. કચરાનું ઉત્પાદન થશે નહીં અને જો કોઈ હશે તો તેને રિસાયકલ કરવામાં આવશે.

## કાશી વિધુત પરિષદ દ્વારા

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના ભદ્રેશદાસજી સ્વામીનું અભિવાદન

**અબતક, રાજકોટ**

સ્વામિનારાયણ ભાષ્યના સર્જનકાર પ્રતિષ્ઠિત ભાષ્યકાર ભદ્રેશદાસ સ્વામીજી પ્રયાગરાજમાં મૌની અમાવસ્યાના મુખ્ય અમૃત સ્નાનનું પવિત્ર અનુષ્ઠાન પૂર્ણ કરીને કાશી પધાર્યા હતા. જેમણે પોતાના દિવ્ય વિચારો અને શાસ્ત્રોક્ત વિશ્લેષણથી સનાતન ધર્મ અને વૈદિક પરંપરાઓના અવિચલ પ્રવાહને સમૃદ્ધ બનાવ્યો છે.

કાશી વિદ્વત પરિષદના અધ્યક્ષ વશિષ્ઠ ત્રિપાઠીજીએ જણાવ્યું કે, પૂજ્ય સ્વામીજી સ્વામિનારાયણ ભાષ્ય માટે વિશેષ રૂપથી પ્રખ્યાત છે. તેણે વૈદિક સનાતન ધર્મની વૈશ્વિક સ્વીકૃતિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.



ભારતીય દર્શન અનુસંધાન પરિષદ દ્વારા પૂ. સ્વામીજીને એમના જીવનકાળની ઉપલબ્ધિઓ માટે ''લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી'' સન્માનિત કરવામાં આવ્યા છે. આ પુરસ્કાર દાર્શનિક સાહિત્યમાં તેમના યોગદાન અને વૈશ્વિક સ્તરે વૈદિક સનાતન ધર્મને પ્રોત્સાહન આપવામાં તેમની ભૂમિકાને માન્યતા આપે છે.

પૂજ્ય સ્વામીજી દ્વારા લખાયેલ ''શ્રી સ્વામિનારાયણ ભાષ્ય'' એ માત્ર સનાતન ધર્મના શાસ્ત્રોનું એક અનોખું વર્ણન નથી, પરંતુ તે વેદ, ઉપનિષદ અને બ્રહ્મસૂત્રોના ગહન રહસ્યોની સંપૂર્ણ સ્પષ્ટતા પણ છે. તેમના દિવ્ય જ્ઞાન અને આધ્યાત્મિક પ્રયાસે વૈશ્વિક સ્તરે અક્ષર પુરુષોત્તમ દર્શન સ્થાપિત કર્યું, જેના કારણે સનાતન, વૈદિક ધર્મનો મહિમા સમગ્ર વિશ્વમાં ગુંજ્યો.

કાશી - ધર્મ, જ્ઞાન અને આધ્યાત્મિક સાધનાની જીવંત ભૂમિ છે - આજે પૂજ્ય સ્વામીજીના આગમનથી તેનો વૈદિક મહિમા વધુ પ્રકાશિત થતો જોઈ રહી છે. તેમની વિદ્વતા, શાસ્ત્રીય સિદ્ધાંતોની અજોડ સ્પષ્ટતા અને સનાતન સંસ્કૃતિ પ્રત્યેની તેમની દોષરહિત ભક્તિ માત્ર સનાતન પરંપરાને મજબૂત બનાવે છે એટલું જ નહીં પરંતુ, આધ્યાત્મિક સાધકો માટે માર્ગદર્શક પણ બને છે.

આ મહાન વૈદિક ગૌરવના ક્ષણમાં, શ્રી કાશી વિદ્વત પરિષદ, તેના તમામ વિદ્વાનો અને ધાર્મિક ધર્મગુરુઓ સાથે, પૂજ્ય સ્વામી ભદ્રેશદાસજીનું હૃદયપૂર્વક સ્વાગત અને વંદન કરે છે. આ સન્માન સમારોહ ૩ ફેબ્રુઆરીના રોજ વસંત પંચમીના શુભ અવસર પર શ્રીકાશી વિદ્વત પરિષદના પ્રમુખ શ્રી વશિષ્ઠ ત્રિપાઠીના નિવાસસ્થાને આયોજિત કરવામાં આવ્યો હતો. પ્રમુખ પ્રો. વશિષ્ઠ ત્રિપાઠી, ઉપપ્રમુખ પ્રો. રામકિશોર ત્રિપાઠી, પ્રો. સદાશિવ દ્વિવેદી, કન્વીનર પ્રો. રામનારાયણ દ્વિવેદી, પ્રો. વિનય કુમાર પાંડે, પ્રો. દિનેશ કુમાર ગર્ગ, પ્રો. રમાકાંતજી સહિત અન્ય આદરણીય સભ્યો હાજર હતા.

# બ્લુ કબ્સ બેબી લીગની ફાઈનલ મેચ માટેની તડામાર તૈયારીઓ

## યુ-૮ બોયઝ, યુ.૧૦ અને યુ.૧૨ બોયઝ ગર્લ્સ કરશે પોતાની રમતનું પ્રદર્શન

**અબતક, રાજકોટ**

રાજકોટ ડિસ્ટ્રીકટ ફુટબોલ ગુજરાત સ્ટેટ ફુટબોલ એસો. તથા ઓલ ઈન્ડિયા ફેડરેશન દ્વારા આયોજીત બ્લુ કબ્સ બેબી લીગ ફુટબોલ ટુર્નામેન્ટ તા. ૨૫-૧ થી તા. ૯-૨ દરમિયાન તન્ના સ્પોર્ટસ લોન્જ યુનિ. રોડ, રાજકોટ ખાતે રમાડવામાં આવી રહી છે. જેની ફાઈનલ મેચ તા ૯-૨ બપોરે ૩ કલાકે શરુ કરવામાં આવશે. જેમાં યુ.૮ બોયઝ, યુ.૧૦ બોયઝ, ગર્લ્સ તથા યુ.૧૨ બોયઝ ગર્લ્સ રમાડવામાં આવશે. આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે પ્રમુખ ગુણુભાઈ ડેલાવાળા તથા તન્ના સ્પોર્ટસ લોન્જના વિક્રમભાઈ તન્નાની આગેવાની હેઠળ રાજકોટ ડિસ્ટ્રીકટ ફુટબોલ એસો.ના હોદેદારો તથા માસ્તર એફ.સી. ફુટબોલ કલબના ખેલાડીઓ જહેમત ઉઠાવી રહેલ છે.

# ફેમિલી કોર્ટમાં પ્રેક્ટિસ કરતા એડવોકેટને પડતી મુશ્કેલી અંગે શુક્રવારે મળશે બેઠક

**અબતક, રાજકોટ**

જૂની કલેકટર કચેરી સ્થિત ફેમિલી કોર્ટમાં પ્રેક્ટિસ કરતા એડવોકેટને પડતી મુશ્કેલીઓ અંગે એક મહત્વની મીટીંગનું આયોજન તા. ૭ને શુક્રવારના રોજ બપોરે ૧:૦૦ વાગ્યે કરાયું છે. ફેમિલી કોર્ટના કોન્ફરન્સ હોલમાં વકીલોની મીટીંગ મળશે.


જેમાં ફેમિલી કોર્ટમાં ચાર કોર્ટનો સેટઅપ હોવા છતાં હાલ ત્રણ કોર્ટ કાર્યરત છે. તેમાં પણ બે કોર્ટને ૧૫ - ૧૫ દિવસ ધોરાજી, જેતપુર, ગોંડલ અને જસદણ જવું પડે છે. જેના કારણે રાજકોટની કોર્ટમાં પક્ષકારોને ખૂબ જ મુશ્કેલી પડે છે. ખાસ કરીને માત્ર ભરણપોષણ ઉપર જીવન નિર્વાહ કરતા અરજદારોને ખૂબ જ હાલાકી પડે છે. વકીલોને ડીવીએક્ટનો કેસ ચલાવવા જામનગર રોડ ઉપર જવું પડે છે. ભરણપોષણના કેસો ચલાવવા ફેમિલી કોર્ટમાં જવું પડે છે. જેને કારણે વકીલોને પણ ખૂબ જ મુશ્કેલી પડે છે. શુક્રવારે યોજાનાર મીટીંગમાં રેગ્યુલર ફેમિલી કોર્ટની પ્રેક્ટિસ કરતા વકીલો ઉપસ્થિત રહેશે અને આ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે.

# લોક સાહિત્યકાર સ્વ.જીતુદાન ગઢવીની વાર્ષિક પૂણ્યતીથી નિમિતે કાલે લોકડાયરો

## લોક સાહિત્યકાર અને ચારણી સાહિત્યના ખ્યાતનામ ધુરંધરો ડાયરામાં કરશે જમાવટ

**અબતક, રાજકોટ**

લોકસાહિત્યના જાજરમાન જીવ એવા સ્વ. જીતુદાન ગઢવીની તૃતીય વાર્ષિક પુણ્યતિથી નિમીતે તા. ૦૫, ફેબ્રુઆરી,બુધવારના રોજ, રાત્રે ૮-૦૦ કલાકે પ્રમુખ સ્વામી ઓડીટરીયમ હોલ, આલાપ ગ્રીનસીટીની સામે, રૈયા રોડ, રાજકોટ ખાતે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.




ડાયરામાં મેરાણ ગઢવી, અનુભા (બાવળી), જીતુ કવિ દાદ, પિયુદાન ગઢવી, નિકુલદાન ગઢવી, વિજયાબેન વાઘેલા સહિતના દેશવિદેશમાં લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય ખ્યાતનામ ધુરંધરો ડાયરામાં જમાવટ કરી લોકોને લોકસાહિત્ય અને ચારણી સાહિત્યનું અદભૂત રસ પીરશસે. સૌરાષ્ટ્રનાં નાના એવા ગામ વાંકાનેરમાં સ્વ.હરીસંગભાઈ તથા દોલતબાના કુખે જન્મેલ જીતુદાન ગઢવીનો જન્મ થયેલ, નાનપણથી જ લોકસાહિત્ય અને ચારણી સાહિત્યમાં રૂચી ધરાવતા, એ જમાનામાં માત્ર ૮ ચોપડીનું ભણતર પૂરું કરીને, ૧૭ વર્ષ જેટલો સમય સૌરાષ્ટ્રના જુદા-જુદા ગામડાઓમાં ગ્રામસેવક તરીકે ફરજ બજાવી પણ તેમનો મુળ જીવ લોકસાહિત્ય અને ચારણી સાહિત્યમાં પરોવાયેલ હોવાથી આશરે ૫૦ વર્ષ પહેલા લોકડાયરાની શરૂઆત કરી સમગ્ર વિશ્વમાં ચારણી સાહિત્યને ગુંજતુ કર્યું. તો જાહેર જનતાને આ કાર્યક્રમમાં પધારવા આમંત્રણ પાઠવેલ છે.

# ડીવાઈન ચેરી. ટ્રસ્ટ દ્વારા યોજાયો વિનામૂલ્યે દંતયજ્ઞ કેમ્પ

## માણાવદરના ૭૯, ગીર સોમનાથ જીલ્લાના ૧૬૭ દર્દીઓએ લીધો લાભ

**અબતક, રાજકોટ**

ડીવાઈન ચેરી. ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજયુ. રાજકોટના સહયોગથી દર પહેલી તારીખે અલગ અલગ સ્થળ પર નિ:શુલ્ક દંતયજ્ઞ અને દાંતની બત્રીસી ના કેમ્પ યોજવામાં આવે છે.

જેમાં માણાવદર ગામે જનસેવા મંડળના ઉપક્રમે યોજાયેલ દંતયજ્ઞનું દીપ પ્રાગટય કરી પૂ. કોઠારી સ્વામી મોહન પ્રકાશદાસજી (મુખ્ય સ્વામી મંદીર) ના આશિવચન સાથે આરંભ કરવામાં આવેલ. જેમાં ૭૯ લોકોએ લાભ લીધો હતો. અને ૨૧ દર્દીઓના દાંત આયુવેદીક જાલંધર બંધ યોગ પધ્ધતિ વડે ઈન્જે. કે દવા વગર કાઢી આપવામાં આવેલ. તથા રમેશભાઈ કાનાબાર (રીટા. બેંક મેનેજર) એડવો. પ્રફુલાભાઈ મદલાણી, રાધે ડેરીવાળા અને કાર્યકરો દ્વારા સુંદર વ્યવસ્થા પૂરી પાડવામાં આવેલ હતી.



આ ઉપરાંત સોમનાથ ટ્રસ્ટ દ્વારા યોજાયેલ દંતયજ્ઞમાં ૧૬૭ દર્દીઓ ઉપસ્થિત રહેલ જેમાં ગીર સોમનાથ જીલ્લાના ૩૩ ગામના દર્દીઓએ લાભ લીધેલ તથા ૫૦ દર્દીને દાંતની બત્રીસીના માપ આપવામાં આવેલ તથા ટ્રસ્ટના તમામ કાર્યકરોએ કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

આ કેમ્પમાં ડો. જયસુખ મકવાણા તથા તેમની ટીમ ડો. સંજય અગ્રાવત, મોનીકા ભટ્ટ, જાગૃતિ ચૌહાણ તથા રાજુભાઈ વરીયા દ્વારા દર્દીઓને તપાસી જરુરી દવા આપવામાં આવેલ હતી.

# ‘સંગીતમ’ દ્વારા વસંતને આવકારતા માઁ સરસ્વતિના પ્રાગટય દિનની ઉજવણી

**અબતક, રાજકોટ**

શાસ્ત્રીય ગાયન વાદનનું તજજ્ઞ સંગીતજ્ઞો દ્વારા માર્ગદર્શન સહિત અખીલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય તથા બ્રહ્મ ગુજરાત સંગીત સમિતિ દ્વારા લેવાતી પરિક્ષાઓની તૈયારી ઉપરાંત શાસ્ત્રીય સંગીતના બહોળા પ્રચાર સાથે વણાયેલી શહેરની સંગીતમ સંસ્થા દ્વારા તાજેતરમાં વસંત પંચમીના પાવન પર્વેમાં સરસ્વતીજીના પ્રાગટય ઉત્સવની ગુલમહોર પ્લાઝા, રેલનગર ખાતે આવેલ કાર્યાલયે ભકિત ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

અર્જુનલાલ હિરાણી કોલેજના અધ્યાપક ડો. કુમાર પંડયા, પોદાર સ્કુલના સંગીત શિક્ષક ડો. જગદીશ પરમારના અતિથિ વિશેષ પદે યોજાયેલ કાર્યક્રમમાં બાળકો દ્વારે શાસ્ત્રીય રાગમાં મા સરસ્વતિની સમુહ, સ્તુતિથી વાતાવરણ ભકિતમય બન્યું હતું. જયારે ઉપસ્થિત મહાનુભાવોએ પણ ભકિતગાન દ્વારા ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. માં સરસ્વતિજીના પુજન, અર્ચન, આરતી, પ્રસાદ સાથેના આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ રોશનીબેન પંડયા સહીતનાઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# શ્રેયાંસ સ્કુલ દ્વારા વસંતપંચમીની ઉજવણી

**અબતક, રાજકોટ**

શ્રેયાંસ સ્કૂલ (બજરંગવાડી)માં વસંતપંચમી પર્વની ઉજવણી કરવામાં આવી. તેમાં વિદ્યાર્થીઓ દ્વારા વિદ્યાની દેવી માં સરસ્વતીની પીળ રંગન પુષ્પોર્થી શણગારીને, ધૂપ-દીપ અને જળ



અર્પણ કરીને પૂજા-અર્ચના કરવામાાં આવી તેમજ પુસ્તકોની પૂજા કરવામાં આવી. શિક્ષકગણ દ્વારા વિદ્યાર્થીઓને વસંતપંચમી વિશે સમજાવવામાાં આવ્યું. વિદ્યાર્થીઓ ભારતીય સાંસ્કૃતિમાં વસંતપંચમીનું મહત્વ શું છે? તે સમજે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ માટેની જરૂરી પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ આચાર્ય કેયુરભાઈ ડોડીય અને વંશીતાબેન હિરાણી દ્વારા પૂરાં પાડવામાં આવ્યું

# માનવ સેવા એજ પ્રભુ સેવાનું સૂત્ર સાર્થક કરતું યુવા સેના ટ્રસ્ટ

## ૧૧ વર્ષથી અદ્યતન મેડિકલ સાધનોની સુવિધા આપી દર્દીઓ માટે સેવાની અવિરતતા જાળવી બન્યું આશિર્વાદ સમાન

**અબતક, રાજકોટ**

માનવ સેવા એજ પ્રભુ સેવા અને દર્દી દેવો ભવઃ ના સૂત્રને ખરા અર્થમાં ચરિતાર્થ કરવાના ભાગરૂપે સેવાકીય સંસ્થા યુવા સેના ટ્રસ્ટ દ્વારા ગરીબ-જરૂરીયાતમંદ દર્દીઓ માટે અદ્યતન અને અતિ કિંમતી એવા વિવિધ પ્રકારના મેડિકલ સાધનોની સુવિધા છેલ્લા ૧૧ વર્ષથી ઉપલબ્ધ છે. ડિપોઝીટ જમા કરાવી રોજના નજીવા ટોકન દરે ભાડે સંસ્થાના કાર્યાલય સેવા ભવન, ભોલેનાથ સોસાયટી શેરી નં.૪, અંકુર વિદ્યાલય મેઈન રોડ, ગુરુપ્રસાદ ચોક પાસે મેડિકલ સાધનો મળી રહે છે. ડિપોઝીટની રકમ સાધન પરત કર્યે તુરંત જ પાછી આપવામાં આવે છે. મેડિકલ સાધનોની સેવા દરરોજ સવારે ૯ થી ૧૨ અને સાંજે ૪ થી ૭ સુધી ચાલુ હોવાનું તેમજ રવિવારે કાર્યાલય બંધ રહેશે તેમજ એકલા રહેતા મા બાપોને તેમજ જેમની આગળ પાછળ કોઈ ન હોય તેઓને મેડીકલ સાધન તેમના ઘરે પહોંચાડવા માટે સંસ્થા દ્વારા વ્યવસ્થા કરવામાં આવે છે.

ટ્રસ્ટમાં આધુનિક મેડિકલ સાધનો મુખ્યત્વે જેવા કે વોટરબેડ, એરબેડ, વ્હિલચેર, ઓર્થોપેડીક પલંગ, નેબ્યુલાઈઝર, બેડપાન, વોકર, ગરમ પાણીની શેકની કોથળી તથા ઈલેક્ટ્રીક શેકની કોથળી, પ્લાસ્ટીક બેડ પેન, ટોયલેટ ચેર, પ્લાસ્ટીક યુરીનપોટ, કમર બેલ્ટ, નેક બેલ્ટ, હાથ-પગના મોજા, પેરાલીસીસ સ્ટીક, સકશન મશીન, સ્ટીમ ઈન્હેલર, મસાજર, પલ્સ ઓક્સિમીટર તથા દરેક પ્રકારના પટ્ટા વિગરે અનેક પ્રકારના મેડિકલ, સર્જીકલ સાધનો જરૂરિયાતમંદ દર્દીઓ માટે ઉપલબ્ધ છે. સંસ્થામાં આપ દ્વારા ફોન કર્યે આપના સરનામે અમારા કાર્યકર્તાઓ આવી મેડીકલ સાધનો તેમજ અન્ય બિનજરૂરી વસ્તુઓ લઈ જશે. ઉપરોક્ત સરનામે અથવા પ્રમુખ પ્રદ્યુમનસિંહ ઝાલા મો.નં.૯૯૧૩૩૧૦૧૦૦નો સંપર્ક કરી માહિતી મેળવી શકાશે.

# ધારાસભ્ય કરસનભાઈને શ્રદ્ધાસુમન પાઠવતા ભાજપ અગ્રણી જયરાજસિંહ પરમાર

**અબતક, રાજકોટ**

કડી બેઠકના ધારાસભ્ય કરસનભાઈ સોલંકી ના અવસાનના પગલે જાહેર જીવનમાં ઘેરો શોક છવાયો છે,પ્રદેશ ભાજપ અગ્રણી અને ક્ષત્રિય સમાજના આગેવાન જયરાજસિંહ પરમારે કરસનભાઈ સોલંકી ના અવસાનને જાહેર જીવનમાં ક્યારેય ન પુરાનારી ખોટ ગણાવી જણાવ્યું હતું કે એક સામાન્ય દલિત પરિવારના પુત્ર રાજ્યના સૌથી મોટા લોકતંત્ર મંદિર વિધાનસભા સુધી પહોંચે તે લોકતંત્ર માટે ગૌરવ ગણાય આ ગૌરવ કરસનભાઈ સોલંકીએ અપાવ્યું હતું કરસનભાઈ લોકો વચ્ચે રહેનારા નેતા હતા એકમાત્ર ધારાસભ્ય હતા જે બસમાં મુસાફરી કરતા તેમનું સાદુ અને લોક ઉપયોગી જીવન ગુજરાતનું ગૌરવ હતું તેમની વિદાયએ ખોટ ઉભી કરી છે. પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે અને તેમના કુટુંબીજનો પર આવી પડેલા દુઃખ સહન કરવા માટે કુદરત શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે જયરાજસિંહ પરમાર એ કરસનભાઈ ને શ્રદ્ધાંજલિ પાઠવી હતી

# કેન્દ્રીય બજેટ અંગે કાલે કરવેરા સલાહકાર મૂકેશ પટેલ વેપારી-ઉદ્યોગપતીઓને આપશે ‘માર્ગદર્શન’

## કાલે બપોરે પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ હોલમાં સેમિનારમાં રજીસ્ટ્રેશન કરાવવા અનુરોધ

**અબતક, રાજકોટ**

બજેટના લેખાજોખા સામાન્ય જનતાથી વેપારી ઉદ્યોગપતીઓ અને કરવેરા સલાહકારો માટે આશીર્વાદરૂપ બને છે ત્યારે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરવેરા સલાહકાર મૂકેશભાઈ પટેલના માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે.

કરવેરા સલાહકાર, પ્રખરલેખક તેમજ વકતા મુકેશભાઈ પટેલનું વકતવ્ય કાર્યક્રમ તા. ૫- ૨-૨૦૨૫, બુધવારના રોજ બપોરે ૩:૪૫ કલાકે, પ્રમુખસ્વામી ઓડિટોરીયમ હોલ, રાજકોટ ખાતે રાખેલ છે. મુકેશભાઈ પટેલ તેમની હળવી શૈલીમાં કરદાતાને કયા પ્રકારે બજેટ અસરકર્તા રહેશે તે જણાવશે. ઉપરાંત ભારતીય અર્થતંત્ર પર લાંબાગાળાની અસરો વિષે માહિતગાર કરશે.

બજેટ રસપ્રદ હોય રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તમામ સભ્યોઓ તથા આમ પ્રજાને આ વકતવ્ય કાર્યક્રમનો ખાસ લાભ લેવા તેમજ બપોરે ૩:૪૫ વાગ્યે અચુક ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવે છે. આ કાર્યક્રમ નિ:શુલ્ક રાખેલ છે જેમાં વહેલતા તે પહેલાના ધોરણે પ્રવેશ હોય, વ્યવસ્થાના ભાગરૂપે રજીસ્ટ્રેશન કરવું ફરજીયાત છે. જે માટે આપેલ લીન્ક https://forms.gle/135aU2tiGHSCGGbx8 અથવા ફોનનં.૦૨૮૧-૨૨૨૭૪૦૦ / ૨૨૨૭૫૦૦ મો. ૭૩૮૩૧૨૭૪૦૦ ઉપર રજીસ્ટ્રેશન કરી શકાશે. તેમ રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.પી. વૈષ્ણવની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

# આઈપીએસ અભય ચુડાસમાનું સેવા નિવૃત્તિના આઠ માસ પૂર્વે જ સ્વૈચ્છિક રાજીનામું

## પોલીસ એકેડમીમાં કાર્યરત વર્ષ ૧૯૯૮ના આઈપીએસ ઓક્ટોબર માસમાં નિવૃત્ત થવાના હતા

**અબતક, રાજકોટ**

સિનિયર આઈપીએસ અભય ચુડાસમાએ સ્વૈચ્છિક રાજીનામુ આપી દીધું છે. તેઓ ઓક્ટોબર માસમાં સેવા નિવૃત થવાના હતા પણ તેમણે આઠ માસ પૂર્વે જ રાજીનામુ આપી દીધું છે. હાલમાં તેઓ પોલીસ એકેડમીમાં ફરજ બજાવી રહ્યા હતા.

પોલીસ બેડામાંથી મોટા સમાચાર પ્રાપ્ત થયા છે. આઈ.પી.એસ અધિકારી અભય ચુડાસમાએ વયનિવૃત્તિ પહેલાં રાજીનામું આપ્યું છે. તેઓ ૧૯૯૮ બેચના ઈંડજ અધિકારી છે અને ઓક્ટોબર મહિનામાં નિવૃત્ત થવાના હતા. હાલમાં પોલીસ તાલીમ શાળામાં કાર્યરત હતા.



અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલા કોડીનારમાં આયોજિત એક કાર્યક્રમમાં આઈપીએસ અભય ચુડાસમાએ કહ્યું હતું કે, 'હું રાજકારણમાં ક્યારેય જોડાઈશ નહીં, સમાજના શિક્ષણ ક્ષેત્રે કામ કરીશ.' જેથી હવે નિવૃત્તિ બાદ સમાજસેવામાં કાર્યોમાં જોડાશે એવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

અભય ચુડાસમા ૧૯૯૮ બેચના આઈપીએસ અધિકારી છે. તેઓ મૂળ ધોળકા નજીક રતનપુર ગામના વતની છે. તેમણે નાની ઉંમરે જ અંકલેશ્વર ખાતે ડી.વાય.એસ.પી. તરીકે પ્રથમ પોસ્ટિંગ મળ્યું હતું. તેમને પોલીસ સેવામાં લાંબી સેવા બાદ એપ્રિલ ૨૦૨૪માં ગાંધીનગરમાં સ્ટેટ પોલીસ એકેડેમીમાં પ્રિન્સિપાલ રૂપે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આઠ જ મહિનામાં નિવૃત્ત થવાના હોવા છતાં વહેલા રાજીનામાં કારણે તેમના અનેક સાથી પોલીસકર્મીઓ ચોંકી ગયા હતા. જોકે રાજીનામાં પાછળ શું કારણ છે તે અંગે ચુડાસમાએ કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી.

અનેક મોટા ગુનાઓનો ભેદ ઉકેલનાર અભય ચુડાસમાની ગણના જાંબાઝ પોલીસ અધિકારીઓમાં થાય છે. આઈપીએસ અધિકારી અભયસિંહ ચુડાસમાં પોલીસ બેડામાં એક જાણીતું નામ છે. એન્કાઉન્ટર સ્પેશ્યાલિસ્ટ અભય ચુડાસમાની કામ કરવાની આગવી શૈલી હતી. આઈપીએસ અધિકારી અભયસિંહ ચુડાસમાનું પોતાનું નેટવર્ક હતું. પોતાના આ જ નેટવર્કના આધારે તેઓ ગુનેગારોને પાતાળમાંથી પણ શોધી કાઢતા હતા.

### અમદાવાદ સિરિયલ બ્લાસ્ટના ગુનાનો ફક્ત ૧૯ દિવસમાં ભેદ ઉકેલ્યો'તો

અભય ચુડાસમા વર્ષ ૨૦૦૭-૦૯માં ક્રાઈમ બ્રાન્ચમાં આવતાં પહેલાં જ 'એન્કાઉન્ટર સ્પેશ્યાલિસ્ટ' તરીકે ઓળખાવા લાગ્યા હતા. અભય ચુડાસમા નેટવર્કિંગ ઉપરાંત ટેક્નોલોજીના શાર્પ યુઝ માટે પણ જાણીતા હતા. એમણે તપાસ કરી હોય તેવા સૌથી ચર્ચાસ્પદ અમદાવાદ બ્લાસ્ટના કેસની વાત કરીએ તો બાતમીદારોનું સારુ નેટવર્ક ધરાવતા અભય ચુડાસમાએ આ જ નેટવર્કની મદદથી આ કેસ ઉકેલ્યો હતો. ૨૬ જુલાઈ ૨૦૦૮ના દિવસે અમદાવાદમાં થયેલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટે શહેરને રક્ત રંજીત કરી નાંખ્યુ હતુ. આ કેસની તપાસ ક્રાઈમ બ્રાન્ચના તત્કાલિન ડીસીપી અભય ચુડાસમા સહિતની ટીમના દબંગ અધિકારીઓએ માત્ર ૧૯ દિવસમાં જ દેશના મોટા બોમ્બ બ્લાસ્ટના ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો હતો અને ૩૦ આરોપીઓને ઝડપી લીધા હતા.

### સોહરાબુદ્દીન શેખ એન્કાઉન્ટર કેસમાં ધરપકડ થઈ'તી

ગુજરાતના બાહોશ અધિકારી ગણાતા અભય ચુડાસમાની સીબીઆઈએ એપ્રિલ ૨૦૧૦માં સોહરાબુદ્દીન શેખના નકલી એન્કાઉન્ટર મામલે ધરપકડ કરવામાં આવી હતી. જોકે ચાર વર્ષ પછી ૨૮ એપ્રિલ ૨૦૧૪ના રોજ મુંબઈ કોર્ટે તેમને જામીન આપ્યા હતા. જોકે સીબીઆઈની કોર્ટે અભય ચુડાસમાને સોહરાબુદ્દીન શેખના નકલી એન્કાઉન્ટર કેસમાં નિર્દોષ મુક્ત કર્યા હતા. કોર્ટે કહ્યું હતું કે તેમની સામે કોઈ કાર્યવાહી યોગ્ય પુરાવા નથી. ઓગસ્ટ ૨૦૧૪માં ગુજરાત પોલીસે ચુડાસમાને ફરી નોકરી આપી દીધી હતી. જૂન ૨૦૧૫માં ગુજરાત સરકારે ચુડાસમાને નાયબ પોલીસ મહાનિરીક્ષકના હોદ્દા પર પ્રમોશન આપ્યું હતું.

# સાધુ વાસવાણી રોડ પરથી ૪૬ ટપાલ સહિત પોસ્ટમેનના મોટરસાયકલની ચોરી

## કોપર હાઈટ્સમાં ડિલિવરી આપીને પરત આવી જોતા વાહન મળી આવ્યું નહિ : યુનિવર્સિટી પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

શહેરના સાધુ વાસવાણી રોડ પર પોસ્ટમેનનું વાહન ગઠિયો ઉઠાવી ગયાનો બનાવ સામે આવ્યો છે. વાહનમાં રાખેલા ૪૬ આર્ટિકલ પણ ગઠિયો ઉપાડી ગયો હતો. જે મામલે યુનિવર્સીટી પોલીસમાં અજાણ્યા તસ્કર વિરુદ્ધ ગુનો નોંધાયો છે. હાલ સીસીટીવી મારફત ગઠીયાની ઓળખ મેળવવા તજવીજ શરૂ કરી દેવામાં આવી છે.

મામલામાં હિતેશકુમાર દલપતભાઈ ચૌહાણ(ઉ.વ.૨૭ રહે ન્યુ સર્વોદય સોસાયટી શેરી નં ૮/૧૦ કોર્નર, ભાવનગર રોડ અને મૂળ રહે ખડખડ ગામ, કુકાવાવ,અમરેલી)એ યુનિવર્સીટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદ કરતા જણાવ્યું હતું કે, તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એરીયા પોસ્ટ ઓફિસમાં પોસ્ટમેન તરીકે નોકરી કરે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હીરો હોન્ડા કંપનીનું સપ્લેન્ડર પ્લસ મોટરસાયકલ જેના નંબર જીજે-૧૪-એબી-૩૮૧૭ છે.

ગઈકાલે બપોરના આશરે બે વાગ્યાની આસપાસ હું મારુ હીરો હોન્ડા કંપનીનું પ્લેન્ડર પ્લસ લઈને મારી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એરીયા પોસ્ટ ઓફિસના આર્ટિકલ એટલે કે ટપાલ જે મારા ખભા પર રાખેલ થેલામાં આશરે કુલ ૫૨ આર્ટીકલ લઈને નીકળ્યા હતા. જે પૈકી એક ટપાલની ડિલિવરી આપવા સાધુવાસવાણી રોડ પર આવેલ કોપરહાઈટ્સ બિલ્ડીંગની બહાર ફૂટપાથ ઉપર વાહન પાર્ક કરી ખભા પર રાખેલા થેલો વાહનમાં ટીંગાળી કોપરહાઈટ્સ બિલ્ડીંગમાં ગયો હતો. ડિલિવરી આપીને પરત આવતા મોટરસાયકલ ક્યાંય જોવા મળ્યું ન હતું. જેથી આજુબાજુમાં પણ તપાસ કરી હતી પણ મળી નહિ આવતા ગઠિયો ડિલિવર કરવાના બાકી ૪૬ આર્ટિકલ અને મોટરસાયકલની ચોરી અંગે યુનિવર્સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી મારફતે તપાસ શરૂ કરી છે.

# કુતિયાણા ગામે પત્ની સાથે બોલાચાલી થતાં પતિનો આપઘાત

## વાડી ખાતે ઝેરી દવા ગટગટાવી લેતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત

**અબતક, રાજકોટ**

પોરબંદર જિલ્લાના કુતિયાણા ખાતે પત્ની સાથે બોલાચાલી થતાં પતિએ આપઘાત કરી લીધાનો બનાવ સામે આવ્યો છે. વાડી વિસ્તારમાં પત્ની સાથે બોલાચાલી થતાં ખેતરમાં જીવાતને મારવા છાંટવામાં આવતી ઝેરી દવા ગટગટાવી લેતા યુવાનનું રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર કુતિયાણા ખાતે રહેતા જશુભાઈ ભીખાભાઈ વાઘેલા(ઉ.વ.૩૦) લખુભાઈ ભુરાભાઈની ૪૦ વીઘાની વાડી ભાગીયે વાવતા હતા. ગત ૨૯ જાન્યુઆરીના રોજ વાડી ખાતે પત્ની સાથે કોઈક બાબતે બોલાચાલી થતાં માંઠુ લાગી આવ્યું હતું. જે બાદ જશુભાઈએ ધાણામાં છાંટવાની ઝેરી દવા ગટગટાવી લીધી હતી. પતિએ પગલું ભરતા તાત્કાલિક પત્ની સહિતનાએ પ્રથમ ઉપલેટા સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

જૂનાગઢ ખાતે તબિયતમાં સુધારો થઈ જતાં જશુભાઈએ હોસ્પિટલમાંથી રજા લઈ લીધી હતી પણ તે જ રાત્રે ફરીવાર તબિયત બગડતા સારવાર અર્થે રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન યુવકનું મોત નીપજતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. જશુભાઈના મોતથી પાંચ પુત્રીઓ અને એક પુત્ર એમ કુલ છ સંતાનોએ પિતાની છત્રછાંયા ગુમાવી દીધી હતી.

# સિવિલ હોસ્પિટલમાં ડાયાબિટીસ, થેલેસેમિયાની દવા અને હડકવા વિરોધી રસીની અછત દૂર કરવા કોંગ્રેસની માંગ

## પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલાએ તબીબ અધિક્ષકને આપ્યું આવેદન

**અબતક રાજકોટ**

સૌરાષ્ટ્રના પાટનગર ગણાતા રાજકોટમાં લાઈફલાઈન જેવી સિવિલ હોસ્પિટલમાં જરૂરી જીવન રક્ષક દવા અને હડકવા વિરોધી રસી ની અછત ના પગલે લોકોને હાલાકી અને જાનનું જોખમની પરિસ્થિતિમાં મુકાઈ જવું પડે છે પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલાએ તબીબી અધિક્ષકને પત્ર પાઠવી હોસ્પિટલમાં ખૂટતી દવાઓને



સુવિધાઓ સાથે ફાયર સેફ્ટીની વ્યવસ્થા કરવા માંગ કરી છે. ગાયત્રીબા વાઘેલાએ તબીબી અધિક્ષકને પાઠવેલા પત્રમાં હોસ્પિટલમાં થેલેસેમિયા, ડાયાબિટીસ અને હડકવા વિરોધી જીવંત રક્ષક દવાઓ ઈન્જેકશન ની છેલ્લા લાંબા સમયથી ભારે અછત પ્રવૃત્તિ રહી છે.

ખૂટતી દવાઓની સાથે સાથે ફાયર સેફ્ટીની વ્યવસ્થા ઉપલબ્ધ કરીને હોસ્પિટલને સંપૂર્ણ સુવિધા યુક્ત બનાવવા ગાયત્રીબા વાઘેલાએ તબીબી અધિક્ષક ને પત્ર લખી ઘટતું કરવા માંગ કરી છે

# માળીયા(મી):બોલેરોના ચોરખાનામાં છુપાવેલો વિદેશી દારૂના જંગી જથ્થા સાથે બે ઈસમોની અટક

## સ્થાનિક પોલીસે દરોડો પાડી ૨૩૨ નંગ દારૂ અને વાહન મળી રૂ. ૫.૫૧ લાખનો મુદામાલ કબ્જે કર્યો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

માળીયા(મી) પોલીસ ટીમ સુરજબારી ચેકપોસ્ટ ખાતે સ્થાનિક સ્વરાજ્ય ચુંટણી અનુસંધાને વાહન ચેકીંગમાં હોય તે દરમ્યાન બોલેરો કારના ચોરખાનામાં છુપાવેલ વિદેશી દારૂની ૨૩૨ નંગ બોટલ સાથે બે પકડાયા, હાલ પોલીસે બોલેરો સહિત ૫.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે લઈને બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક દ્વારા આગામી સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી અનુસંધાને મોરબી જીલ્લામાં પ્રોહીબીશન-જુગારની પ્રવૃતિ સદંતર નાબુદ કરવા જીલ્લામાં આવેલ એન્ટ્રી તથા એકઝીટ પોઈન્ટ ઉપર ચેકપોસ્ટ ઉભી કરી સઘન વાહન ચેકીંગ કરવા સુચના કરેલ હોયજે અનુસંધાને માળીયા(મી) પોલીસ મથક પીઆઈ આર સી ગોહિલ સહિત સર્વેલન્સ ટીમ માળીયા(મી) સુરજબારી ચેકપોસ્ટ ખાતે વાહન ચેકીંગ કરતા હોય તે દરમ્યાન એક શંકાસ્પદ બોલેરો કાર નીકળતા તેને ઉભી રખાવી ચેક કરતા શંકા જતા કારને સાઈડમાં રખાવી જીણવટ ભરી રીતે તપાસ કરતા મહિન્દ્રા બોલેરો પીકઅપ કાર નં. જીજે-૩૬-ટી-૧૯૯૨ વાળીના ઠાઠામાં બંને સાઈડ તથા નીચેના ભાગે ચોરખાનુ બનાવી તેમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો, જેથી પોલીસે આરોપી દશરથભાઈ હરકનભાઈ ખાંભલા ઉવ.૨૬ રહે. રામપુરા છોટા તા.ધાનેરા જી.બનાસકાંઠા તેમજ આરોપી બાબુભાઈ જવાનાજી ભાડચા ઉવ.૪૦, રહે. જાલડા, તા.રાનીવાડા, જી.ઝાલોર, રાજસ્થાન હાજર મળી આવતા બંનેની અટક કરી હતી, ત્યારે પોલીસે વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૨૩૨ બોટલ કિ.રૂ.૨,૫૧,૦૪૨/- તથા બોલેરો ગાડી સહિત ૫,૫૧,૦૪૨/-નો મુદ્દામાલ જપ્ત કરી બંને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કસ્ટોડીયલ ડેથમાં સહ-આરોપી સંદીપ ગાંધીને શંકાનો લાભ

**અબતક, રાજકોટ**

રાજમોતી ઓઈલ મીલના કર્મચારી (અમદાવાદ સ્થતિ બ્રાંચ મેનેજર) દિનેશભાઈ દક્ષીણીનું પોલીસ કસ્ટડીમાં શંકાસ્પદ હાલતમાં મૃત્યુ થયેલું હોવાના અનુસંધાને સમીર ગાંધી, પોલીસ સબ-ઈન્સ્પે. મારુ, યોગેશ ભટ્ટ વિગેરે સહીતના વિરુધ્ધ ગુનો નોંધાયેલો હતો. તેમજ કોર્ટમાં અલગ અલગ આરોપીઓ વિરુધ્ધ ગુનો નોંધાયેલો હતો.તેમજ કોર્ટમાં અલગ અલગ આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ પણ કરવામાં આવેલું હતું. જે કેસમાં તાજના સાક્ષી તરીકે સમીર ગાંધીએ કોર્ટમાં અરજી



આપેલી હતી તે મંજુર કરતા તેની જુબાની કોર્ટ રુબરુ લેવામાં આવેલું હતી.

આ બનાવવામાં સહ આરોપી સંદીપ કીર્તિકુમાર ગાંધી, કીર્તિકુમાર શાંતિલાલ ગાંધી વિરુધ્ધ પણ ગુન્હો નોંધી અલગથી ચાર્જશીટથી કરી કેસ ચાલેલી હોય જેમાં સહ-આરોપી સંદીપ કીર્તીકુમાર ગાંધીને શંકાનો લાભી આપી નિર્દોષ છોડી મુકાવાનો અધિક સેસન્સ જજે હુકમ કરેલા તેમજ ચાલુ ટ્રાયલ દરમ્યાન સહ-આરોપી કીર્તીકુમાર શાંતિલાલ ગાંધીનું અવસાન પામેલ હોય જેને કોર્ટે કેસ એબેટ કરવામાં આવ્યો હતો.

આરોપી સંદીપ કીર્તીકુમાર ગાંધી તરફે રાજકોટના યુવા એડવોકેટ જીજ્ઞેશ લાખાણી એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

# જામનગરના પોલીસ હેડ ક્વાર્ટર પાછળના મેદાનમાં ઓક્સિજન પાર્કનું નિર્માણ

## આઈ જી અશોકકુમાર યાદવના માર્ગદર્શન હેઠળ ૨૫૦૦૦ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો: સદભાવના ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ત્રણ વર્ષ સુધી વૃક્ષોનુ નિભાવ કરવામાં આવશે

**અબતક, સાગર સંઘાણી જામનગર**

જામનગરના પોલીસ વિભાગ દ્વારા એચડીએફસી બેન્કના સહયોગથી ગો-ગ્રીન એક્ટિવિટી ફેબ્રુઆરી -૨૦૨૫ અંતર્ગત ઓક્સિજન પાર્કનું જામનગરના પોલીસ હેડ ક્વાર્ટર પાછળના વિસ્તારમાં આવેલા વિશાળ ગ્રાઉન્ડમાં કરવામાં આવ્યું છે. અને તેના ભાગરૂપે ૨૫,૦૦૦ જેટલા અલગ અલગ વૃક્ષોનું વાવેતર કરવામાં આવી રહ્યું છે. જેનો આજથી પ્રારંભ કરાયો હતો, અને રાજકોટ રેંજના આઈજીપી અશોકકુમાર યાદવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ નો કાર્યક્રમ યોજાયો હતો.





જામનગર ના એસ.પી. પ્રેમસુખ ડેલુ દ્વારા સૌ પ્રથમ રાજકોટ રેન્જ ના આઈજીપી અશોકકુમાર યાદવ ને ગાર્ડ ઓફ ઑનર અપાયા બાદ સ્વાગત કર્યું હતું. આ વેળાએ જામનગરના એસ.પી. ની સાથે પોલીસ બેડામાં ફરજ બજાવતા પોલીસ હેડ ક્વાર્ટર ના ડીવાયએસપી વિ.કે. પંડ્યા જામનગર શહેર વિભાગના ડીવાયએસપી જે. એન. ઝાલા, જામનગર ગ્રામ્ય વિભાગના ડીવાયએસપી આર.બી. દેવધા આ ઉપરાંત જામનગર શહેર જિલ્લામાં ફરજ બજાવતા અન્ય તમામ પોલીસ અધિકારીઓ, એલસીબી, એસઓજી શાખાની ટુકડી વગેરે જોડાયા હતા.

એચડીએફસી બેન્કના સહયોગથી સમગ્ર ઓક્સિજન પાર્કનું નિર્માણ થઈ રહ્યું છે સૌ પ્રથમ રાજકોટ રેન્જ ના આઈજીપી અશોકકુમાર યાદવ ના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું, આ વેળાએ એચડીએફસી બેન્કના અધિકારી નીરજ દત્તાણી તથા અન્ય બેંકના અધિકારીઓ અને સ્ટાફ વગેરે હાજર રહ્યા હતા, અને વૃક્ષારોપણ કરાયું હતું.આશરે ૨૫,૦૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવી રહ્યું છે, જેમાં તમામ પ્રકારના ફૂલ ઝાડ ફળ ફ્રૂટ ના વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે, અને રાજકોટના સદભાવના ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તેની ત્રણ વર્ષ સુધી માવજત કરવામાં આવશે.

જામનગર શહેરમાં પર્યાવરણની જાળવણીના ભાગરૂપે પોલીસ તંત્ર દ્વારા એચડીએફસી બેન્કના સહયોગથી આ એક મોટું ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે.

### આજે વિશ્વ કેન્સર દિન: જાણતા જાણતા આપણે જીવનને જોખમમાં મૂકીએ છીએ?

# ન હોય...! ભાઈઓ તો ઠીક ૨૦ વર્ષમાં મહિલાઓમાં 'મુખ- કેન્સર'નું પ્રમાણ ૧૪૮% વધ્યું

## ૨૦૦૫માં મહિલાઓના મુખ- કેન્સરના ૩૭૯ કેસો હતા જે ૨૦૨૪ સુધીમાં વધીને ૧,૦૦૦ સુધી પહોંચ્યા

**અબતક, રાજકોટ**

આજે વિશ્વભરમાં કેન્સર દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેનું મુખ્ય હેતુ વૈશ્વિક સ્તરે જાગૃતિ લાવવા, તેના નિવારણ શોધ અને સારવારને પ્રોત્સાહન આપવા સહિત કેન્સર સામે લડવાનો છે. વર્ષ ૨૦૦૦માં યુનિયન ફોર ઈન્ટરનેશનલ કેન્સર કંટ્રોલ દ્વારા શરૂ કરાયેલ આ પહેલ કેન્સર દ્વારા ઉભા થયેલ પડકારોનો સામનો કરવા માટે વિશ્વભરમાં વ્યક્તિઓ, સમુદાયો અને સંગઠનને એકત્રિત કરી કાર્ય કરી રહ્યું છે.ત્યારે ગુજરાતમાં મહિલાઓના મુખ કેન્સર ને લઈ ચિંતાજનક આંકડો સામે આવ્યો છે. જેમાં ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI) ના ડેટા અનુસાર, એક સમયે મહિલાઓ માટે અતિ દુર્લભ ગણાતા સ્ત્રીઓમાં મોઢાના કેન્સરના કેસમાં ચિંતાજનક વધારો સામે આવ્યો છે. જેમાં છેલ્લા બે દાયકામાં ધરખમ વધારો નોંધાયો છે. ૨૦૦૫ માં મોં, જીભ, પેઢા અને ગળા જેવા સ્થળોને લગતા ૩૭૯ કેસ હતા, જે ૨૦૧૯ સુધીમાં વધીને ૯૪૧ થઈ ગયા - જે ૧૪૮% નો વધારો દર્શાવે છે. આ સાથે ૨૦૨૪ સુધીમાં આ કેસ વાર્ષિક ૧,૦૦૦ સુધી પહોંચી ગયા હતા.ત્યારે આ અંગે GCRIના ડિરેક્ટર દ્વારા જણાવ્યા અનુસાર, ગુજરાતમાં મહિલાઓમાં ધૂમ્રપાનના કેસોમાં વધારો થવા પાછળનું મુખ્ય કારણ ધૂમ્રપાન અને મસાલા બંને સ્વરૂપોમાં તમાકુનું સેવન છે. પુરુષોમાં તમાકુનો ઉપયોગ વધુ જોવા મળે છે, પરંતુ હાલ ખાસ કરીને શહેરી વિસ્તારોની મહિલાઓમાં ધૂમ્રપાનની આદતમાં વધારો થતો હોવાથી કેન્સરના દેશોમાં વધારો જોવા મળી રહ્યો છે,"

ત્યારે GCRI રિપોઝીટરી અનુસાર, ૨૦૨૩ ની સરખામણીમાં ૨૦૨૪ માં એકંદર કેન્સરના દર્દીઓમાં ૬% નો નજીવો વધારો થયો હતો. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ગુજરાતમાં છેલ્લા દાયકામાં વસ્તી આધારિત પ્રમાણમાં બહુ ફેરફાર થયો નથી કારણ કે પુરુષોમાં મોં, જીભ અને ફેફસાં અને સ્ત્રીઓમાં સ્તન, સર્વિક્સ અને મોં ટોચના ત્રણ કેન્સર સ્થળો રહ્યા છે. પુરુષોમાં કેન્સરના ૧૦,૨૩૯ કેસોની સરખામણીમાં, સ્ત્રીઓમાં આ સંખ્યા ૬,૯૩૫ હતી.

### કેન્સરને લગતી માન્યતાઓ

કેન્સર ઘણીવાર એવી માન્યતાઓ અને નિષેધથી ઘેરાયેલું હોય છે જે ભય અને ખોટી માહિતી પેદા કરે છે. કેટલાક માને છે કે કેન્સર હંમેશા જીવલેણ હોય છે, પરંતુ વહેલા નિદાનથી ઘણા પ્રકારોનો ઈલાજ શક્ય છે. ત્યારે તે વિષે જાગૃતિ અને વૈજ્ઞાનિક તથ્યો ફેલાવવાથી આ ગેરમાન્યતાઓનો સામનો કરવામાં મદદ મળે છે, વહેલા તપાસ, યોગ્ય સારવાર અને દર્દીઓ અને બચી ગયેલા લોકો માટે વધુ સારો ટેકો મળે છે. જ્ઞાન સશક્ત બનાવે છે, ખોટી માન્યતાઓ નુકસાન પહોંચાડે છે! ત્યારે વહેલાસર તપાસ અને યોગ્ય સારવાર જરૂરી છે. કૌટુંબિક ઈતિહાસ, સકારાત્મક વિચારસરણી અને ઉંમર ફક્ત કેન્સરના પરિણામો નક્કી કરતી નથી. તેમજ કેન્સર ચેપી નથી. આ સાથે આવી દંતકથાઓ અને માન્યતાઓ બિનજરૂરી ચિંતા પેદા કરી શકે છે. ત્યારે આ અંગે જાગૃતિ ફેલાવવી અને નિષ્ણાંતોની સલાહ લેવી એ નિવારણ અને વધુ સારા સારવારના નિર્ણયો માટે મહત્વપૂર્ણ છે. જેથી આ અંગેની માન્યતાઓ થી દુર રહી સમયસર આવશ્યક સારવાર મળી રહે છે.

### 'યુનાઈટેડ બાય યુનિક'ની થીમ સાથે વિશ્વ કેન્સર દિવસની ઉજવણી

દર વર્ષે આજના દિવસે વિશ્વ કેન્સર દિવસ ઉજવવામાં આવે છે. ત્યારે આ વર્ષે, તેની થીમ 'યુનાઈટેડ બાય યુનિક' રાખવામાં આવી છે, જે વ્યક્તિગત સારવારના મહત્વ અને ચોક્કસ જૂથોની ચોક્કસ જરૂરિયાતો પર ભાર મૂકે છે. આ થીમ કેન્સરની સંભાળ માટે લોકો-કેન્દ્રિત અભિગમ પર ભાર મૂકે છે, વ્યક્તિઓ અને તેમની વાતચીતને કેન્દ્રમાં રાખે છે. તે સ્વીકારે છે કે જ્યારે કેન્સર વિશ્વભરમાં લાખો લોકોને અસર કરે છે, ત્યારે દરેક વ્યક્તિનો અનુભવ અનન્ય છે, અને વ્યક્તિગત સંભાળ આવશ્યક છે. આ ઝુંબેશનો હેતુ દરેક વ્યક્તિની ચોક્કસ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે કેન્સરની સારવારને અનુરૂપ બનાવવાના મહત્વને પ્રકાશિત કરવાનો છે. આ ઝુંબેશ વિશ્વભરમાં કેન્સર સંભાળ અને આરોગ્ય પ્રણાલીઓમાં લોકો-કેન્દ્રિત અભિગમ તરફ મૂળભૂત પરિવર્તન લાવવાનું આહ્વાન કરે છે.

## (પહેલા પાનાનું ચાલુ)

### ગુજરાત...

મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે ગુજરાતના તમામ નાગરિકોને એક સમાન કાયદાના અધિકાર મળે તેવા પ્રયાસો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યા છે. આ કાયદો કોઇ એક સમાજ માટે નથી પરંતુ દરેક સમાજને સમાન ન્યાય આપવા માટેનો છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે યુસીસીના કાયદાથી આદિવાસી સમાજને તેઓના પરંપરાગત રિતી રિવાજો કોઇ જ અસર નહિં થાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવશે. આ કાયદાથી અશાંતધારાથી તદ્દન અલગ છે. વિધાનસભામાં ખાસ સત્ર બોલાવીને યુસીસી બિલ પસાર કરવામાં આવે તેવી શક્યતા જણાઇ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઇ શાહની ઉપસ્થિતિમાં દિલ્હી ખાતે યોજાયેલી ગૃહ મંત્રાલયની બેઠકમાં ગૃહ મંત્રીએ ગુજરાતને એવી સ્પષ્ટ તાકીદ કરી હતી કે ૩૦મી એપ્રિલ સુધીમાં ત્રણેય ફોજદારી કાયદાની અમલવારી ગુજરાતમાં કરી દેવી. જેના અંગે પણ આગામી દિવસોમાં ખૂબ જ મોટો નિર્ણય લેવામાં આવી શકે છે. ઉત્તરાખંડ દેશનું એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં કેન્દ્ર સરકારના યુસીસી કાયદાની અમલવારી કરવામાં આવી છે. હવે ગુજરાતમાં પણ ખૂબ જ નજીકના ભવિષ્યમાં યુસીસીની અમલવારી કરી દેવામાં આવશે.

### ચૂંટણી...

ખીમજીભાઇ કણસાગરા, દિક્ષીબેન રણજીતભાઇ વાઢેર, ગીતાબેન ભરતભાઇ ગુરબાણી અને સુનિલભાઇ પીતાંબરદાસ જેઠવાણી બીન હરીફ ચુંટાય આવ્યા છે.

માંગરોળ પાલિકાના વોર્ડ નં. ૫ ના ભાજપના ઉમેદવાર ક્રિષ્નાબેન કૌશિકભાઇ થાપણીયા, મિતીસાબેન મોહનભાઇ હોદાર, ધનસુખભાઇ માધાભાઇ હોદાર અને રમેશભાઇ હરુભાઇ ખારવા બિન હરીફ ચુંટાયા છે.

આજે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાનો અંતિમ દિવસ હોય ભાજપ જબ્બરો ખેલ પાડવાના મુડમાં છે. શકય હશે ત્યાં સુધી હરીફોના ફોર્મ પરત ખેંચાવી લેશે અથવા ચુંટણી લડવાનારા ઉમેદવારોને સંપૂર્ણ પણે નિષ્કીય કરી દેવામાં આવશે અથવા ભાજપના ઉમેદવારોને ટેકો જાહેર કરી દે તેવી સત્તાવાર જાહેરાત કરી દેવાશે. સામા પક્ષી કોંગ્રેસ એલર્ટ મોડમાં આવી ગયું છે. ઉમેદવારો પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. આજે સાંજ સુધીમાં ચુંટણી ચિત્ર સ્પષ્ટ થઇ જશે.

જે ઉમદવારોના ફોર્મ ચકાસણીમાં માન્ય રાખવામાં આવ્યા છે. તેઓ કોઇ દબાણવશ ઉમેદવારી પાછી ન ખેંચી લ્યે તે બાબતે ધ્યાનમાં રાખી કોંગ્રેસે પોતાના ઉમેદવારોન અજ્ઞાન સ્થળે રાખ્યા હોવાનુ જાણવા મળી રહ્યું છે.

### આક્ષેપ...

કોડીનાર નગરપાલિકામાં ગેરકાયદેસર મંડળી રચીને ત્યાંનો પૂર્વ સાંસદે સમગ્ર વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કર્યો હતો. માણસામાં ભાજપાના સ્થાનિક ધારાસભ્ય અને હિત ધરાવતા તત્વો સતત કોંગ્રેસ પક્ષના ઉમેદવારો પર દબાણ કરીને ફોર્મ પરત ખેંચવા હથકંડા અપનાવી રહ્યા હતા જે ઘણી જ ગંભીર બાબત છે. હળવદ નગરપાલિકામાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારો મજબૂતીથી ચૂંટણીની તૈયારી કરી રહ્યા છે. ઉમેદવારી પત્રો ભરી દીધા બાદ રવિવાર રાત્રિથી કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને ધાકધમકી આપવામાં આવતા તમામ ઉમેદવારોએ સ્થાનિક કોંગ્રેસ સંગઠનના પદાધિકારીઓ સાથે પોલીસ સ્ટેશનમાં પહોંચીને રક્ષણ માંગ્યું હતું યોગ્ય જવાબ ન મળતા પ્રાંત અધિકારી સમક્ષ સમગ્ર બાબત રજુ કરવામાં આવી છે.

બિલિમોરા નગરપાલિકામાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારોના ટેકેદારો સાથે યાદી જાહેર કરીને ચૂંટણી અધિકારીએ ભાજપને મદદ થાય, અને કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને નુકસાન થાય તે રીતે ગેરબંધારણીય વર્તુણક કરી છે. મહિસાગરના જિલ્લાના જોધપુર તાલુકા પંચાયત બેઠકના ભાજપાના ઉમેદવારનું જાતિ પ્રમાણપત્ર અંગે કોંગ્રેસ પક્ષે વિસ્તૃત રજુઆત કર્યા છતાં ચૂંટણી અધિકારીએ એકતરફ નિર્ણય કરીને ફોર્મ મંજૂર કર્યું છે. સમગ્ર બાબતે કોંગ્રેસ પક્ષ જે ચૂંટણી અધિકારી સમક્ષ રજુઆત કર્યા છતા પગલા ન ભરાતા રાજ્ય ચૂંટણી પંચને રજુઆત કરશે.

### ઉપલેટા...

મહિલા ઉમેદવાર લાખી નંદાણીયા બીન હરીફ થા હતા. તેવી જ રીતે ભાજપમાંથી બળવો કરીને કોંગ્રેસમાંથી ઉમેદવારી કરનાર બળવાખોર વિનોદ બારાઇએ ફોર્મ પરત ખેંચી લેતા કોંગ્રેસની બે વિકેટ ખેડવી કોંગ્રેસના ગાલે તમાચો માર્યો હતો. ચુંટણી પહેલા જ ભાજપનું બુલડોઝર કોંગ્રેસના પંજા ઉપર ફરી રહ્યું છે. ત્યારે બપોર બાદ વધુ કડાકા ભડાકા થશે.

### રૂપીયો તળિયે...

એફપીઆઈ દ્વારા ચોખ્ખું વેચાણ રૂ. ૧,૩૨૭ કરોડ રહ્યું. ડોલર ઈન્ડેક્સ ૧.૦૧% વધીને ૧૦૯.૪૬ થયો, જ્યારે બ્રેન્ટ ક્રૂડ ૧.૪૧% વધીને ૭૬.૭૪ ડોલર પ્રતિ બેરલ થયો. ‘‘રોકાણકારો હવે ચિંતિત છે કે યુએસ ટેરિફ વૈશ્વિક વેપારને કેવી અસર કરશે, કારણ કે દેશો વધુ દ્વિપક્ષીય સોદા તરફ આગળ વધી રહ્યા છે.‘‘

એવી પણ શક્યતા છે કે વાટાઘાટોથી ટેરિફમાં ઘટાડો થઈ શકે છે. જેમ જેમ નવી માહિતી બહાર આવે છે, તેમ તેમ ડોલરમાં વધઘટ થઈ શકે છે, કદાચ પાછો ખેંચાતા પહેલા ૧૧૪ સુધી પહોંચી શકે છે. જોકે, જો રોકાણકારો માને છે કે આ ટેરિફ અન્ય દેશો અને યુએસ અર્થતંત્ર બંનેને નુકસાન પહોંચાડી શકે છે, તો ડોલર નબળો પડી શકે છે, ડીબીએસ બેંકના ટ્રેઝરી વડા આશિષ વૈદ્યએ જણાવ્યું હતું. ‘‘પ્રશ્ન એ છે કે રૂપિયો કેટલો નીચે જઈ શકે છે. તે મોટાભાગે રિઝર્વ શું કરે છે તેના પર આધાર રાખે છે.‘‘ ડોલર બુક કરે છે, જેનાથી માંગ વધે છે. શું આરબીઆઇ હવે ડોલર વેચશે, કે બજારને નિર્ણય લેવા દેશે?‘‘ બેંક ઓફ બરોડાના મુખ્ય અર્થશાસ્ત્રી મદન સબનવીસે જણાવ્યું.સબનવીસે કહ્યું કે રોકડ સાથે રૂપિયાની હિલચાલને નિયંત્રિત કરવી મુશ્કેલ છે કારણ કે ડોલરના વેચાણથી રોકડ સુકાઈ જશે. તેમણે કહ્યું, ‘‘હવે બધાની નજર નાણાકીય કાર્યવાહી માટે આરબીઆઇ પર છે.‘‘

દરમિયાન, કેનેડિયન ડોલર ૨૦૦૩ પછીના સૌથી નીચા સ્તરે આવી ગયો અને યુરો ડોલર સાથે સમાનતામાં આવી ગયો. ટ્રમ્પે યુરોપિયન માલ પર ટેરિફ લાદવાનો પણ સંકેત આપ્યો હતો, જેના કારણે વૈશ્વિક શેરબજારોમાં ઘટાડો થયો હતો. બિટકોઈનના ભાવ ઘટ્યા, જ્યારે ક્રૂડ ઓઈલના ભાવ વધ્યા અને ઔદ્યોગિક ધાતુઓને નુકસાન થયુ.

### અમેરિકા - કેનેડા...

કરશે નહીં જે આપણા દેશની અર્થવ્યવસ્થાને નષ્ટ કરવા માટે તૈયાર હોય. અમેરિકન કંપનીઓ હવે દર વર્ષે અબજો ડોલરનું નુકસાન કરશે અને આ માટે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સંપૂર્ણપણે જવાબદાર છે. તેમણે લખ્યું કે અમે આમાં એક પગલું આગળ વધી રહ્યા છીએ. રાજ્યએ યુએસ માલિકીની ઈન્ટરનેટ પ્રદાતા સ્ટારલિંક સાથેનો તેનો સોદો રદ કર્યો છે. ફોર્ડે લખ્યું કે આ લડાઈ અમેરિકન સરકારે શરૂ કરી હતી. કેનેડા આમાંથી કંઈ ઈચ્છતું ન હતું. પણ ખાતરી રાખો કે કેનેડા આ યુદ્ધ જીતશે. આ પહેલા કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ અમેરિકન ટેરિફના જવાબમાં અમેરિકન માલ પર ૨૫ ટકા ટેરિફ લગાવવાની જાહેરાત કરી હતી. જોકે, સોમવારે ટ્રમ્પ તરફથી એક નિવેદન બહાર આવ્યું કે તેમણે ટ્રુડો સાથે વાત કરી છે. પરંતુ મેક્સિકોથી વિપરીત, કેનેડાને કોઈ રાહતનું કોઈ નિવેદન આવ્યું નથી.

કેનેડાએ ટેરિફની જાહેરાત કરીને બદલો લીધા બાદ વ્હાઈટ હાઉસે આ મામલે એક નિવેદન બહાર પાડ્યું. તેમાં કહેવામાં આવ્યું છે કે યુએસ સરકારનો ટેરિફ લાદવાનો નિર્ણય ડ્રગ્સ સામેનું યુદ્ધ છે. મેક્સિકો આમાં ગંભીર ભૂમિકા ભજવી રહ્યું છે. પરંતુ કેનેડાએ ભૂલ કરી છે. અગાઉ, ટ્રમ્પ સાથેના કોલનો ઉલ્લેખ કરતા, મેક્સીકન રાષ્ટ્રપતિ શેનબૌમે સોશિયલ મીડિયા સાઈટ પર લખ્યું હતું કે તેમણે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કરી છે. તેમણે ટેરિફ અંગે મેક્સિકોને એક મહિનાનો સમય આપ્યો છે. આ સમય દરમિયાન, અમે અમારી ઉત્તરીય સરહદને મજબૂત બનાવીશું અને કોઈપણ પ્રકારના ગેરકાયદેસર ડ્રગ્સને અમેરિકા પહોંચતા અટકાવીશું. અમેરિકા પણ મોટા શસ્ત્રોને આપણા દેશમાં આવતા અટકાવવા માટે પ્રતિબદ્ધ છે.

### બજેટ ૨૦૨૫...

મેનેજિંગ ડિરેક્ટર અતુલ લાલે જણાવ્યું હતું. ભારતના ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોના સૌથી મોટા કોન્ટ્રાક્ટ ઉત્પાદકોમાંથી ટેલિવિઝનના વેચાણમાં વધારો થવો જોઈએ.‘‘ ‘‘મોટાભાગની કંપનીઓ હવે હાઈબ્રિડ ઉત્પાદન મોડેલો પર કામ કરી રહી હોવાથી, આનાથી કોન્ટ્રાક્ટ ઈલેક્ટ્રોનિક ઉત્પાદકોની ઓર્ડર બુકમાં વધારો થશે, જેનાથી ક્ષમતા ઉપયોગમાં સુધારો થશે,‘‘ તેમણે કહ્યું. ગોદરેજ એપ્લાયન્સિસના બિઝનેસ હેડ કમલ નંદીએ જણાવ્યું હતું કે, ૧૦-૧૨ લાખ રૂપિયાની વાર્ષિક આવક ધરાવતા ગ્રાહકો સામાન્ય રીતે મધ્યમ સેગમેન્ટના ઉત્પાદનોના ખરીદદારો હોય છે. ‘‘કર બચત આ સેગમેન્ટમાં વેચાણને વેગ આપશે અને કંપનીઓ તે મુજબ તેમનું ઉત્પાદન વધારી શકશે,‘‘ તેમણે ઉમેર્યું.

સરકારે બજેટમાં શૂન્ય કર મર્યાદા ૭ લાખ રૂપિયાથી વધારીને ૧૨ લાખ રૂપિયા વાર્ષિક આવક કરી છે. આ પગલાથી ૧ કરોડ કરદાતાઓને ફાયદો થવાની અપેક્ષા છે, જે હવે દર વર્ષે કર પર ૨૦,૦૦૦-૮૦,૦૦૦ રૂપિયા બચાવી શકે છે. આનાથી ઉચ્ચ આવક જૂથના લોકોના આવકવેરા ખર્ચમાં પણ ઘટાડો થશે. સ્થાનિક ટુ-વ્હીલર બજારમાં સુધારો થયો હોવા છતાં, ૭૫ સીસીથી વધુ અને ૧૧૦ સીસીથી ઓછી એન્જિન ક્ષમતા ધરાવતી એન્ટ્રી મોટરસાઈકલના વેચાણમાં વૃદ્ધિ ધીમી રહી છે. એપ્રિલ-ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન, જ્યારે ટુ-વ્હીલરનું કુલ વેચાણ ૧૧.૬% વધ્યું હતું, ત્યારે એન્ટ્રી-લેવલના ગ્રાહકો દ્વારા વિવેકાધીન ખર્ચ પર દબાણ પ્રતિબિંબિત કરતી મોટરસાઈકલનું વેચાણ ૩.૫% વધ્યું હતું. ઈલેક્ટ્રોનિક્સ પ્રોડક્ટ્સમાં, આ નાણાકીય વર્ષમાં અત્યાર સુધી વોલ્યુમ વેચાણ સ્થિર રહ્યું છે કારણ કે એન્ટ્રી પ્રોડક્ટ્સનું વેચાણ ઓછું છે.

બજેટમાં આવકવેરાને તર્કસંગત બનાવવા અને મધ્યમ વર્ગને રાહત આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જે ગ્રાહકોની ભાવનાને વેગ આપશે. હોન્ડા મોટરસાઇકલ અને સ્કૂટર ઈન્ડિયાના સેલ્સ અને માર્કેટિંગ ડિરેક્ટર યોગેશ માથુરે જણાવ્યું હતું કે, ‘‘વધતી નિકાલજોગ આવક સાથે, અમે એન્ટ્રી-લેવલ સેગમેન્ટમાં માંગમાં સકારાત્મક પરિવર્તનની અપેક્ષા રાખીએ છીએ.‘‘ ‘‘વધુમાં, સ્થાનિક ઉત્પાદનને ટેકો આપવાના પગલાં ઉદ્યોગના વિકાસને વધુ વેગ આપશે.‘‘

### ભારતીયોની ઘરવાપસી...

ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાથી લગભગ ૧૧ મિલિયન ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવાની વાત કરી હતી. ગયા અઠવાડિયે જ, અમેરિકન સૈન્યએ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પકડવા માટે લેટિન અમેરિકન દેશોમાં છ ફ્લાઈટ્સ ઉડાવી હતી. જોકે કોલંબિયાએ અમેરિકન વિમાનોને પોતાના દેશમાં ઉતરવાની મંજૂરી આપી ન હતી, પરંતુ ટ્રમ્પના કડક વલણ બાદ, કોલંબિયાએ પોતાના નાગરિકોને પરત લાવવા માટે પોતાના વિમાનો મોકલ્યા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અમેરિકાએ લગભગ ૧૮,૦૦૦ ભારતીય ઈમિગ્રન્ટ્સની ઓળખ કરી છે જે ગેરકાયદેસર રીતે અમેરિકામાં રહે છે.

ટ્રમ્પ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ પર કાર્યવાહી કરવા માટે લશ્કરનો વ્યાપક ઉપયોગ કરી રહ્યા છે. તેમણે મેક્સિકન સરહદ પર સૈન્ય ટુકડીઓ તૈનાત કરી છે. તે જ સમયે, ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને રાખવા માટે લશ્કરી થાણાઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે અને લશ્કરી વિમાનનો ઉપયોગ કરીને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવામાં આવી રહ્યા છે. જોકે, એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે લશ્કરી વિમાનો દ્વારા ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને મોકલવાનો ખર્ચ નાગરિક વિમાનો કરતા ઘણો વધારે છે. ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવા ઉપરાંત, ટ્રમ્પે કેનેડા, મેક્સિકો અને ચીન પર પણ ટેરિફ લાધ્યા છે, અને યુરોપ પર ટેરિફ લાદવાની ધમકી આપી છે.

## (ત્રીજા પાનાનું ચાલુ)

### આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટીવલ...

સિનોજીયા, ઉન સેડ વર્લ્ડ ધ્રુવી ટોલીયા, બીયુ મહેક જોશી તેમ જ ગ્રાફીક એન્ડ ૩ ડી ડીઝાઇન વર્કમાં પરાગ ચૌહાણ બ્રેક ગ્રાઉન્ડ એન્ડ પ્રોપ્સ, કુંજલ કાપડીયા મેટ પઇન્ટીંગ, દિવ્યેશ ગઢીયા બ્રેક ગ્રાઉન્ડ એન્ડ પ્રોપ્સ અને ડેનિસ વૈષ્ણવ બેસ્ટ કેરેકટ હિસાબ નોમિનેડ થયા હતા

તે અંતર્ગત આક્રો ઇન્ડિયન જેના ડાયરેકટર જેનીલ પંડયા તેમજ અનસેઇડ વર્લ્ડના ડાયરેકટર મહેક જોશી વિજેતા થયા હતા. દેશભરમાંથી ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલમાં ભાગ લેવા કલાકારો પહોચ્યા હતા.

## (ચોથા પાનાનું ચાલુ)

### વસંત રાગ...

કીર્તન હામોનિયમ વાદન અને રસિયાનું સુરમયી ગાન કર્યુ હતું. તો અધરવેણ કલાસના વિદ્યાર્થીની રાજવી આડેસરા અને અંતરા ગોહેલે જીજ્ઞેશભાઇ લાઠીગરાના માર્ગદર્શન હેઠળ બાંસુરી વાદન પ્રસ્તુત કર્યુ હતુ. બધા કલા સાધકો ને હામોનિયમમાં કીરીટભાઇ રાજપરા એ અને તબલામાં કૃણાલભાઇ કુંડલીયા અને હર્ષ લંગાળીયાએ સંગત આપી હતી અને તબલા સોલો વાદન પણ પ્રસ્તુત કર્યુ હતું.

બન્નેસંગીત કલાસના વિદ્યાર્થી ગણ અને વાલીઓ તેમજ સુરશ્રી પરિવાર ના સભ્યો સપરિવાર ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને મનભેર માણ્યો હતો. કાર્યક્રમના અંતમાં રસિયા ગાન અને ફુલફાગ નો આનંદ ઉપસ્થિત રસીકજનોએ લીધો હતો.

### લાભુભાઇ ત્રિવેદી...

કુંડલીયા કોલેજ), અને તૃતિય સ્થાન ભારત કા તમાશા (જે.જે. કુંડલીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ) પ્રાપ્ત કરેલ હતી.

નાટસ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે નિર્લોકભાઇ પરમાર, સુનિલભાઇ ઓઝા, કુંતલભાઇ શુકલાએ સેવા આપી હતી. આ નાટય સ્પર્ધામાં મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત વિવિધ પ્રાથમીક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળા તથા કોલેજના પ્રિન્સીપાલ ડો. યજ્ઞેશભાઇ જોશી, ડો. પ્રીતીબેન ગણાત્રા, ડો. અજિતાબેન જાની, ડો. નિલુબેન લાલચંદાણી, તૃપ્તિબેન જોશી, ભારતીબેન નથવાણી, માલતીબેન ચૌહાણ, વિનોદભાઇ ગજેરા, કૃપાલીબેન મકવાણા, બિંદિયાબેન મહેતા, ડો. શૈલેશભાઇ સોજીત્રા, હરિકૃષ્ણ પંડયા, જલ્પાબેન ચાવડાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા.

### મોઢવણિક મિત્ર મંડળ...

પ્રસંગે રાજકોટના આઠેય મંડળમાં મોઢ વણિક યુવા ગ્રુપમાંથી પ્રમુખ કિરેનભાઇ છાપીયા, માનદ મંત્રી કેતનભાઇ પારેખ, ચેરમેન કેતનભાઇ મેવાણી, મોઢ વણિક સમાજ માંથી માનદ મંત્રી અતુલભાઇ વોરા, રાજકોટ મોઢ વણિક મહાજનના પ્રમુખ ભાગ્યેશભાઇ વોરા, ટ્રસ્ટી સંજયભાઇ મણિયાર, માતંગી પાટોત્સવ સમિતિ માથી પ્રમુખ શ્રેયાંશભાઇ મહેતા, મોઢ યુથ ઓર્ગેનાઇઝેશન માંથી પ્રમુખ પ્રશાંતભાઇ ગાંગડીયા, મોઢ વણિક મહિલા સત્સંગ મંડળમાંથી ગીતાબેન અશ્વિનભાઇ પટેલ, માનદ મંત્રી તરલાબેન આર. મહેતા સમસ્ત મોઢ વણિક મહિલા મંડળમાંથી માનદ મંત્રી હર્ષાબેન પારેખ, સહમંત્રી દિપ્તીબેન મેસ્વાણી, ખાસ ઉપસ્થીત રહીને શુભેચ્છા પાઠવેલ વિશેષ ઉપસ્થીતીમાં મુકેશભાઇ દોશી (પ્રમુખ શહેર ભારતીય જનતા પાર્ટી) અનુપમભાઇ દોશી (વિવેકાનંદ યુવા કલબ) સુનીલભાઇ વોરા (દિકરાનુ ઘર ઢોલેરા) મોઢ વણિક મિત્ર મંડળના પૂર્વ પ્રમુખ કેતનભાઇ બોઘાણી તથા કિશોરભાઇ ગાંગડીયા એ ખાસ હાજરી આપીને પ્રસંગ દિપાવ્યો હતો.

ઉપરોકત કાર્યક્રમ યશસ્વી બનાવવામાં મંડળના પ્રમુખ પ્રનંદભાઇ કલ્યાણી, ટેઝરર હિરેનભાઇ કલ્યાણી કાર્યવાહક સમિતિના મનિષભાઇ પટેલ ગોપીભાઇ પટેલ, દિપકભાઇ કલ્યાણી, ધર્મેશભાઇ જીવાણી, સાગરભાઇ પટેલ, પ્રકાશભાઇ ઝેડ. ગાંગડીયા, ધર્મેશભાઇ એલ. કલ્યાણી, મનોજભાઇ આર. અંબાણી, પ્રકાશભાઇ જે. કલ્યાણી, વિશાલભાઇ ભાડલીયા, પ્રશાંતભાઇ ગાંગડીયા, સંજયભાઇ ગાંધી, મોહિતભાઇ રાઠોડે જહેમત ઉઠાવેલ કાર્યક્રમનું સંચાલન પ્રનંદભાઇ કલ્યાણી, મનિષભાઇ પટેલ, ગોપીભાઇ પટેલે કરેલ એન્કરીંગ સેવા ધર્મેશભાઇ એલ. કલ્યાણી, ધર્મેશભાઇ જીવાણી એ કરેલ પ્રચાર પ્રસાર સેવા અશ્વિનભાઇ પટેલ એ પુરી પાડેલ આભાર વિધી ગોપીભાઇ પટેલ કરેલ

### સાધ્વી ઋતંભરાદેવી...

ફાર્મિંગ અને સનાતન સંસ્કૃતિના સંવર્ધન અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી. ડો. વલ્લભભાઈ કથીરિયા એ જીસીસીઆઈ દ્વારા કરવામાં આવતા કર્યો વિશે જાણકારી આપી, જેમાં ગૌઆધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન આપીને આત્મનિર્ભર ભારતનું નિર્માણ અને ગૌ આધારિત ખેતીને પ્રોત્સાહન આપવા અંગે માહિતી આપી હતી. ડો. કથીરિયા એ જણાવ્યું કે જીસીસીઆઈ માત્ર ધાર્મિક દ્રષ્ટિએ જ ગૌસેવાની વાત નથી કરતું, પરંતુ તેને વૈજ્ઞાનિક, આર્થિક અને પર્યાવરણીય દ્રષ્ટિકોણથી પણ એક મજબૂત આંદોલન બનાવવાનું લક્ષ્ય રાખે છે.

સાધ્વી ઋતંભરા જી એ ગૌસેવા, ગૌસંરક્ષણ અને ગૌઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના જીસીસીઆઇ ના પ્રયાસોની પ્રશંસા કરી અને આ પવિત્ર કાર્યમાં પોતાનો સહયોગ આપવા માટે આશ્વાસન આપ્યું. તેમણે જણાવ્યું કે ગૌસેવા માત્ર ધાર્મિક શ્રદ્ધા સુધી સીમિત નથી, પરંતુ માનવજાતના કલ્યાણ માટે એક પવિત્ર જવાબદારી છે.

આ મુલાકાત દરમિયાન ગૌસંરક્ષણ, ગૌ આધારિત ખેતી, પંચગવ્ય ચિકિત્સા, ગૌશાળાઓના વૈજ્ઞાનિક સંચાલન અને ગૌપર્યટન જેવા વિષયો પર પણ ગહન ચર્ચા કરવામાં આવી.

### ઉદય કાનગડ...

શાળાનાં ભુલકાઓ ને નવા સ્વેટર મળતા ચહેરા ઉપર ખુશી જોવા મળી હતી અને ધારાસભ્ય ઉદય કાનગડના આ ઉમદા કાર્યને હર્ષોલ્લાસની કીકીયારીથી ભુલકાંઓ દ્વારા વધાવી ઉદયભાઈનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ તકે વિધાનસભા-૬૮ના વિવિધ વોર્ડમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બાળકોને સ્વેટર વિતરણ કાર્યને સફળ બનાવવા વોર્ડપ્રભારી, વોર્ડપ્રમુખ, મહામંત્રી, કોર્પોરેટરો અને વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી.

## (૧૧મા પાનાનું ચાલું)

### દક્ષિણ આફ્રિકાના જહોન્સબર્ગમા

આભારની લાગણી વ્યક્ત કરી હતી. તેઓએ બહુસાંસ્કૃતિકવાદ અને આંતરધર્મ સમરસતામાં મંદિરના યોગદાનની પ્રશંસા કરી. તેમણે દેશની સાંસ્કૃતિક વિવિધતાને મજબૂત કરવામાં અને બંને દેશો વચ્ચે સમજણ વધારવામાં મંદિરની ભૂમિકાની પ્રશંસા કરી. આવનાર સમયમાં ભારતીય નાગરાદિ શૈલીથી નિર્માણ પામનાર સ્થાપત્યકળા નમૂનારૂપ મંદિર માટે શુભેચ્છાઓ પણ પાઠવી હતી. આમ, આ મંદિરને સંસ્કૃતિ,કળા અને સ્થાપત્યના સંપોષક ઉપરાંત ભારત અને દક્ષિણ આફ્રિકાના પારસ્પરિક સંબંધોને વધુ સુદ્રઢ કરનાર કડી તરીકે જોવામાં આવી રહ્યું છે.

જોહનિસબર્ગના હૃદય સમા સેંટન વિસ્તારમાં નીકળેલી ૨૯ અલગ અલગ ફ્લોટ ધરાવતી, દોઢ કિલોમીટર લાંબી,૨૦૦૦ થી વધુ ભકતો - ભાવિકોને ઉભરાતી શોભાયાત્રા સ્થાનિક આફ્રિકન ભાઈઓ ઉપરાંત સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી.

સંકુલમાં સનાતન ધર્મના ભગવત્સ્વરૂપો ભગવાન અક્ષરપુરુષોત્તમ મહારાજ, ભગવાન શ્રી રાધાકૃષ્ણ, ભગવાન શ્રી ઉમા-મહેશ્વર, ભગવાન શ્રી સીતારામજી, પત્નીઓ શ્રીદેવી - ભૂદેવી સહિત ભગવાન શ્રી શ્રીનિવાસ બાલાજી, ભગવાન શ્રી મુરુગન સ્વામી, શ્રી હનુમાનજી - ગણપતિજી અને ગુરુપરંપરાની મૂર્તિઓની પ્રતિષ્ઠા વેદમંત્રો દ્વારા ધામધૂમથી કરવામાં આવી હતી. આ પ્રસંગે ૧૧ દિવસીય મહાયજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જે દ્વારા અનેક લોકોએ ભારતીય યજ્ઞીય સંસ્કૃતિનો પરિચય મેળવી યજ્ઞ નારાયણને આહૂતિ આપી હતી.

આફ્રિકા ભૂખંડમાં સ્વામિનારાયણીય સત્સંગની શરૂઆત વર્ષ ૧૯૨૭માં બી.એ.પી.એસ સંસ્થાના સંસ્થાપક પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના સમયથી થઈ. ત્યારબાદ તેઓના અનુગામી પૂજ્ય યોગીજી મહારાજે આફ્રિકાના વિવિધ દેશોમાં ત્રણ વાર પધારી પોષણ આપ્યું અને પૂર્વ આફ્રિકાના યુગાન્ડા અને કેન્યા દેશોમાં તેઓના સમય દરમિયાન છ મંદિરોની ભેટ આપી અને ૨૩ માર્ચ ૧૯૬૦ના રોજ દક્ષિણ આફ્રિકાની બોર્ડર પર લિમ્પોપો નદીકિનારે પધારી દક્ષિણ આફ્રિકામાં સત્સંગ વિકાસના આશીર્વાદ આપ્યા. યોગીજી મહારાજ બાદ પ્રમુખસ્વામી મહારાજે આફ્રિકામાં ચૌદવાર (સાત વખત દક્ષિણ આફ્રિકા) અને વર્તમાન ગુરુ મહંત સ્વામીજીએ બારવાર પધારી ભારતીય સંસ્કારો અને મૂલ્યો સમગ્ર આફ્રિકામાં દઢાવ્યા છે. છેલ્લાં નવ દાયકાથી વધુ સમયમાં વિસ્તરેલી સત્સંગ - સંસ્કારની ધારાઓ દક્ષિણ આફ્રિકામાં સાત મંદિરો સહિત કુલ પાંત્રીસ હરિમંદિરો અને નૈરોબી (કેન્યા) સ્થિત શિખરબદ્ધ મંદિરરૂપે અધ્યાત્મની ભાગીરથી વહાવી રહ્યા છે

### જામનગરના પોલીસ હેડ ક્વાર્ટર

આઈજીપી અશોકકુમાર યાદવ ના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું, આ વેળાએ એચડીએફસી બેન્કના અધિકારી નીરજ દત્તાણી તથા અન્ય બેંકના અધિકારીઓ અને સ્ટાફ વગેરે હાજર રહ્યા હતા, અને વૃક્ષારોપણ કરાયું હતું.

આશરે ૨૫,૦૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવી રહ્યું છે, જેમાં તમામ પ્રકારના ફૂલ ઝાડ ફળ ફૂટ ના વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે, અને રાજકોટના સદભાવના ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તેની ત્રણ વર્ષ સુધી માવજત કરવામાં આવશે. જામનગર શહેરમાં પર્યાવરણની જાળવણીના ભાગરૂપે પોલીસ તંત્ર દ્વારા એચડીએફસી બેન્કના સહયોગથી આ એક મોટું ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે.

### નવા સિટી બસ ટર્મિનલ

બસ ટર્મિનલ શરૂ થવાથી રેલ્વે સ્ટેશન પરિસર આસપાસ ટ્રાફિકનું ભારણ ઘટશે સાથે સાથે નાગરિકોના સમય અને ઈંધણની પણ બચત થશે.

નોંધનીય છે કે, સુરતમાં ૨૦૧૪માં બસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ અને ૨૦૧૬માં સિટી બસ સેવા શરૂ થઈ હતી, જે આજે ૫૮ રૂટો અને ૮૭૫ બસો થકી યાત્રીઓને ઉત્તમ પરિવહન સુવિધા પ્રદાન કરે છે. રેલવે સ્ટેશન ટર્મિનલથી સિટીલિંક બસ સેવા વહેલી સવારે ૦૪:૦૦ વાગ્યાથી રાત્રિના ૧૨:૦૦ વાગ્યા સુધી સતત કાર્યરત રહે છે. જ્યાંથી કુલ ૨૬ રૂટો પર ૩૫૩ બસો દોડવા સાથે દરરોજ ૪૫૦૦ ટ્રિપ્સનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ પ્રમાણે દર મિનિટે અંદાજે ચાર બસોનું આવનજાવન થઈ રહ્યું છે. રેલવે સ્ટેશન ટર્મિનલથી બીઆરટીએસ- સિટી બસ મારફતે દરરોજ અંદાજિત ૨૦ હજાર યાત્રીઓ મુસાફરી કરે છે. મુસાફરો બસસેવા દ્વારા ઝડપી, સુગમ અને આરામદાયક મુસાફરીનો અનુભવ કરે છે.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### સાંઢિયા પુલ નજીક

પરિણીતાએ બહાર જઈને જોતા માજીદ ભાણુ અને તેના મિત્રો સાવન ઉર્ફે લાલી, સમીર ઉર્ફે ધમો, સાહીલ ભુરો તથા એક અજાણ્યો શખ્સ ઉભા હતા. તમારે સાજીદનું શું કામ છે તેમ પૂછતાં તમને બધાને બોવ હવા છે તેમ કહીને માજીદે પોતાના નેફામાથી છરી કાઢી હતી અને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાદમાં તેમની પાસે રહેલ કાચની બાટલો ફરિયાદીના ઘર પર ફેંકી હતી. બોટલના છૂટા ઘા થતાં ફરિયાદી ઘરમાં અંદર ચાલી ગઈ હતી અને પોલીસનો સંપર્ક કર્યો હતો.

પ્ર.નગર પોલીસને આ હુમલા અંગેની જાણ થતાં સર્વેલન્સ સ્કવોડના કોન્સ્ટેબલ તૌફીકભાઈ મંધરાએ ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં રહેલા એએસઆઈ ડી વી ખાંભલા, કોન્સ્ટેબલ મયુરરાજસિંહ છોટુભા જાડેજા અને રિયાઝભાઈ મહમદભાઈ ભીપૌત્રાને ટેલિફોનિક જાણ કરી હતી. કોઈ અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે રૂખડીયાપરા મેલડીમાંના મંદિર પાસે જઈ બંદોબસ્ત ગોઠવી યોગ્ય કાર્યવાહી કરવા સૂચના મળતા ત્રણેય પોલીસમેન ઘટનાસ્થળે ખાનગી વાહનમાં દોડી ગયાં હતા. જે સ્થળ પર પહોંચતા પ્ર.નગર પોલીસના પીઆઈ પી આર ડોબરીયા, પીએસઆઈ બેલીમ અને કોન્સ્ટેબલ તૌફીકભાઈ મંધરા હાજર હતા. હુમલાખોરો ઘટનાસ્થળેથી નાસી ગયાં હોય રાત્રીના બે વાગ્યાં આસપાસ પીઆઈ ડોબરીયાની સૂચનાથી કોન્સ્ટેબલ રિયાઝભાઈ મહમદભાઈ ભીપૌત્રા અને મયુરરાજસિંહ જાડેજા જામનગર રોડ પર સાંઢિયા પુલ નજીક આવેલ સ્લમ કવાર્ટર કમિટી ચોક ખાતે પહોંચ્યા હતા. જ્યાં માજીદ રફીક ભાણુ અને તેના ૧૦ થી ૧૨ સાગરીતો ઉભેલા હતા.

જ્યાં પહોંચી બંને પોલીસમેને પોતાની ઓળખાણ પોલીસકર્મી તરીકે આપતાં તું પોલીસ હોય તો શું થયું, અમે આ વિસ્તારના ડોન છીએ, અમારા વિસ્તારમાં કેમ આવ્યા છો કહી રિયાઝભાઈ ભીપૌત્રા સાથે ઝપાઝપી કરવા લાગેલ હતા અને હાથેથી વાંસાના ભાગે ઢીંકો મારેલ હતો. જેથી મયુરરાજસિંહ છોડાવવા વચ્ચે પડતા માજિદના સાગરીતોએ બંને પોલીસમેનોને ગાળો આપી પથ્થરના છુટા ઘા કરવાનું ચાલુ કરી દીધું હતું. ઉપરાંત લુખ્ખાઓએ લાકડાના ધોકા વડે મોટરસાયકલમાં તોડફોડ કરી હતી. પોલીસ પર ટોળાં સ્વરૂપે હુમલો થતાં બંને પોલીસકર્મીઓએ જીવ બચાવવા વાહન મૂકી દોડીને સ્લમ ક્વાર્ટર વિસ્તારમાંથી બહાર દોડી ગયાં હતા અને ત્યારબાદ મદદ માટે કોન્સ્ટેબલ તૌફીકભાઈ મંધરાને ટેલિફોનિક જાણ કરી હતી.

બનાવની જાણ થતાં એએસઆઈ ડી વી ખાંભલા, તૌફીકભાઈ, પીઆઈ, પીએસઆઈ બેલીમ સહિતના ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જે બાદ પોલીસ ફરીવાર સ્લમ ક્વાર્ટર ખાતે દોડી ગઈ હતી. જ્યાં જોતા પોલીસમેનના બંને વાહનનો મોરો તૂટેલો હતો, પેટ્રોલની ટાંકીમાં ઘોબો જોવા મળ્યો હતો. બનાવને પગલે આખા વિસ્તારમાં પોલીસના ધાડેધાડા ઉતારી દેવામાં આવ્યા હતા.

આ મામલામાં પોલીસે હુમલાખોરોને ઝડપી પાડવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. હાલ સુધીમાં માજીદના સાગરીત સમીર ઉર્ફે ધમાને અટકાયતમાં લઇ લેવામાં આવ્યો છે જયારે મુખ્ય આરોપી સહીત તમામની શોધખોળ ચાલી રહી છે.

### ‘ડ્રોન દીદી’...

સમયગાળામાં જ રાજ્યના ૩,૦૦૦થી વધુ ખેડૂતોની ૮,૦૦૦ એકર જેટલી જમીનમાં ડ્રોન દ્વારા દવાનો છંટકાવ કરીને રૂ. ૨૪.૬૬ લાખથી વધુની આવક મેળવી છે.

ગુજરાતમાં નમો ડ્રોન દીદી યોજનાના પ્રારંભિક તબક્કે વર્ષ ૨૦૨૩-૨૪માં કેટલીક ફર્ટીલાઈઝર કંપનીઓ દ્વારા પોતના CSR ફંડમાંથી સખી મંડળની આ મહિલાઓને ડ્રોન પૂરા પાડવામાં આવ્યા હતા. જેમાં IFFCO દ્વારા ૧૮, GNFC દ્વારા ૨૦ અને GSFC દ્વારા ૨૦ એમ કુલ મળી ૫૮ ડ્રોન તથા ૫૮ મહિલાઓને ડ્રોન તાલીમ પૂરી પાડવામાં આવી હતી.

ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, આગામી સમયમાં ગુજરાતના સખી મંડળની વધુ ૨૦૬ બહેનોને ડ્રોન પાયલટની તાલીમ અને ડ્રોન ખરીદીમાં સહાય આપીને રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લામાં ઓછામાં ઓછી બે ડ્રોન દીદી કાર્યરત કરવામાં આવશે. રાજ્યમાં નવી ૨૦૬ ડ્રોન દીદી કાર્યરત થતા ખેડૂતોનો ખેતી ખર્ચ, સમય અને રસાયણિક દવાઓનો અંધાધૂંધ ઉપયોગ ઘટશે તેમજ સખી મંડળની બહેનો માટે રોજગારીની તકોમાં પણ વધારો થશે.

નમો ડ્રોન દીદી યોજના અંતર્ગત સ્વ-સહાય જૂથ સાથે જોડાયેલી ગ્રામ્ય વિસ્તારની બહેનોને DGCAની માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી ૧૫ દિવસની ડ્રોન પાઈલટની ઘનિષ્ટ તાલીમ, ડ્રોનની ખરીદીમાં ૮૦ ટકા સબસીડી સહાય તેમજ લોનની રકમ ઉપર ૩ ટકા વ્યાજ સહાય આપવામાં આવે છે. એડવાન્સ ટેક્નોલોજીના સુયોગ્ય ઉપયોગથી આજે ડ્રોન દીદી કરીને કૃષિ ક્ષેત્રને નવી દિશાઓ આપી રહી છે. સ્વ-સહાય જૂથ અથવા કલસ્ટર લેવલ ફેડરેશન સાથે જોડાયેલી કોઈપણ ગ્રામ્ય વિસ્તારની મહિલા ડ્રોન દીદી બની શકે છે. મહિલાની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ અને ૫૦ વર્ષથી ઓછી હોવી જોઈએ. મહિલાએ ધોરણ-૧૦ સુધીનો અભ્યાસ કરેલો હોવો જોઈએ. લાયકાત ધરાવતી મહિલાઓની રાજ્ય સરકાર દ્વારા પસંદગી કરવામાં આવશે

મહિલાઓને આવકના નવા સ્રોત ઉપલબ્ધ કરાવીને તેમણે આત્મનિર્ભર બનાવવા, ખેતીને વધુ કાર્યક્ષમ અને ઉત્પાદક બનાવવા તથા પાકની ગુણવત્તા વધારીને ખેડૂતોની આવક વધારવા માટે વડાપ્રધાનએ મહત્વકાંક્ષી નમો ડ્રોન દીદી યોજના અમલમાં મૂકી છે. આ યોજના દ્વારા મહિલાઓ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને સમાજમાં પોતાનું આગવું સ્થાન બનાવી શકશે અને કૃષિ ક્ષેત્રે નવી ક્રાંતિ લાવી શકશે.

### દિલીપ સંઘાણી...

કરવામાં આવે તેવી મારી માંગણી છે. અમરેલી લેટર કાંડ મુદ્દે પૂર્વ યુવા પ્રમુખ મનીષ વઘાસીયા,અશોક માંગરોળીયા, જીતુ ખાત્રા દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં મનીષ વઘાસીયાએ કહ્યું હતું કે, પોલીસે તેઓને માર માર્યો અને દિલીપભાઈ સંઘાણી, મુકેશભાઈ સંઘાણી, નારણભાઈ કાછડીયા આ બધા પાછળ છે કે કેમ ? તે અંગે પુછપરછ કરી હતી. જેને લઈ આજે ઈફકના ચેરમેન અને ભાજપના દિગ્ગજ નેતા દિલીપ સંઘાણીએ પત્ર લખી લેટર કાંડ સાથે સંકળાયેલા લોકોની નાર્કોટેસ્ટ કરાવવા તેમજ સમગ્ર તપાસ નિવૃત્ત જજની અધ્યક્ષતામાં થાય તેવી માંગ કરી છે.

### પાલીતાણા...

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણયથી પાલિતાણા જૈન તીર્થમાં આવતા પદયાત્રીઓ તથા વાહનથી જતા દર્શનાર્થીઓને ઘણી સલામતી તથા સુલભતા પ્રાપ્ત થશે.

એટલું જ નહિ, આ રસ્તાઓના નિર્માણ તેમજ વિકાસથી યાત્રાધામનું અંતર ઘટશે અને પાલીતાણા શહેરમાં જવાના રસ્તા માં આવેલા પાલીતાણા-તળાજા રસ્તાના જંકશન પોઇન્ટ પર વારંવાર થતી ટ્રાફીક જામની સમસ્યાનું નિવારણ થશે.

આ રસ્તાઓના નિર્માણ તેમજ વિકાસથી સ્થાનિક રહેવાસીઓ અને વ્યાપારીઓને પણ લાભ થશે તથા પાલીતાણા તીર્થ ક્ષેત્રના સર્વગ્રાહી વિકાસને વધુ વેગ મળશે.

### રેલવે...

માળખાકીય માળખું પૂર્ણ થયું, કાર્યને અવરોધિત કરવું અને પ્રક્રિયા ચાલુ છે. મેઈન સ્ટેશન બિલ્ડિંગ પર કામ ચાલી રહ્યું છે. સબસ્ટેશન બિલ્ડિંગ સ્ટ્રક્ચરલ વર્ક પૂર્ણ થયું છે, જે પ્રગતિમાં છે. બીજી પ્રવેશ બાજુ બાહ્ય વિકાસનું કામ ચાલુ છે. એર કોન્કોર્સ અને રૂફ ફાઉન્ડેશન દ્વારા પ્રગતિમાં છે.

સુરતમાં તબક્કો ૧માં ૯૮૦ કરોડ અને તબક્કો ૨માં ૪૯૭ કરોડ (એલિવેટેડ રોડ) અંતગત સેકન્ડ એન્ટ્રી સ્ટેશન બિલ્ડિંગ પર કામ ચાલી રહ્યું છે. બેઝમેન્ટ તરાફ્ટ ફાઉન્ડેશન પૂર્ણ, સ્ટીલના સ્તંભનું નિર્માણ ચાલુ છે. આરસીસી બોક્સ ડ્રેઈનનું બાંધકામ પૂર્ણ થયું છે. મુખ્ય સ્ટેશન બિલ્ડિંગ સાઈડ યુટિલિટી સર્વે ચાલુ છે. પી.એફ. પર કોન્કોર્સ ફાઉન્ડેશન અને કોલમ ઈરેક્શન પ્રગતિમાં છે. જીએસઆરટીસી બિલ્ડિંગનું સ્ટ્રક્ચરલ કાર્ય પૂર્ણ થયું છે, અંતિમ કાર્ય પ્રગતિમાં છે. એલિવેટેડ રોડ પર પાઈલ ફાઉન્ડેશનનું કામ પ્રગતિમાં છે.

ન્યુ ભુજ રેલવે સ્ટેશનમાં મેઈન એન્ટ્રી અને સેકન્ડ એન્ટ્રી સ્ટેશન બિલ્ડિંગનું સ્ટ્રક્ચરલ ફ્રેમવર્ક પૂર્ણ, ચણતર અને એમઈપીનું કામ પ્રગતિમાં છે. કોન્કોર્સ ફાઉન્ડેશન, કોલમ ઈરેક્શન અને ગર્ડર લોન્ચિંગ પૂર્ણ થયું છે, ડેક સ્લેબ શીટનું કામ ચાલુ છે.

હાલના મુખ્ય દક્ષિણ સ્ટેશનની ઈમારતને તોડી પાડવામાં આવી છે અને નવી એમએમટીએચ બિલ્ડિંગના પાયા પર કામ ચાલી રહ્યું છે. નવા પાર્સલ બિલ્ડિંગમાં કામ પ્રગતિમાં છે. એલિવેટેડ રોડ માટે પાઈલ અને પાઈલ કેપ પ્રગતિમાં છે. કોનકોર્સ માટે પાઈલનું કામ શરૂ થયું.

રેલવેની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સરકારે ૧૦ હજાર લોકોમોટિવ પર કવચ લગાવવાનું શરુ કર્યુ હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

આ ઉપરાંત ગુજરાતમાં વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં ૧,૦૪૯ રેલ ફ્લાયઓવર અને અંડર-બ્રિજનું નિર્માણ થયું છે. મુસાફરોની સુવિધાઓ વર્ષ ૨૦૧૪થી પૂરી પાડવામાં આવે છે. એસ્કેલેટરઃ ૫૦ વાઈફાઈ (સ્ટેશનોની સંખ્યા) : ૩૩૫ અને ગુજરાતમાં ૧૫ અનોખા સ્ટોપેજ ધરાવતા ૧૨ જિલ્લાઓને આવરી લેતા ૪ વંદે ભારતનું સંચાલન થાય છે.

## દુઃખદ અવસાન

### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** બીપીનભાઈ હિંમતલાલ સિધ્ધપુરા (ઉ.વ.૫૨) તે કીરીટભાઈના ભત્રીજા, હાર્દિકભાઈના મોટાભાઈ, શિવ બીપીનભાઈ સિધ્ધપુરાના પિતાનું તા. ૩ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૬ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર, માસ્તર સોસાયટી, કસ્તુરબા સ્કુલ પાસે, ૮૦ ફુટ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ગુંદાવાડી રામજી મંદિર મહંત રસિકભાઈ રાધેશ્યામભાઈ નિમાવતના પુત્ર, વિશાલભાઈ (કાનો)નું તા. ૨ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૬ ને ગુરુવારના રોજ બપોરે ૪ થી ૬ દરમિયાન શ્રી રામજી મંદિર, ગુંદાવાડી રાજકોટ તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

**મોરબીઃ** ઔ.ગુ. સા.ચા. બ્રાહ્મણ મુળ નવલખી હાલ મોરબી નિવાસી સ્વ. જયંતિલાલ ભગવાનજીભાઈ ભટ્ટના પત્ની ગં.સ્વ. રમાબેન (ઉ.વ.૮૭) તે હર્ષદભાઈ, ઈલાબેન જશવંતરાય યાજ્ઞીક (રાજકોટ), પ્રવિણાબેન જીતેન્દ્રકુમાર ત્રિવેદી (વાંકડા,મોરબી), ના માતા, અંકિત, દિવ્યાબેન, આકાશકુમાર રાવલ (રાજકોટ)ના દાદીમાનું તા. ૨ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૬ ને ગુરુવારે સાંજે ૩ થી ૫ કલાકે સિધ્ધિ વિનાયક વાડી, સત્યમ પાન વાળી શેરી, સરદાર બાગ સામે શનાળા રોડ, મોરબી ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ચા.મ. મોઢ બ્રાહ્મણ મુળ ગામ (ધુનડા) (ખાનપર) હાલ રાજકોટ સ્વ. બાબુલાલ રામેશ્વરભાઈ જોષીના પુત્ર, સ્વ. નીતીનભાઈ બાબલાલ જોષી (ઉ.વ.૫૮) નું તા. ૨ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તે વિવેક, જયોતિબેનના પિતા, જીતેન્દ્રભાઈ શાંતિલાલ જાનીના સસરા, નલીનીબેન (બેનાબેન) બળવંતભાઈ પંડયા, મધુબેન જયેશકુમાર જાનીના ભાઈ, સ્વ. હરકાંતભાઈ સુખદેવભાઈ જાનીના જમાઈ, અશ્વિનભાઈ, દેવેન્દ્રભાઈ, નયનાબેનના બનેવીનું ઉઠમણું તથા પિયર પક્ષનું બેસણું તા. ૬ ને ગુરુવાર સાંજે ૩.૩૦ થી ૪.૩૦ દરમિયાન ગૌરેશ્વર મહાદેવ મંદિર, હંસરાજ નગર, જંકશન કો.ઓ. સોસાયટી શેરી નં.૭, રાજકોટ ખાતે રાખેલ છે.

**જેતપુરઃ** સ્વ.ઉકાભાઈ મોહનભાઈ ચુડાસમા (દુસરા) (ઉ.વ.૭૬) તે જયેશભાઈ ચુડાસમાના ભાઈ તથા જીગ્નેશભાઈ ચુડાસમા તથા ભાવેશભાઈ ચુડાસમાના પિતા તા.૪ને મંગળવારના રોજ અવસાન થયું છે . સદગતનું બેસણું તા.૬ ને ગુરુવારના રોજ દેસાઈ વાડી, સામનાથ મહાદેવ મંદિર જેતપુર ખાતે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે રાખેલ છે.

જીગ્નેશભાઈ ચુડાસમાના મો.નં.૯૯૭૯૬૨૫૮૬૪ અને ભાવેશભાઈના મો.નં. ૯૯૭૮૨૨૮૦૮૩ છે.

**જેતપુરઃ** જેતપુર નિવાસી શ્રીમાળી બ્રાહ્મણ જયેશભાઈ નવતમલાલ ત્રિવેદીના પત્ની સ્વ. નીમીષાબેન (ઉ.વ.૫૪) તે ભરભાઈના નાનાભાઈના પત્ની, રેખાબેન હિતેશભાઈ ત્રિવેદીના ભાભીનું તા. ૩ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૬ ને ગુરુવારના રોજ મહાદેવ, ગણેશ પાર્ક-૧ જીનેશિસ હોસ્પિટલ પાછળ, રૈયા રોડ રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

**રાજકોટઃ** દશા સોરઠીયા વણીક લુંધિયા નિવાસી (હાલ રાજકોટ) સ્વ. રિધ્ધિબેન રાજેશભાઈ ગગલાણી (ઉ.વ.૫૧) રાજકોટ મુકામે તા. ૨ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તે સ્વ. ફુલચંદભાઈ જેઠાલાલ ગગલાણીના પુત્રવધુ, જયંતભાઈ, નરેન્દ્રભાઈ નીતીનભાઈના ભાઈના પત્ની, ભાવનાબેન આણંદપરા, રીનાબેન બાબરીયા, પન્નાબેન ભુપતાણી, પ્રિયંકાબેન સાંગાણીના ભાભી, મુસ્કાનબેન મલયકુમાર મહેતા, વંશિકાના માતા, જન્તિલાલ પ્રાણલાલ માવાણી (ઉપલેટા) ના પુત્રી, જીજ્ઞેશભાઈ, નિશાબેન ગાદોયા, રુપલબેન કુરાણીના બેનની પ્રાર્થના સભા તા. ૬ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૫.૩૦ કલાકે ધારેશ્વર મંદિર, ભકિતનગર સર્કલ રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# મોરબી રોડ પર ગેરકાયદે ખડકાયેલા દબાણનો સફાયો બોલાવતું તંત્ર





**અબતક,રાજકોટ**

રાજકોટ શહેર પૂર્વમાં આવેલ મોરબી હાઈવે પર આવેલ રેવન્યુ સર્વે નં. ૭૫ પૈકીની સરકારી ખરાબાની જમીન ચો.મી. ૪૦૪૭ એક એકર ૪૦ કરોડની કીમતી જમીન પર છેલ્લા ઘણા સમયથી ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેકટર પ્રભવ જોશીની સુચનાથી પ્રાંત અધિકારી ચાંદની પરમારના માર્ગદર્શન હેઠળ મામલતદાર એસ.જે. ચાવડા તથા તેમની ટીમ દ્વારા ૪૦ કરોડની સરકારી જમીનમાં થયેલ ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા હતા. સરકારી ખરાબામાં કારખાનું, ૪ ઓરડીઓ, ચા-પાનની દુકાનો, કારખાનાના મજૂરો માટેના ૪ રૂમો, નર્સરી વગેરે દબાણ દૂર કરી સરકારી જમીનને ખુલ્લી કરવામાં આવી હતી.

**કારખાનું, ૪ ઓરડીઓ, ચા-પાનની દુકાનો, કારખાનાના મજૂરો માટેના ૪ રૂમો, નર્સરી વગેરે દબાણ દૂર કરી સરકારી જમીનને ખુલ્લી કરવામાં આવી હતી**

સરકારી જમીનમાં ગેરકાયદેસર રીતે દબાણો કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સતત ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરીથી ગેરકાયદેસર દબાણ કરનારાઓમાં અને મોટા માથાઓમાં ફફડાટ વ્યાપીઓ છે.

દબાણ હટાવની કામગીરી દરમિયાન સર્કલ ઓફીસર સત્યમભાઈ શેરસીયા, તલાટી ધારાબેન વ્યાસ, આર.એમ.સી.ના જેસીબી, પીજીવીસીએલ સ્ટાફ તથા ચૂસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે દબાણ દૂર કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.

# જીસીએએસ પોર્ટલ થકી યુજી - પીજીમાં ૪.૫૫ લાખથી વધુ એડમિશન અપાયા

## શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં રાજ્યના એક પણ વિદ્યાર્થીને પ્રવેશ પ્રક્રિયામાં અગવડ ન પડે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા મંત્રી ઋષિકેશ પટેલની તાકીદ




**અબતક, રાજકોટ**

રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે જીસીએએસની રીવ્યુ બેઠક યોજી હતી. જેમાં રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરિયા પણ ઉપસ્થિત રહ્યાં હતાગત વર્ષે રાજ્ય સરકાર દ્વારા સરકારી યુનિવર્સિટીઝ થકી કોલેજમાં એડમિશન માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે.

આ પોર્ટલમાં કેટલીક ત્રુટિઓમાં સુધારો કરીને શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે વધુ સુગમ અને સરળ બનાવવા અને રાજ્યના એકપણ વિદ્યાર્થીને એડમિશન પ્રક્રિયામાં અગવડ ન પડે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે મંત્રી ઋષિકેશ પટેલે સૂચના આપી હતી. જેના પગલે વિભાગ દ્વારા ગત વર્ષ પડેલી કેટલીક અગવડ તેમજ નવીન સુધારા સાથેનું પોર્ટલ કાર્યાન્વિત કરાયું છે. વધુમાં આ નવીન સુધારાઓને પબ્લીક ડોમેનમાં પણ મૂકવામાં આવ્યા હતા. જેમાં મોટાભાગના સુધારાઓને વિદ્યાર્થીઓ અને વાલીઓ તરફથી આવકારવામાં આવ્યા હતા. પબ્લીક તરફથી મળેલ જરૂરી સૂચનોને પણ આ નવીન પોર્ટલમાં સમાવેશ કરવામાં આવ્યા છે.આ વર્ષે વિદ્યાર્થીઓને પ્રવેશપ્રક્રિયા માટે સાયબર કેફે કે અન્ય સ્થળે ફોર્મ ભરવા જવું પડે નહીં તે માટે દરેક યુનિવર્સિટિઝ અને કોલેજ ખાતે ફ્રી ફોર્મ ફિલિંગ સેન્ટર કાર્યરત કરવામાં આવશે.

વધુમાં જીસીએએસ દ્વારા યુનિવર્સિટીઝને ૧૫ દિવસનો સમય આપીને પોત-પોતાની જરૂરિયાત મુજબ એડમિશન રાઉન્ડ ચલાવવા માટેની પરવાનગી આપવી અથવા જીસીએએસ દ્વારા શિડ્યુલ આપવાની વિચારણા પણ આ બેઠકમાં કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતા રજીસ્ટ્રેશનના વેરિફિકેશન માટે દરેક કોલેજ અને યુનિવર્સિટીઝમાં અધ્યાપકો કે કર્મચારીઓને માનદ્વેય આપીને સમગ્ર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

આ બેઠકમાં પ્રવેશ પ્રક્રિયા સંદર્ભે વેલિડેશન્સ, પ્રવેશયાદી, ઓફલાઈન રાઉન્ડ, લાઈવ વેકેન્સી અને લાઈવ કટઓફ અને પેનેલ્ટી સહિતની બાબતોની પણ વિગતવાર સમીક્ષા કરીને જરૂરી સૂચનો મંત્રી દ્વારા સૂચવવામાં આવ્યા હતા. સમગ્ર પ્રક્રિયાને વધુ સરળ બનાવવા માટે જીસીએએસસેલ દ્વારા ટેકનિકલ એજન્સી અને યુનિવર્સિટીઝ વચ્ચે સંકલનને વધુ સુગમ્ય બનાવવામાં આવશે.

અત્રે નોંધનીય છે કે, રાજ્યની ૨૫૦૦ થી વધુ કોલેજના ડેટાને અદ્યતન અને ડેટા વેરિફિકેશન કરવાની કામગીરી હાલ ચાલું છે જે ટૂંક સમયમાં જ પૂર્ણ થશે. અત્રે મહત્વની બાબાત એ પણ છે કે, ગત વર્ષે લાગુ કરાયેલ જીસીએએસ પોર્ટલ મારફતે એડમિશન પ્રક્રિયાના પગલે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં આ પોર્ટલ મારફતે યુજી અને પીજીના કુલ મળીને ૪.૫૫ લાખ થી વધુ એડમિશન થયા હતા. ગાંધીનગર ખાતે યોજાયેલ આ બેઠકમાં રાજ્યની ૧૧ જેટલી યુનિવર્સિટીઝમાંથી ઉપસ્થિત વાઈસ ચાન્સેલર્સ દ્વારા પણ પોતાના પ્રતિભાવ, સૂચનો અને તેમને પડેલી અગવડો વિશે માહિતી આપવામાં આવી હતી. જેમાંથી જરૂરી સૂચનોની અમલવારી કરીને સમગ્ર વ્યવસ્થાને વધુ સરળ બનાવવા માટે મંત્રી શ્રી ઋષિકેશ પટેલે સૂચના આપી હતી.

# દિવ્યાંગ ખેલાડીઓને સરપ્રાઈઝ આપતા મંત્રી હર્ષ સંઘવી: ઓચિંતા ગ્રાઉન્ડ પર પહોંચ્યા

## ખેલાડીઓને અપાતા નાસ્તા અને ભોજનની ગુણવત્તા ચકાસણી માટે રસોડાની પણ મુલાકાત લીધી



**અબતક, રાજકોટ**

દિવ્યાંગ ખેલાડીઓ માટે આયોજિત ખેલમહાકુંભના મેદાનમાં સુરતના રાંદેર ખાતે રમત-ગમત મંત્રી હર્ષ સંઘવીએ સરપ્રાઈઝ મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે દિવ્યાંગ ખેલાડીઓને આપવામાં આવતી સુવિધાઓ, ભોજન વ્યવસ્થાનું નિરીક્ષણ કરીને રસોડાની પણ મુલાકાત લીધી હતી. તેમણે દિવ્યાંગો સાથે આત્મીય સંવાદ કરી પ્રોત્સાહિત કર્યા હતા. રમત-ગમત મંત્રી સંઘવીએ જણાવ્યું હતું કે, ખેલ મહાકુંભ એક એવો ખેલ મહોત્સવ છે, જેણે ગુજરાતના છેવાડાના ખેલાડીઓને તક આપીને એમની ખેલ પ્રતિભાને ઉજાગર કરવાની સાથે મર્યાદિત ક્ષમતાઓ ધરાવતા દિવ્યાંગ ખેલાડીઓને સ્પોર્ટ્સમાં આગળ વધવાની પણ સુવર્ણ તક આપી છે.

દિવ્યાંગ ખેલાડીઓને કુદરતે વિશેષ શક્તિઓ આપી છે, ત્યારે એમનું ખેલ કૌશલ્ય નિખરે અને તેમના પુરૂષાર્થ થકી તેઓ પરિવાર અને રાજ્યનું ગૌરવ વધારે તે માટે રાજ્ય સરકાર દિવ્યાંગ ખેલાડીઓને વિશેષ તાલીમ આપી રહી છે. એમ તેમણે ઉમેર્યું હતું.

# ટ્રેક્ટર ચોકમાં જુગાર રમતા ચાર પતાપ્રેમીઓ ઝડપાયા

**અબતક, રાજકોટ**

શહેરના થોરાળા વિસ્તારમાં આવેલા ટ્રેક્ટર ચોકમાં જાહેરમાં જુગાર રમતો હોવાની બાતમી થોરાળા પોલીસને મળી હતી.

પોલીસે ટ્રેક્ટર ચોકમાં દરોડો પાડી જુગાર રમતા સાહિલ કરીમભાઈ પરમાર, નિઝામ ગનીભાઈ મકવાણા, લાલુ વલ્લભભાઈ રાઠોડ અને કાના ગોવિંદભાઈ બરસરિયા નામના પત્તાપ્રેમીઓને રૂ ૨૦ હજારની રોકડ સાથે થોરાળા પોલીસે ઝડપી લીધા છે.

# લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કરાશે ગ્રહો, ઉપગ્રહો, ઉલ્કા વર્ષાનું જાહેર નિદર્શન

## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી બનશે ખગોળ પ્રેમીઓ માટે ગમતું નઝરાણું

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર એજયુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મનપા સ્થાપિત તેમજ સૌરાષ્ટ્ર એજયુ. ફાઉન્ડેશન સંચાલિત તથા ગુજકોસ્ટ પુરસ્કૃત ઓ.વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રની બિગ બેંગ એસ્ટ્રોનોમી કલબ દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના ભાગરુપે તા. ૫ ફેબ્રુઆરી બુધવારે સાંજે ૭ થી ૮.૩૦ દરમિયાન વિશાળ ટેલીસ્કોપ દ્વારા શુક્ર, ચંદ્ર ગુરુ, ગુરુના ૪ ઉપગ્રહો અને મંગળ ગ્રહનું નિદર્શન જાહેર જનતાને કરવામાં આવશે. આ નિદર્શક લોક વિજ્ઞાન કેન્દ્રના પ્રાંગણ રેસકોર્ષ ખાતે કરવામાં આવશે. કલબના અદ્યતન ટેલિસ્કોપ દ્વારા ચંદ્ર પરના ઉલ્કા ગર્તો તેમજ શુક્ર ગ્રહની કળા પણ સ્પષ્ટ જોઈ શકાશે. જાહેર જનતા માટેના આ નિઃશુલ્ક કાર્યક્રમનો લાભ લેવા વિજ્ઞાન અને ખગોળ પ્રેમીઓને હાર્દિક આમંત્રણ આપવામાં આવેલ છે.

# પાટણ શહેર ભાજપ પ્રમુખ પક્ષમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ

**અબતક, રાજકોટ**

પાટણ જીલ્લા ભાજપ પ્રમુખ ડો. દશરથજી ઠાકોર દ્વારા પ્રદેશ ભાજપ મોવડી મંડળની સુચના અનુસાર ચાણસ્મા શહેર ભાજપ પ્રમુખ રાજેશભાઈ અમૃતલાલ પટેલને ચાણસ્યા શહેર ભાજપ પ્રમુખ તથા પક્ષના પ્રાથમિક સભ્ય પદેથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે.

# સર્વાંગી વિકાસને ચરીતાર્થ કરતા બજેટને ચેતન રામાણીનો આવકાર

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી તેમજ સૌરાષ્ટ્રના લડાયક ખેડૂત આગેવાન ચેતનભાઈ રામાણીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ તેમના નેતૃત્વવાળી સરકારના નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે સર્વસ્પર્ષી અને સર્વવ્યાપી એવા સર્વાંગી વિકાસના અર્થે બજેટ રજુ કરતા આવકારી અભિનંદન પાઠવી જણાવ્યું હતુ કે કેન્દ્રની ભાજપ શાસિત સરકારની જનકલ્યાણ અને લોકહીતકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવીને મળી રહ્યો છે ત્યારે આ બજેટથી દેશના અર્થતંત્રનો ઉજળો દેખાવ થશે અને દરેક વર્ગ માટે કંઈને કંઈ જાહેરાત કરવામાં આવી હોય ત્યારે ગરીબો, પીડીતો, શોષીતો, વંચિતો અને ખેડુતો માટે અનેકવિધ રાહતરૂપ યોજનાઓ બજેટમાં આત્મનિર્ભર ભારતના અભિયાનને વેગ આપતા ૨૦૪૭ના અમૃતકાળના રોડમેપ કંડારતુ બજેટ છે.

# કેન્દ્રીય અંદાજપત્ર ઈતિહાસનું સર્વશ્રેષ્ઠ બજેટ: મુકેશ દોશી

**અબતક, રાજકોટ**

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મળા સિતારમન દ્વારા આપેલ બજેટને આવકારી રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કેન્દ્ર સરકારમાં ત્રીજી વખત વડાપ્રધાન તરીકે આરૂઢ થયા છે ત્યારે નવા વર્ષનું પહેલુ પૂર્ણ બજેટ અને નાણામંત્રી સીતારમણે તેમના કાર્યકાળમાં આઠમું બજેટ રજુ કરવામાં આવેલ હતું અને ઈતિહાસનું સર્વશ્રેષ્ઠ જણાવ્યું હતું. આ બજેટને શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ આવકાર્યુ હતું. આ બજેટમાં રૂપિયા૧૨ લાખ સુધીની આવક ઉપર કોઈ આવકવેરો ન રહેતાં સામાન્ય નાગરિકો તેમજ નોકરીયાત વર્ગને અનુકુળ આ બજેટથી મધ્યમ વર્ગની ખર્ચ શકિત વધારવાનો આશય હોય આનાથી દેશના બજારોમાં તેજી આવશે, જેથી દેશના વિકાસદરમાં વધારો થાય તેવી રહેશે. ભારતમાં મધ્યમ વર્ગ, જે અર્થતંત્રનો આધાર છે, તે લાંબા સમયથી વધુ આવકવેરા રાહત, ઉચ્ચ છૂટ અને ટેક્સ સ્લેબમાં ગોઠવણોની હિમાયત કરી રહ્યો છે. વધતી જતી ફુગાવા, જીવન નિર્વાહનો ખર્ચ અને આર્થિક અનિશ્ચિતતાઓ સાથે જીવન જીવતો હતો આથી તેમના જીવનમાં પરિવર્તન લાવવાનો આશય સિધ્ધ થશે.

# બસ પોર્ટમાં વગર વરસાદે મુસાફરોને છત્રી લઈ જવી પડે તેવી કરૂણ સ્થિતિ

## બસ પોર્ટમાં મેઈન્ટેનન્સના અભાવે ચાર વર્ષમાં કફોડી સ્થિતિ: વ્યવસ્થા ભાંગીને ભૂકકો:ચુવાંક થતાં નીચે ડોલ મૂકવી પડી

**અબતક રાજકોટ**

ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, દિલીપભાઈ આસવાણી, પટેલ નાગજીભાઈ વિરાણી, પૂર્વ ફૌજી નટુભા ઝાલા, જીગ્નેશભાઈ પાટડીયા, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, સરલાબેન પાટડીયા, કૈલાશબેન વાઘેલાના જણાવ્યાનુસાર વર્ષ ૨૦૨૦ માં બનાવાયેલા ઢેબર રોડ પરનું એસ.ટી બસ પોર્ટ એ રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને એમવીઓમની શાયોના બીઆઈપીએલ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા પીપીપી યોજના હેઠળ અધ્યતન એરપોર્ટ એ માત્ર કોમર્શિયલ પ્રોજેક્ટ બનીને રહી ગયો. ૧૭૫ કરોડના ખર્ચે બનેલ આ બસ સ્ટેશન થાળી ભાંગીને વાટકો કર્યું. રીબીન કાપવા અને નવી વોલ્વો બસોના ઉદઘાટન સમયે દેખાતા મંત્રીશ્રીઓ અને ધારાસભ્યો એસ.ટી બસ સ્ટેશનમાં પછી ફરકતા જ નથી. જે પગલે એસટીમાં ચાલતા બેફામ ભ્રષ્ટાચારો અને મુસાફરોને પડતી હાલાકી બેકાબૂ બની છે. તે સમયે ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિ દ્વારા કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલા એસ.ટીના તંત્રને ઢાંઢોળી રહી છે.

સૌરાષ્ટ્રના પાટનગર સમાન રાજકોટમાં કે જ્યાં રોજ ૧૫૦૦ થી વધુ બસોની અવર જવર રહે છે અને હજારો મુસાફરો જ્યારે રાજકોટ એસ.ટી બસ પોર્ટ પર આવતા હોય ત્યારે ફક્ત ચારેક વર્ષમાં આ એસ.ટી બસ પોર્ટ મેઈન્ટેનન્સના અભાવે કફોડી હાલત થઈ ગઈ છે અને વ્યવસ્થા પણ ભાંગીને ભૂકકો થઈ છે. એસ.ટી બસ પોર્ટ એ ચોર, લુંટારા, પોકેટમાર, ગઠીયાઓ, અસામાજિક તત્વો અને આવારા ગુંડા તત્વોનું આશ્રય સ્થાન બન્યું છે. એસ.ટી બસ પોર્ટ ની પોલીસ ચોકી એ શોભાના ગાંઠિયા જેવી બની ગઈ છે. પોલીસોની ગુટલી અસામાજિકો માટે મોકળું મેદાન બની છે. એસ.ટી બસ પોર્ટ માં વગર વરસાદે



મુસાફરોને છત્રી લઈને આવવું પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે બે થી ત્રણ જગ્યાએ મુસાફરોની બેઠક વ્યવસ્થા પર છતમાંથી પાણી ટપકતું જોવા મળે છે. ચોમાસા દરમિયાન વરસાદ માં ઓન ધ રોડ ખખડધજ અને ભંગાર ચાલતી એસ.ટી બસોમાં છત્રી લઈને બેસવું પડે જ્યારે વગર વરસાદે એસ.ટી બસ પોર્ટ માં છત્રી લઈ આવવી પડે તેવી સ્થિતિ છે. પ્લેટફોર્મ નંબર ૫ પર બેથી ત્રણ જગ્યાએ બસ પોર્ટ ની છતમાંથી પાણી ટપકતું હોવાને પગલે નીચે પાણીની ત્રણેક ડોલો મૂકવી પડી છે આ પરિસ્થિતિ છેલ્લા ત્રણેક દિવસથી હોવાને પગલે અધિકારીઓને ફરિયાદ કરવા છતાં ફરિયાદનું નિરાકરણ ન થતાં ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના ગજેન્દ્રસિંહ ઝાલાએ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ મુસાફરો નોંધવાની ફરિયાદ પોથીમાં લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે. ૧૭૫ કરોડના ખર્ચે બનેલુ આ બસ સ્ટેશન હાલ ભંગાર અને ખખડધજ બની ગયું છે.એસ.ટી બસ પોર્ટમાંની છતમાંથી પ્લેટફોર્મ નંબર ૫ અને ૧૫ માંથી એસ.ટી માં ચાલતા ભ્રષ્ટાચારના પોપડા છતમાંથી ઉખડીને બહાર આવી ગયા છે. છતમાં બખોરા પડી ગયા છે.

એસ.ટી ના અધિકારીઓ, કોન્ટ્રાક્ટરોની અને પોલીસ તંત્રની બેદરકારી અને લાપરવાહીના પગલે મુસાફરોએ જાન પણ ગુમાવ્યા છે તે પોલીસ સ્ટેશનના રેકોર્ડ પર મૌજુદ છે. એસ. ટી બસ પોર્ટ માં સીસી ફૂટેજ કેમેરા હોવા છતાં રોજબરોજ મુસાફરોના સામાન કે પાકીટ ચોરવાની ઘટના સામાન્ય બની ગઈ છે. એસ.ટી બસ પોર્ટ માં પૂરીનલમાં બાથરૂમ જવાનો લાખો નો ભ્રષ્ટાચાર પોલીસ ચોકીની બાજુમાં અને એસ.ટીના અધિકારીઓના નાક નીચે ચાલી રહ્યો છે મુસાફરો લૂંટાઈ રહ્યા છે. નિંભર તંત્ર વાહકો તમાશો જોઈ રહ્યા છે.

# સોમવારથી ફ્રાન્સ અને અમેરિકાના પ્રવાસે મોદી : ટ્રમ્પ સાથેની મુલાકાતમાં વેપાર, સંરક્ષણ સહિતના મુદ્દાઓ પર કરશે ચર્ચા

## ટ્રમ્પે બીજો કાર્યકાળ સાંભળ્યા પછી મોદીની વોશિંગ્ટનની આ પહેલી દ્વિપક્ષીય મુલાકાત હશે

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૦-૧૧ ફેબ્રુઆરીએ ફ્રાન્સની મુલાકાત લીધા બાદ ૧૨ ફેબ્રુઆરીથી બે દિવસ અમેરિકાના પ્રવાસે જશે, જ્યાં તેઓ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વ્યાપક ચર્ચા કરશે. ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં બીજો કાર્યકાળ મેળવ્યા પછી મોદીની વોશિંગ્ટનની આ પહેલી દ્વિપક્ષીય મુલાકાત હશે. તેમની શરૂઆતની મુલાકાત ભારત-અમેરિકા સંબંધોના વ્યૂહાત્મક મહત્વ પર ભાર મૂકે છે, કારણ કે નવા વહીવટના ઉદઘાટન પછી તેઓ ટ્રમ્પને રૂબરૂ મળનારા પ્રથમ વિદેશી નેતાઓમાંના એક હશે.



પીએમ મોદી ફ્રાન્સની તેમની બે દિવસીય મુલાકાત પછી તરત જ યુએસ પહોંચશે, ફ્રાન્સમાં તેઓ ૧૦-૧૧ ફેબ્રુઆરીએ ગ્રાન્ડ પેલેસ ખાતે એઆઈ એક્શન સમિટમાં હાજરી આપશે. એલિસી પેલેસના એક નિવેદન અનુસાર, ફ્રેન્ચ સરકાર દ્વારા આયોજિત આ સમિટમાં કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે એઆઈમાં પ્રગતિ અને નિયમોની ચર્ચા કરવા માટે વૈશ્વિક નેતાઓ, વ્યવસાયિક અધિકારીઓ, શિક્ષણવિદો અને સમાજના સભ્યોને એકઠા કરવામાં આવશે.

પીએમ મોદીની યુએસ મુલાકાતની સત્તાવાર વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી, પરંતુ વેપાર, સંરક્ષણ સહયોગ અને પ્રાદેશિક સુરક્ષા, ખાસ કરીને ઈન્ડો-પેસિફિકમાં કેન્દ્રિત થવા અંગેની ચર્ચાઓ કરે તેવી અપેક્ષા છે. ટ્રમ્પે ૨૦ જાન્યુઆરીએ યુનાઈટેડ સ્ટેટ્સના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે સત્તાવાર રીતે શપથ લીધા હતા. તેમના શપથ ગ્રહણ પછી, પીએમ મોદીએ ૨૭ જાન્યુઆરીએ તેમની સાથે ફોન પર વાત કરી હતી, વેપાર, ઊર્જા અને સંરક્ષણ સહયોગ પર ભાર મૂકતા ''વિશ્વસનીય'' ભાગીદારી પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા અંગે વાતચીત કરી હતી. ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં ભારતનું પ્રતિનિધિત્વ વિદેશ મંત્રી એસ જયશંકરે કર્યું હતું, જેમણે નવા ચૂંટાયેલા યુએસ રાષ્ટ્રપતિને પીએમ મોદીનો પત્ર પણ પહોંચાડ્યો હતો.

# શેરબજારમાંતેજી: સેન્સેક્સમાં ૧૩૦૦ પોઈન્ટનો ઉછાળો

## સેન્સેક્સે ૭૮૪૯૫ અને નિફ્ટીએ ૨૩૭૩૨ની સપાટી સ્પર્શી

**અબતક, નવી દિલ્હી**

શેરબજારમાં આજે તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. સેન્સેક્સ ૧૩૦૦ થી વધુ પોઈન્ટના વધારા સાથે ૭૮,૪૯૨ ના સ્તરે ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટી પણ ૩૬૫ પોઈન્ટ ઉપર છે, તે ૨૩,૭૨૬ ના સ્તરે ટ્રેડ કરી રહ્યો છે. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૯ શેરો ઉપર છે અને ૧ શેરો નીચે છે. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૪૭ ઉપર અને ૩ નીચે છે. એનએસઈ સેક્ટરલ ઈન્ડેક્સમાં બધા સેક્ટર વધારા સાથે કારોબાર કરી રહ્યા છે. ઓટો સેક્ટરમાં મહત્તમ ૧.૨૦% વૃદ્ધિ જોવા મળી છે.



એશિયન બજારમાં, જાપાનનો નિક્કી ૧.૨૪% અને કોરિયાનો કોસ્પી ૧.૬૩% વધ્યો છે. તે જ સમયે, ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ ૦.૦૬૨% ના ઘટાડા સાથે ટ્રેડ કરી રહ્યો છે. એનએસઈના ડેટા અનુસાર, વિદેશી રોકાણકારો એ ૩ ફેબ્રુઆરીના રોજ ૩,૯૫૮.૩૭ કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન, સ્થાનિક રોકાણકારોએ ૨,૭૦૮.૨૩ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા. ૩ ફેબ્રુઆરીના રોજ, અમેરિકાનો ડાઉ જોન્સ ૦.૨૮% ના વધારા સાથે ૪૪,૪૨૧ પર બંધ થયો. એસએન્ડપી ૫૦૦ ઈન્ડેક્સ ૦.૭૬% વધીને ૫,૯૯૪ પર બંધ થયો. નાસ્ડેક ઈન્ડેક્સ ૧.૨૦% ઘટ્યો.

ગઈકાલે એટલે કે ૪ ફેબ્રુઆરીએ, સેન્સેક્સ ૩૧૯ પોઈન્ટના ઘટાડા સાથે ૭૭,૧૮૬ પર બંધ થયો હતો. નિફ્ટી પણ ૧૨૧ પોઈન્ટ ઘટીને ૨૩,૩૬૧ પર બંધ થયો. તે જ સમયે, બીએસઈ સ્મોલ કેપ ૮૮૭ પોઈન્ટ ઘટીને ૪૯,૨૧૨ પર બંધ થયો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૯ શેરો નીચે અને ૧૧ શેરો ઉપર હતા. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૫ શેરોમાં ઘટાડો અને ૧૫ શેરોમાં વધારો જોવા મળ્યો. એનએસઈ ક્ષેત્રીય સૂચકાંકોમાં, તેલ અને ગેસ ક્ષેત્રમાં સૌથી વધુ ૨.૨૨%નો ઘટાડો થયો.

# સોનાના ચળકાટ વચાળે લોન લેવાવાળાઓનો પણ રાફડો ફાટ્યો: છેલ્લા છ વર્ષમાં ૭૧%નો વધારો

## ICICI બેંક માટે ગોલ્ડ અસ્કયામતો વાર્ષિક ધોરણે ૧૪ ટકા વધી

**અબતક, રાજકોટ**

સોનાના ભાવમાં વધારો થવાની સાથે સોનાં પર લોન લેવાવાળાઓની સંખ્યામાં પણ વધારો થયો છે. સોનાના ભાવમાં વધારો થવાને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૫ ના પ્રથમ નવ મહિનામાં વાણિજ્યિક બેંકો દ્વારા સોનાની લોનમાં ૭૧ ટકાનો વધારો થયો છે. બેંક સિવાયના ધિરાણકર્તાઓ પર પણ સોનાની લોનમાં વધારો જોવા મળ્યો છે. સોનાના ભાવમાં વધારાને કારણે ધિરાણકર્તાઓને ઉચ્ચ કોલેટરલ મૂલ્યને કારણે વધુ લોન રકમ મેળવાની મંજૂરી મળી છે. જેનાથી સોનાની લોન પોર્ટફોલિયો પર નિયમનકારી ચકાસણી છતાં ધિરાણકર્તાઓની સગવડતામાં વધારો થયો છે.



ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા પ્રકાશિત તાજેતરના ડેટા દર્શાવે છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫ ના પ્રથમ નવ મહિનામાં વાણિજિયક બેંકો દ્વારા આપવામાં આવેલી સોનાની લોન ૭૧ ટકા વધીને રૂ. ૧.૭૨ લાખ કરોડ થઈ છે. જે એક વર્ષ પહેલાના સમાન સમયગાળામાં ૧૨.૭ ટકા હતી.

ETIG ડેટાબેઝ દર્શાવે છે કે મુખ્ય ધિરાણકર્તાઓમાંની એક, ICICI બેંક માટે ગોલ્ડ અસ્કયામતો, વાર્ષિક ધોરણે ૧૪ ટકા વધી છે. આ વ્યવસાયમાં અગાઉ પ્રવેશ કરનારા બેંક સિવાયના ધિરાણકર્તાઓ પર એપ્રિલ-સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન ગોલ્ડ લોનની લિમિટ વધીને - ૧.૫૫ કરોડ થયા. જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં રૂ. ૧.૩૨ લાખ કરોડ હતા. મુથુટ ફાઈનાન્સ અને મણપ્પુરમ ફાઈનાન્સ સક્રિય સોના પર કેન્દ્રિત એનબીએફસીમાં શામેલ છે.

સોના સામે લોન વધતા ભાવો વચ્ચે બેંકોને વ્યસ્ત રાખે છે. મુથુટ માટે, સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી ગોલ્ડ અસ્કયામતો અંડર મેનેજમેન્ટમાં વાર્ષિક ધોરણે ૨૮ ટકાનો વધારો થયો હતો. અને મણપ્પુરમ માટે તે જ સમયગાળામાં ૧૭ ટકાનો વધારો થયો હતો. ધિરાણકર્તાઓને આરામ આપવા માટે એક મહત્વપૂર્ણ પરિબળ સોનાનો વધતો ભાવ છે. ભારતમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ગોલ્ડ લોન માટે એલટીવી રેશિયો ૭૫ ટકા સુધી મર્યાદિત છે. સરળ શબ્દોમાં કહીએ તો લોન લેનારાઓ તેમના સોનાના બજાર મૂલ્યના ૭૫ ટકા સુધી લોન મેળવી શકે છે.

# મહારાષ્ટ્રમાં સરકારી ખાતામાં મરાઠી ભાષામાં લખાણ તો ઠીક વાતચીત પણ મરાઠીમાં ફરજિયાત !!

## સરકારી કચેરીઓના દસ્તાવેજો તેમજ કચેરી બહાર લગાવેલા બોર્ડ પણ મરાઠી ભાષામાં લગાવવા આવશ્યક

**અબતક, રાજકોટ**

સ્થાનિક ભાષાને મહત્ત્વ આપતો નિણર્ય મહારાષ્ટ્ર સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર સરકારે ગઈ કાલે એક સરકારી ઠરાવ બહાર પાડ્યો છે જેમાં તમામ સરકારી અને અર્ધ-સરકારી કચેરીઓમાં મરાઠી ભાષાનો ઉપયોગ ફરજિયાત કરવામાં આવ્યો છે. જીઆર મુજબ, ''તમામ સરકારી, અર્ધ-સરકારી કચેરીઓ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ, રાજ્ય સંચાલિત નિગમો અને સહાયિત કચેરીઓમાં'' કર્મચારીઓએ મુલાકાતીઓ સાથે વાત કરતી વખતે મરાઠી ભાષાનો ઉપયોગ કરવો આવશ્યક છે, સિવાય કે ભારત બહારથી અને અન્ય રાજ્યોમાંથી આવતા મુલાકાતીઓ.

રાજ્ય આયોજન વિભાગ દ્વારા જારી કરાયેલ જીઆર, રાજ્યની મરાઠી ભાષા માટેની નીતિ અંગેના અમલીકરણનો એક ભાગ છે. '' કચેરીઓમાં મરાઠી ભાષાના ઉપયોગ અને મરાઠીમાં વાતચીત અંગે બોર્ડ લગાવવાનું ફરજિયાત કરાયું છે.'' જીઆર જણાવે છે કે, ''આનો કડક અમલ કરવામાં આવશે.

મરાઠીમાં વાતચીત ન કરતા સરકારી અધિકારીઓ/ કર્મચારીઓ અંગે સંબંધિત કચેરીના વડા અથવા વિભાગના વડાને ફરિયાદ કરી શકાય છે. ચકાસણી પછી જો કોઈ ખામી જણાશે તો વિભાગના વડા સામે શિસ્તભંગના પગલાં લેવાશે.''

જીઆરમાં વધુમાં જણાવાયું છે કે, ''બધી સરકારી કચેરીઓમાં મૂળ દરખાસ્તો, તમામ પત્રવ્યવહાર, ટિપ્પણીઓ, આદેશો, સંદેશાઓ મરાઠીમાં હશે અને ઓફિસ સ્તરે બધી રજૂઆતો અને વેબસાઈટ્સ પણ મરાઠીમાં હશે. કેન્દ્રના ત્રિભાષી સૂત્ર મુજબ, રાજ્યમાં કેન્દ્ર સરકારની તમામ કચેરીઓ તેમજ તમામ બેંકોમાં નોટિસ બોર્ડ, અધિકારીઓના નામ બોર્ડ, અરજી ફોર્મ મરાઠીમાં હોવા ફરજિયાત રહેશે. સરકારી અને અર્ધ-સરકારી સંસ્થાઓ તેમજ કોર્પોરેશનો, બોર્ડ, સરકાર દ્વારા માન્ય સાહસો, કંપનીઓમાં મરાઠી નામોનો ઉપયોગ સંસ્થાઓના કાર્યમાં કરવામાં આવશે.''

આ ઉપરાંત સરકાર દ્વારા મંજૂર કરાયેલી પ્રવૃત્તિઓ હેઠળના સાહસો દ્વારા મીડિયાને આપવામાં આવતી જાહેરાતોમાં પણ મરાઠી ભાષાનો ઉપયોગ ફરજિયાત રહેશે. ગયા વર્ષે ઓક્ટોબરમાં કેન્દ્ર દ્વારા પાલી, પ્રાકૃત, આસામી અને બંગાળી સાથે મરાઠીને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

# પ્રજાસત્તાક પર્વની પરેડમાં વિજેતા બનેલા ગુજરાતના ''ટેબ્લો''ના કલાકારોને અભિનંદન પાઠવતા મુખ્યમંત્રી



**અબતક, રાજકોટ**

૭૬માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં વિજેતા થયેલ ગુજરાત ટેબ્લોના કલાકારોની ટીમે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીએ વિવિધ રાજ્યોના સાંસ્કૃતિક કાર્યક્રમની કૃતિઓની સ્પર્ધામાં ગુજરાતના ટેબ્લોને ત્રીજું સ્થાન મેળવવા બદલ કલાકારોને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘ, માહિતી નિયામક કે.એલ.બચાણી, અધિક માહિતી નિયામક અરવિંદ પટેલ, નાયબ માહિતી નિયામક જિગર ખુંટ સહિત માહિતી ખાતાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ''આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ'' ટેબ્લોએ સતત ત્રીજા વર્ષે 'પોપ્યુલર ચોઈસ' કેટેગરીમાં સૌથી વધુ વોટ મેળવીને હેટ્રિક સર્જી છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી: ભારત-પાક મેચની ટિકિટો માત્ર એક કલાકમાં ચપોચપ વેચાઈ ગઈ

## આઠ ટીમોની આ ટુર્નામેન્ટ ૧૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ દરમિયાન યોજાશે

**અબતક, રાજકોટ**

ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચને લઈને હંમેશા ચાહકોમાં અનેરો ઉત્સાહ હોય છે. ત્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચની ટિકિટો માત્ર એક જ કલાકમાં વેચાઈ ગઈ. આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીના ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનારી મેચની ટિકિટો ગઈ કાલે એક જ કલાકમાં વેચાઈ ગઈ જેને કારણે ઘણા લોકો પોતાના વારાની ઓનલાઈન રાહ જોઈ રહ્યા હતા. ભારત ૨૩ ફેબ્રુઆરીએ દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે પાકિસ્તાન સામે ટકરાશે , જ્યાં ભારત પોતાની બધી મેચ રમશે - જેમાં ક્વોલિફાય થાય તો સેમિફાઈનલ અને ફાઈનલ મેચનો પણ સમાવેશ થાય છે.

ભારતીય ટીમે ટુર્નામેન્ટ માટે પાકિસ્તાન જવાનો ઈનકાર કર્યા બાદ, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ વચ્ચેના કરાર પછી પાકિસ્તાન દ્વારા આયોજિત ટુર્નામેન્ટ હાઈબ્રિડ બની ગઈ. ટિકિટોની આ ઉગ્ર માંગથી સ્થાનિક રહેવાસીઓ અને વિશ્વભરના ચાહકો બંને આશ્ચર્યચકિત થઈ ગયા. દુબઈના એક સ્થાનિકે જણાવ્યું હતું કે ''મને લાંબી કતાર લાગવાની અપેક્ષા હતી, પરંતુ જે ઝડપે ટિકિટ ગાયબ થઈ ગઈ તે આઘાતજનક હતું. ક્રિકેટ પ્રેમીઓ લગભગ એક કલાક સુધી ઓનલાઈન કતારમાં ઉભા રહ્યા, પરંતુ તેમને ખબર પડી કે ભારત વિરુદ્ધ પાકિસ્તાન મેચ માટે મોટાભાગની શ્રેણીઓમાં ટિકિટો ઉપલબ્ધ નથી. આઠ ટીમોની આ ટુર્નામેન્ટ ૧૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ દરમિયાન રમાશે અને તેમાં પાકિસ્તાન અને દુબઈના સ્થળોએ ૧૫ મેચનો સમાવેશ થશે.




લાહોર, કરાચી અને રાવલપિંડીના સ્ટેડિયમો પાકિસ્તાનમાં મેચોનું આયોજન કરશે. ભારત અને પાકિસ્તાન ઉપરાંત ગ્રુપ એ માં બાંગ્લાદેશ અને ન્યુઝીલેન્ડનો સમાવેશ થાય છે. ગ્રુપ બી માં અફઘાનિસ્તાન, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. ટુર્નામેન્ટની શરૂઆતની મેચમાં કરાચીમાં યજમાન અને ડિફેન્ડિંગ ચેમ્પિયન પાકિસ્તાનનો મુકાબલો ન્યુઝીલેન્ડ સામે થશે.

# ગુજરાતનાં પશુપાલકો દેશી ગાયની નસલને પ્રોત્સાહન આપવા પ્રયત્નશીલ રહે: રાજ્યપાલ

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સેક્સ સોર્ટેડ ટેકનીક અને લેબોરેટરીનું અવલોકન કર્યુ

**અબતક,રાજકોટ**

ગુજરાતમાં ઉત્તમ નસલની- વધુ દૂધ આપતી દેશી ગાયની સંખ્યા વધે એ માટે સતત ચિંતિત અને પ્રયત્નશીલ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ-એન.ડી.ડી.બી. દ્વારા સંચાલિત સાબરમતી આશ્રમ ગૌશાળામાં સુપિરિયર એનિમલ જિનેટિક્સ લેબોરેટરીની મુલાકાત લઈને સ્વદેશી સેક્સ સોર્ટેડ સિમેન ટેકનોલોજીનો અભ્યાસ કર્યો હતો.



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી સ્વયં પશુપાલક છે. હરિયાણાના કુરુક્ષેત્રમાં તેમના ગુરુકુળની ગૌશાળામાં તેઓ ઘણા વર્ષોથી પોતાની દેશી ગાયની બ્રિડને વધુને વધુ ઉન્નત કરવા માટે તેઓ આ ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે. ગુજરાતમાં વધુને વધુ પશુપાલકો દેશી ગાયની નસલને વધુ ઉન્નત કરવા પ્રયત્નશીલ રહે એવી તેમણે અપીલ કરી છે.

એન.ડી.ડી.બી.એ ગોસોર્ટ નામથી પ્રભાવક અને ઓછી ખર્ચાળ સેક્સ સોર્ટેડ ટેકનીક વિકસાવી છે. ભારત સરકારના પશુપાલન અને ડેરી વિભાગે રાષ્ટ્રીય ગોકુલ મિશન અંતર્ગત આ ટેકનિકને વ્યવસાયિક રૂપે લાગુ કરવાની મંજૂરી આપતા એન.ડી.ડી.બી.એ સ્વદેશી સેક્સ સોર્ટેડ ટેકનીક-ગૌસોર્ટ રાષ્ટ્રને સમર્પિત કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ઓક્ટોબર ૨૦૨૪ માં તેનો શુભારંભ કરાવ્યો હતો. અહીં એ ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે ખેડૂતો અને પશુપાલકોને મોટી સબસીડી આપીને માત્ર ૫૦ રૂપિયાની કિંમતે સેક્સ સોર્ટેડ સિમેન ઉપલબ્ધ કરાવીને ક્રાંતિ સર્જી છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આજે ખેડા જિલ્લાના બિડજમાં આવેલી સાબરમતી આશ્રમ ગૌશાળાની મુલાકાત લઈને સેક્સ સોર્ટેડ ટેકનીક અને લેબોરેટરીનું અવલોકન કર્યું હતું. તેમણે અદ્યતન લેબોરેટરની સુવિધાઓ, સંશોધન કાર્યો અને પ્રયોગો વિશે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના ચેરમેન મીનેશ શાહ, એન.ડી.એસ.ના મેનેજિંગ ડિરેક્ટર ડો.સી.પી.દેવાનંદ તથા સુપિરિયર એનિમલ જીનેટિક્સના જનરલ મેનેજર ડો. અમરીશ પટેલ પાસેથી જાણકારી મેળવી હતી.

# પાકિસ્તાનમાં વસતા હિન્દુઓએ હરિદ્વારમાં ૪૦૦ કળશ અસ્થિ વિસર્જન કરી: મહાકુંભમાં જવાની પરવાનગી માંગી

## ૪ થી ૨૧મી ફેબ્રુઆરી સુધી આ કળશ દિલ્હીના નિગમ બોધ ઘાટ પર રાખવામાં આવશે: દૂધના વિધિવત અર્પણ સાથે વિસર્જન કરાશે

**અબતક, રાજકોટ**

ગંગા નદીમાં અસ્થિ વિસર્જનનું હિન્દુઓમાં ખાસ મહત્વ છે. ત્યારે માત્ર ભારતમાં વસતા જ હિન્દુઓ નહીં પાકિસ્તાનના હિન્દુઓ પણ અસ્થિ વિસર્જન માટે માં ગંગાના ચરણોમાં આવવાને પ્રાધાન્ય આપે છે. ભાગલા પછી ત્રીજી વખત, પડોશી દેશ પાકિસ્તાનથી હિન્દુઓનું એક જૂથ મૃત હિન્દુઓની અસ્થિ ધરાવતા લગભગ ૪૦૦ કળશ લઈને ભારત પહોંચ્યું હતું.



આ જૂથ હરિદ્વારમાં ગંગા નદીમાં આ અસ્થિઓનું વિસર્જન કરવા માંગે છે. તેઓ મહાકુંભમાં પવિત્ર સ્નાન માટે પ્રયાગરાજની મુલાકાત લેવાની પરવાનગી મેળવવાની પણ આશા સેવી રહ્યા છે. કરાચીના શ્રી પંચમુખી હનુમાન મંદિરના મહંત રામ નાથ મિશ્રા મહારાજ જણાવે છે કે પાકિસ્તાનમાં ઘણા હિન્દુઓની ઈચ્છા છે કે, તેમના મૃત્યુ પછી, તેમની અસ્થિઓનું ગંગા નદીમાં વિસર્જન કરવામાં આવે.

વૈકલ્પિક રીતે, તેમના સંબંધીઓ ઘણીવાર તેમના વતી આ પવિત્ર ફરજ પૂર્ણ કરવા માંગે છે. પરિણામે, અસ્થિને મંદિરોમાં 'કલશ'માં સંગ્રહિત કરવામાં આવે છે, અને એકવાર નોંધપાત્ર સંખ્યા પહોંચી જાય, પછી ભારતીય વિઝા મેળવવાના પ્રયાસો કરે છે જેથી મૃતકો અથવા તેમના પરિવારોની અંતિમ ઈચ્છાઓ પૂર્ણ થઈ શકે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેઓ પાકિસ્તાનથી આવેલા મૃત હિન્દુઓના અંતિમ સંસ્કાર માટે આશરે ૪૦૦ કળશ લઈને જઈ રહ્યા હતા. શ્રી દેવોત્થાન સેવા સમિતિ, દિલ્હીના મહામંત્રી વિજય શર્મા, જેઓ પાકિસ્તાનથી લાવવામાં આવેલા કળશ લેવા માટે એક ડઝન અન્ય લોકો સાથે અટારી પહોંચ્યા હતા, તેમણે માહિતી આપી હતી કે ૪ થી ૨૧ ફેબ્રુઆરી સુધી, આ કળશ દિલ્હીના સૌથી જૂના અને સૌથી મોટા સ્મશાન ઘાટ, નિગમ બોધ ઘાટ પર રાખવામાં આવશે, જ્યાં લોકો શ્રદ્ધાંજલિ આપી શકે.

૨૧ ફેબ્રુઆરીએ, વૈદિક પરંપરાઓનું પાલન કરીને, કળશને હરિદ્વાર લઈ જવામાં આવશે અને ૨૨ ફેબ્રુઆરીએ કંખાલના સીતાઘાટ ખાતે દૂધનો વિધિવત અર્પણ સાથે વિસર્જન કરવામાં આવશે.

પાકિસ્તાની હિન્દુ જૂથને લખનૌ અને હરિદ્વારની મુલાકાત માટે વિઝા મળી ગયો છે. રામ નાથ મિશ્રાએ જણાવ્યું હતું કે તેઓ પ્રયાગરાજની મુલાકાત લેવા માટે વિઝા લંબાવવાની આશા રાખે છે જેથી તેઓ તેમની જીવનભરની ઈચ્છા મહાકુંભમાં પવિત્ર ડૂબકી લગાવી શકે. ભૂતકાળમાં, ૨૦૧૧ અને ૨૦૧૬ માં પાકિસ્તાનથી હિન્દુઓનું એક જૂથ અનુક્રમે ૧૩૫ અને ૧૬૦ મૃત હિન્દુઓની અસ્થિઓ લઈને ભારત આવ્યું હતું.

વિજય શર્માએ ભારત સરકારને વિનંતી કરી કે તેઓ હરિદ્વારમાં તેમના મૃતકોના અંતિમ સંસ્કાર કરવા માંગતા હિન્દુઓને વિઝા આપે, અને ઉમેર્યું કે તેઓ તમામ પ્લેટફોર્મ દ્વારા તેમની માંગણી પણ ઉઠાવશે.




# કેન્સર સામેની લડાઈમાં કેન્સર સોસાયટીના યોધ્ધા અડિખમ: ડૉ. ખ્યાતિ વસાવડા



તસ્વીર: શૈલેષ વાડોલીયા

## દર્દીઓની સારવારની સફર અલગ-અલગ હોય શકે પરંતુ તેનું લક્ષ્ય 'મહામારી' ને નાથવાનું છે

**અબતક,રાજકોટ**

'વિશ્વ કેન્સરદિવસ' દર વર્ષે ૪ ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે.આ દિવસની ઉજવણીનો મુખ્યઉદેશ્ય સમાજમાં કેન્સર પ્રત્યેની જાગૃતિ અને ભય દુર કરવાનો છે. જેના માટે રાજકોટ કેન્સર સોસાયટી લગભગ છેલ્લા ૬ દાયકાઓથી સૌરાષ્ટ્રમાં સતત કાર્યશીલ અને સંવેદનશીલ છે.રાજકોટની નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ જેને આપણે રાજકોટ કેન્સર સોસાયટી ના નામથી ઓળખીયે છીએ. જે સૌરાષ્ટ્ર કચ્છમાં કેન્સરની સારવાર માટે ઉત્કૃષ્ઠ સેવાઓ પુરી પાડતી આવી છે.

રાજકોટ કેન્સર સોસાયટીની સ્થાપના ૧૯૬૯ માંકરવામાં આવી હતી. જેનો મુખ્યધ્યેય જરૂરીયાતમંદ

અને ઓછી આવક ધરાવતા દર્દીઓને વ્યાજબી ભાવે ગુણવત્તાયુકત સારવાર પુરી પાડવાનો છે.

આ "વિશ્વ કેન્સરદિવસ" નીમીતે આયોજીત પત્રકાર પરિષદમાં રાજકોટ કેન્સર સોસાયટીના મેડીકલ ડાયરેકટર ડો.ખ્યાતી વસાવડાએ માહિતી આપતા જણાવેલ કે કેન્સરના દર્દીઓ રાજકોટ કેન્સર સોસાયટી ખાતે સારવાર લેવાનું પસંદ કરે છે જેનું મુખ્ય કારણ છે કે કેન્સર માટેની સંપુર્ણ સારવાર એકછત્ર હેઠળ પુરી પાડવામાં આવે છે, તથા અનુભવિ અને નિષ્ણાંત તબીબોની ટીમ ઉપલબ્ધ છે, અતિ આધુનિક સાધનો અને સુવિધા ઉપલબ્ધ છે આ ઉપરાંત હુંફાળુ, હકારાત્મક અને પારિવારીક વાતાવરણ દર્દીઓ અનુભવે છે. જે કેન્સરને હરાવવા માટે પર્યાપ્ત છે.તથા જયારે દર્દીને કેન્સર માલુમ થાય ત્યારે ફકત દર્દી જ નહીં પરંતુ તેનો પરિવાર પણ માનસીક અને આર્થિક રીતે કપરી પરિસ્થિતીનો સામનો કરતા હોય છેતેવા સમયે પણ રાજકોટ કેન્સર સોસાયટી તેમને તબીબી અને પારીવારીક ટેકો પુરો પાડે છે.રાજકોટ કેન્સર સોસાયટી ખાતે કેન્સરને થતું અટકાવવાના ઉપાયથી લઈને કેન્સરનાઅતિ ગંભીર દર્દીઓની પીડારહિત સારવાર કરી તેના જીવનની ગુણવત્તા સુધારવાના પ્રયાસો કરવામાં આવે છે.

આ વર્ષની વિશેષ થીમ છે 'યુનીટી બાય યુનીટ' જેની વિશ્વસ્તરે ત્રણ વર્ષ સુધી ઝુંબેશ ચાલશે જેનો મુખ્ય ઉદેશ્ય એ છે કે કેન્સરગ્રસ્ત દર્દીના નિદાન અને સારવારથી વધુ દર્દીના વ્યકિતગત અનુભવો,લાગણીઓ અને આકાંક્ષાઓ પર પણ ધ્યાન કેન્દ્રીત કરવું. કારણ કે દરેક વ્યક્તિની વિશિષ્ટતાઓ અલગ હોય છે તેથી ફકત તેમની તબીબી અથવા માનસિક સ્વાથ્યની સ્થિતીઓ ઉપરાંત તેને વ્યકિત તરીકે ઓળખવા એ આ ઝુંબેશનો મુખ્ય હેતુ છે. દર્દીની સારવારની સફર અલગ અલગ હોય શકે પરંતુ તેનુ લક્ષ્ય ફકત કેન્સરને હરાવવાનું છે તેથી અનન્ય પરંતુ સંયુકત રહી લક્ષ્ય પ્રાપ્ત કરવા આ વિશેષ થીમ પ્રોત્સાહન પ્રદાન કરે છે.

છેલ્લા ૨ વર્ષમાં રાજકોટ કેન્સર સોસાયટી એ કેન્સરના નિદાન અને સારવારમાં હરણફાળ ભરેલ છે જેમાં કેન્સરને થતું અટકાવવાના પ્રયત્નો તથા તેની આંતરરાષ્ટ્રીય પધ્ધતી મુજબની સારવાર કરવામાં આવે છે. હાલમાં રોજના કેન્સરના ૧૨ થી ૧૫ ઓપરેશન,૧૦૦ જેટલી કિમોથેરાપી અને ૨૦૦ જેટલા રેડીએશન (શેક) આપવામાં આવે છે.

તાજેતરમાં જ આ હોસ્પિટલને એન.એ.બી.એચ.દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે જે દર્દીની સારવાર માટે ઉચ્ચ ગુણવત્તા, સલામતી અને નિરંતર સુધારણા નિશ્ચિત કરે છે.આ ઉપરાંત યુઆઈસીસી (યુનિયન કોર ઈન્ટરનેશનલ કેન્સર કંટ્રોલ)માં પણ સભ્યતા મેળવવા પહેલ કરેલ છે. તથા કુંડારીયા કેન્સર પ્રીવેન્સન ફાઉન્ડેશન કેન્સરની જાગૃતિ ફેલાવવા માટે રાજકોટ કેન્સર સોસાયટીના એક ભાગરૂપી કાર્યરત છે.

રાજકોટ કેન્સર સોસાયટીની વર્ષ ૧૯૬૯માં કિશાનપરા ચોકમાં નાના હોસ્પિટલની શરૂઆતથી લઈ આજે હનુમાન મઢી ચોક નજીક ૮ માળની હોસ્પિટલ સુધીની સફર દર્દીઓનો હોસ્પિટલ પ્રત્યેનો ભરોસો વ્યકત કરે છે. જે રાજકોટ કેન્સર સોસાયટી હંમેશા અકબંધ રાખશે અને કેન્સર સામેની લડત લડતી રહેશે.


---

### સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પંચ દિવસીય

# એજયુ.એકસ્પોમાં ત્રણ દિવસમાં બે લાખ વિદ્યાર્થીઓને મળ્યો જ્ઞાન લાભ

## રેસકોર્ષ મેદાનમાં કાલે પદ્મશ્રી સન્માનીત આઈઆઈટીઅન ડો.અનીલ ગુપ્તા ઈનોવેશન સ્ટાર્ટઅપ અંગે આપશે ખાસ માર્ગદર્શન





Dr. Anil Gupta

**અબતક,રાજકોટ**

રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા તા. ૦૧ થી ૦૫ ફેબ્રુઆરી દરમ્યાન રેસકોર્ષના મેદાનમાં ચાલી રહેલા એજ્યુકેશન એક્સ્પોમાં પ્રથમ ત્રણ દિવસમાં બે લાખથી વધારે વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, અને જનતાએ મુલાકાત લઈ આભિભૂત થયા હતા. મુલાકાતીઓના ધસારાને ધ્યાનમાં રાખીને એસ્પોનો સમય સવારના ૦૯:૩૦ થી ૦૭:૩૦ ને બદલે ૦૯:૩૦ થી રાતે ૦૯:૦૦ વાગ્યા સુધી કરવામાં આવ્યો છે. રાત્રે ૯:૦૦ કલાક બાદ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો એકસ્પોનું એક અનેરુ આકર્ષણ બની રહ્યા છે.

તા. ૦૫ ફેબ્રુઆરીના બપોરે ૧૨:૦૦ થી ૦૧:૦૦ દરમ્યાન આઈઆઈટીઅન અને પદ્મશ્રી ડો. અનિલ ગુપ્તાના ખાસ વકતવ્યનું આયોજન કરવામાં આવેલું છે. ડો. અનિલ ગુપ્તા ગ્રાસરૂટ ઈનોવેશનના ક્ષેત્રમાં ભારતીય વિદ્વાન અને હની બી નેટવર્કના સ્થાપક છે. તેઓને મેનેજમેન્ટ એજયુકેશનમાં યોગદાન બદલ ૨૦૦૪ની સાલમાં પદ્મશ્રી એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. ડો. ગુપ્તાએ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદમાં ચાર દાયકા વિઝીટીંગ ફેકલ્ટી તરીકે સેવા આપી છે અને વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમો વિકસાવ્યા છે. તેમના સૌથી લોકપ્રિય અભ્યાસક્રમોમાંના એક એવા શોધ યાત્રા (એટલે કે 'રિસર્ચ વોક') નો સમાવેશ થાય છે, જે અંતર્ગત તેઓ મેનેજમેન્ટના વિદ્યાર્થીઓને સ્થાનિક સમુદાયો પાસેથી શીખવા અને તેમની જ્ઞાન પ્રણાલીનો અભ્યાસ કરવા દેશના વિવિધ ભાગોમાં લઈ ગયા હતા અને તેમની કલા અને આવડત શીખવા પ્રયાસો કર્યા હતા. આવતી કાલે યોજાનાર વકતવ્યમાં તેઓ સ્ટાર્ટઅપ ઈનોવેશન ક્ષેત્રમાં કયા પ્રકારે આગળ વધી શકાય તે વિષય પર વિદ્યાર્થીઓને અને યુવાનોને માર્ગદર્શન આપનાર છે.

હજુ ૨ દિવસ ચાલનાર આ એજ્યુ એક્સ્પોની મુલાકાત લેવા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ રાજકોટ સમગ્ર સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સંચાલકો તથા પ્રિ પ્રાઈમરી, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ તેમજ તમામ કોલેજ અને યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓને આ શૈક્ષણિક મહાકુંભની મુલાકત લઈને શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિકારી આયોજનમાં સહભાગી બનવા તથા જુદી જુદી સ્પર્ધાઓ, સેમિનાર, વર્કશોપમાં ભાગ લેવા માટે આહવાન કર્યુ હતુ.


---

### સનાતન ધર્મની આહલેક જગાવવા

# દ.આફ્રિકાના જોહનિસબર્ગમાં સ્વામિનારાયણ મંદિર સંસ્કૃતિ પરિષદનું મહંત સ્વામી દ્વારા ઉદ્ઘાટન

## મંદિર ઉદ્ઘાટનના ૧૨ દિવસીય મહોત્સવ ફેસ્ટીવલ ઓફ હોપ એન્ડ યુનિટીમાં વિદેશી ભાવિકો ભારતીય સંસ્કૃતિથી થયા અભિભૂત







**અબતક,રાજકોટ**

ભારત અને દક્ષિણ આફ્રિકા દેશ વચ્ચે છેલ્લી દોઢ સદીથી વધુ જૂના સાંસ્કૃતિક, વ્યાપારિક અને આર્થિક સંબંધો રહેલાં છે. આ સંબંધોમાં વધુ એક સુવર્ણ પૃષ્ઠ ઉમેરાયું છે. ગત તા.૨/૨/૨૦૨૫, રવિવાર વસંતપંચમીના પવિત્ર દિવસે બી.એ.પી.એસ. સંસ્થાના વડા પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજના વરદ હસ્તે દક્ષિણ આફ્રિકા દેશની આર્થિક રાજધાની જોહનિસબર્ગમાં સાડા ચૌદ એકરની વિશાળ ભૂમિ પર ઈઅર્જ હિન્દુ મંદિર અને સાંસ્કૃતિક સંકુલના પ્રથમ ચરણમાં સ્વામિનારાયણ હવેલીનું ઉદ્દઘાટન અને મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો.

બી.એ.પી.એસ દ્વારા આયોજીત ૧૨ દિવસીય મંદિર મહોત્સવ આશા અને એકતાનું પ્રતિક બની રહેશે.

ઉદ્દઘાટિત થયેલ સ્વામિનારાયણ હવેલી ભારતીય વાસ્તુકલા અને કાષ્ઠકળાનો સુંદર નમૂનો છે. આ હવેલીમાં આવેલ ભવ્ય સભામંડપો ભારતીય સાહિત્ય, કળા અને અધ્યાત્મને પોષણ આપશે. આ પરિસરના ૨૬ થી વધુ વર્ગખંડો ગુજરાતી, હિન્દી અને સંસ્કૃત જેવી ભારતીય ભાષાઓ, કથ્થક, ભારત નાટ્યમ, કુચિપૂડી જેવા પરંપરાગત નૃત્યો, તબલાં - હાર્મોનિયમ, સંતુર, વાંસળી જેવા વાદ્યો શીખવવા માટે ઉપયોગમાં લેવાશે .

આ પરિસરમાં દર્શનાર્થીઓ શાયોના ઉપાહાર ગૃહમાં ભારતના વિવિધ પ્રાંત સહિત અન્ય સાત્વિક અને સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ માણી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. નવી પેઢી અધ્યાત્મ સાથે આનંદ પણ પ્રાપ્ત કરે તે માટે સુંદર લાઈબ્રેરી અને ઈન ડોર જીમની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પોણા નવ એકરથી વધુ બાંધકામ (બિલ્ટ અપ સ્પેસ) તેની ભવ્યતા જણાવે છે. સંસ્થા દ્વારા પરિસરમાં ૧૦૦ થી વધુ સઘન વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે અને ૧૦ લાખથી વધુ લોકોને ભોજન (મિલિયન મિલ્સ) સહાયની પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી છે.

આ પ્રસંગે દક્ષિણ આફ્રિકા દેશના ડેપ્યુટી પ્રેસિડેન્ટ પૌલ માશાટીલે પણ એક કાર્યક્રમમાં હાજરી આપી હતી અને ૯૨ વર્ષની જૈફ વયે દક્ષિણ આફ્રિકા પધારી સુંદર સાંસ્કૃતિક સંકુલની ભેટ આપવા બદલ સમગ્ર દેશ વતી

(અનુ. આઠમા પાને)

---

# રાજકોટ મેન્યુફેકચરિંગ હબનું ગૌરવ સાર્થક કરે છે: રેલમંત્રી અશ્વિની વૈષ્ણવ

## લઘુ ઉદ્યોગ ભારતીના ઈન્ડસ્ટ્રીયલ ફેરમાં રેલવે દ્વારા યોજાયો સેમિનાર



**અબતક, રાજકોટ**

લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા ૨ ફેબ્રુઆરી થી ૫ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન રાજકોટના એનએસઆઈસી ગ્રાઉન્ડ ખાતે ભારત ઔદ્યોગિક મેળો ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઉદ્યોગપતિઓને માર્ગદર્શન આપવા માટે ભારતીય રેલ્વે દ્વારા એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારની શરૂઆતમાં, રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વિની કુમાર, પશ્ચિમ રેલ્વેના ચીફ વર્ક્સ એન્જિનિયર મનીષ પ્રધાન, રેલ્વે બોર્ડના પ્રોડક્શન યુનિટના સંયુક્ત નિયામક પારસ મહિંદિરત્તા, લઘુ ઉદ્યોગ ભારતી (સૌરાષ્ટ્ર ડિવિઝન)ના અધ્યક્ષ ગણેશભાઈ ડુમ્મર, લઘુ ઉદ્યોગ ભારતીના મુખ્ય માર્ગદર્શક અને ગાઈડ હંસરાજભાઈ ગજેરા વગેરેએ દીપ પ્રાગટ્ય કર્યું. ઉલ્લેખનીય છે કે રાજકોટમાં યોજાઈ રહેલા આ ઔદ્યોગિક મેળામાં ભારતીય રેલ્વે પ્રથમ વખત ભાગ લઈ રહી છે. મેળામાં રેલવેના કુલ ૧૮ સ્ટોલ છે. જેમાં રેલવેના તમામ મુખ્ય ઉત્પાદન એકમો, વર્કશોપ અને અન્ય એકમો ભાગ લઈ રહ્યા છે. રેલવેના સંબંધિત ટેકનિકલ સ્ટાફ તેમના ઉત્પાદનો અને સ્પેરપાર્ટ્સ પ્રદર્શિત કરી રહ્યા છે અને મેળામાં આવતા ઉદ્યોગપતિઓ અને વિક્રેતાઓને મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડી રહ્યા છે. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વિની કુમારે જણાવ્યું હતું કે રાજકોટ એક મેન્યુફેક્ચરિંગ હબ છે અને અહીંના એમએસએમઈ ઉદ્યોગપતિઓ આ ઔદ્યોગિક મેળા દ્વારા સરળતાથી સમજી શકશે કે વિવિધ ઉત્પાદનોના ઉત્પાદનમાં રેલ્વેની શું આવશ્યકતા છે અને ઉત્પાદનના ધોરણો શું છે,નોંધણી કેવી રીતે કરાવવી, પ્રમાણપત્ર કેવી રીતે મેળવવુંવિગેરે જેથી તેઓ રેલવેના વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઈને તેમના ઉત્પાદનો વેચી શકે તે માટે. ત્યારબાદ, એક પછી એક, રેલવેના તમામ ઉત્પાદન એકમો અને વર્કશોપના વરિષ્ઠ અધિકારીઓએ પીપીટી દ્વારા ઉદ્યોગપતિઓને મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડી. સેમિનાર પછી, રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમાર અને એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર કૌશલ કુમાર ચૌબેએ મેળામાં સ્થાપિત વિવિધ સ્ટોર્સની મુલાકાત લીધી. મેળામાં આવેલા ઉદ્યોગપતિઓ અને વિક્રેતાઓએ મેળામાં રેલવે દ્વારા લગાવવામાં આવેલા સ્ટોલ્સ પર પ્રદર્શિત વિવિધ ઉત્પાદનોનું પણ અવલોકન કર્યુ અને આ કાર્યક્રમની પ્રશંસા કરી.

---

# સુરતમાં નવા સિટી બસ ટર્મિનલનું મંત્રી હર્ષ સંઘવીએ કર્યુ લોકાર્પણ

## ભારે ટ્રાફિકના નિવારણ માટે હયાત સિટી બસ ટર્મિનલના વિકલ્પરૂપે નવું બીઆરટીએસ- સિટી બસ ટર્મિનલ ઉભું કરાયું



**અબતક, રાજકોટ**

સુરતના સેન્ટ્રલ એસટી બસ સ્ટેશનની બાજુમાં ૫૦૦૦ ચો.મીટર જગ્યામાં મનપા સંચાલિત બીઆરટીએસ અને સિટી બસ સેવા માટે નવા સિટી બસ ટર્મિનલનું વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ લોકાર્પણ કર્યુ હતું. સુરત રેલવે સ્ટેશન ખાતે સીટકો દ્વારા રેલવે સ્ટેશન ડેવલપમેન્ટ કામગીરી (મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ) પ્રગતિમાં હોવાથી રેલ્વે સ્ટેશન અને સેન્ટ્રલ બસ સ્ટેશન આસપાસ ભારે ટ્રાફિકના નિવારણ માટે હયાત સિટી બસ ટર્મિનલના વિકલ્પરૂપે જીએસઆરટીસી સેન્ટ્રલ બસ સ્ટેશનની બાજુમાં સુરત મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને સુરત પોલીસ વિભાગની ટીમના સહિયારા પ્રયાસોથી નવું સિટી બસ ટર્મિનલ કાર્યરત કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સુરત શહેર ભારતનું સૌથી ઝડપથી વિકસતું શહેર છે. ટ્રાફિકથી ધમધમતા સુરત રેલ્વે સ્ટેશન, એસટી બસ સ્ટેશન અને સિટી બસ સ્ટેશન ખાતે હજારો મુસાફરોની આવનજાવનને કારણે ટ્રાફિકનું ભારણ રહે છે. જિલ્લા પંચાયતની જમીન પર નવું સિટી

(અનુ. આઠમા પાને)

# ૨ હજાર બાઇક રાઇડર્સે રોડ થ્રુ હેવન મારફતે ખેડી ધોરડોથી ધોળાવીરાની સફર

## ‘બેસ્ટ ટુરિઝમ વિલેજ’ એવોર્ડથી સન્માનિત ધોરડો ખાતે ભારતની સૌથી પ્રતિષ્ઠિત મોટરસાયકલિંગ ઈવેન્ટ બીઓબીએમસી રાઈડર મેનિયા ૨૦૨૫ યોજાઈ



## ભારતભરમાંથી આવેલા બાઇક રાઇડર્સે ગુજરાતી વાનગીઓ અને ગુજરાતની મહેમાનગતિનો ભરપૂર આનંદ માણ્યો હતો



## ગુજરાતમાં પ્રથમ વખત આયોજિત થઈ BOBMC રાઈડર મેનિયા-૨૦૨૫

બીઓબીએમસી રાઈડર મેનિયા એ ભારતની ખૂબ જ પ્રતિષ્ઠિત મોટરસાયકલિંગ ઈવેન્ટ છે, જે છેલ્લા ૨૨ વર્ષોથી આયોજિત થાય છે. બાઇક રાઇડર્સના પ્રતિષ્ઠિત કલબ દ્વારા આ ઈવેન્ટ આયોજિત કરવામાં આવે છે. આ વર્ષનું આયોજન બુલેટ બટાલિયન કલબ દ્વારા કરવામાં આવ્યું છે, જેઓ રોયલ એનફિલ્ડ બાઇકપ્રેમીઓનું એક પ્રમુખ કલબ છે. ઉલ્લેખનીય છે કે, બીઓબીએમસી એ બાઇકર કોમ્યુનિટી છે અને રાઈડર મેનિયા તેમની એક ફ્લેગશિપ ઈવેન્ટ છે. ગુજરાતમાં આ ઈવેન્ટ પ્રથમ વખત આયોજિત કરવામાં આવી છે.

**અબતક રાજકોટ**

ભારતની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત મોટરસાયકલિંગ ઈવેન્ટ બીઓબીએમસી રાઈડર મેનિયા ૨૦૨૫’ નું આયોજન આ વર્ષે ગુજરાતમાં કચ્છ રણોત્સવ ખાતે કરવામાં આવ્યું હતું. યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા ‘બેસ્ટ ટુરિઝમ વિલેજ’થી સન્માનિત ધોરડો ખાતે રાઈડર મેનિયાનું ૨૨મું સંસ્કરણ ૩૧ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી યોજાયું હતું. ભારતના વિવિધ રાજ્યો જેવાંકે, કેરળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, યુપી, ઉત્તરાખંડ, હિમાચલપ્રદેશ, ઉત્તરપૂર્વના રાજ્યો જેવાકે મિઝોરમ, ત્રિપુરા, અરૂણાચલપ્રદેશ તેમજ નેપાળ અને ભૂટાન જેવા દેશોમાંથી મળીને લગભગ ૨૦૦૦થી વધુ બાઈક રાઈડર્સે આ ૩ દિવસીય મોટરસાયકલિંગ ઈવેન્ટમાં હિસ્સો લીધો હતો. આ પ્રસંગે ગુજરાત સરકારના પ્રવાસન સચિવ ડો. રાજેન્દ્ર કુમારે જણાવ્યું કે, ગુજરાતમાં વિશ્વ સ્તરીય મજબૂત રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, તેમજ રાજ્યમાં વૈવિધ્યસભર લેન્ડફોર્મ્સ આવેલા છે, જે તેને વિશ્વસ્તરીય બાઈકિંગ ડેસ્ટિનેશન બનાવે છે. હું તમામ બાઈકર્સને કહેવા માંગું છું કે આવો, અને દુનિયાની સૌથી સુંદર સડક અને સૌથી શાંત જગ્યાએ સફર કરો.આ મોટરસાયકલિંગ ઈવેન્ટ ગુજરાતના પ્રવાસનને વેગ આપશે અને ખાસ કરીને એડવેન્ચર ટુરિઝમને પ્રોત્સાહન આપશે. આ પ્રકારની ઈવેન્ટના આયોજનથી લોકોને જાણ થશે કે ગુજરાતમાં ઓફ રોડિંગ, સોલો રાઈડિંગ વગેરે માટે પણ ઘણી ઉજળી તકો છે. ૩ દિવસીય આ ઈવેન્ટ દરમિયાન શોર્ટ ટ્રેક રેસિંગ, સ્લો બાઇક સ્પર્ધા અને વિન્ટેજ મોટરસાયકલ શો જેવી વિવિધ મોટરસાયકલિંગ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, સાંસ્કૃતિક કાર્યક્રમો, લાઇવ મ્યુઝિક શો, સ્વાદિષ્ટ વાનગીઓના સ્ટોલ, દોરડાખેંચ અને આર્મ રેસલિંગ સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓ પણ યોજાઈ હતી. મોટરસાયકલ ચલાવવાના શોખીનો માટે આ સમગ્ર ઈવેન્ટ ખૂબ જ રસપ્રદ રહી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન ગુજરાતની સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા ગરબા તેમજ તલવાર રાસની પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી. ભારતભરમાંથી આવેલા બાઈક રાઈડર્સે ગુજરાતી વાનગીઓ અને ગુજરાતની મહેમાનગતિનો ભરપૂર આનંદ માણ્યો હતો. બાઇક રાઇડર્સે ધોરડોની આસપાસના પ્રવાસન સ્થળો પણ એક્સપ્લોર કર્યા હતા. તેમણે રણોત્સવની અદ્ભુત વ્યવસ્થા, રણના કુદરતી સૌંદર્ય, ટેન્ટ સિટીની વ્યવસ્થા વગેરેની ખૂબ પ્રશંસા કરી હતી. ઈંદોરથી રાઈડર મેનિયામાં ભાગ લેવા આવેલા કૃણાલ ભાટિયાએ જણાવ્યું કે, ગુજરાતમાં આવીને અમને બહુ સારું લાગ્યું. અમારું ખૂબ સરસ રીતે સ્વાગત કરવામાં આવ્યું. ગુજરાતમાં બાઇક રાઇડ કરવા માટે ખૂબ સારા રોડ-રસ્તાઓ છે. અમારી જે રાઈડર મેનિયા ઈવેન્ટ હતી તેમાં પણ ખૂબ મજા આવી. હું તેમાં ભાગ લઈને અને ગુજરાત આવીને ૧૦૦ ટકા સંતુષ્ટ છું. આ માટે હું ગુજરાત સરકારનો આભાર માનું છું.રાઈડર મેનિયા ૨૦૨૫માં ભાગ લેવા માટે અરૂણાચલપ્રદેશથી પાંચ મહિલાઓનું ‘અરૂણાચલ બુલેટ કલબ’ નામક એક ગ્રુપ ગુજરાત આવ્યું હતું.

આ કલબના રાખી આગમદુઈએ જણાવ્યું કે, અમે બધાએ પહેલી જ વખત રાઈડર મેનિયામાં ભાગ લીધો છે. અમારી જર્ની ૧૫ જાન્યુઆરીના રોજ કિબિતુથી શરૂ થઈ હતી. કિબિતુથી ગુજરાત સુધીની અમારી જર્ની ખૂબ જ સરસ રહી હતી. ગુજરાતની જનતાનો પણ અમે આભાર માનીએ છીએ, કે જે ટ્રાફિકની સિચ્યુએશન હતી એમાં અમને સાથ આપ્યો. અમે રસ્તામાં ક્યાંય ભટકી ગયા તો અમને સામેથી બોલાવીને સાચી દિશા પણ બતાવી. અમે રાઈડર મેનિયા કમિટી અને ગુજરાતના લોકોનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. ઉલ્લેખનીય છે કે, તેમણે પોતાની જર્ની ભારતના સૌથી પૂર્વીય સ્થળ કિબિતુથી શરૂ કરી હતી અને તેઓ ભારતના સૌથી પશ્ચિમી સ્થળ (વેસ્ટર્ન મોસ્ટ પોઈન્ટ ઑફ ઈન્ડિયા) કોટેશ્વર સુધી બાઇક લઈને પહોંચ્યા હતા. તેમની આ જર્ની ખૂબ જ શાનદાર રહી હતી.ઈવેન્ટના ત્રીજા દિવસની સવારે ધોરડો આવેલા બાઈકર્સમાંથી લગભગ ૨૦૦ જેટલા રાઈડર્સે પોતાની બાઇક પર ‘રોડ થ્રુ હેવન’ મારફતે ધોરડોથી ધોળાવીરા સુધીની સફર ખેડી હતી. તેમની આ સફર ખૂબ જ શાનદાર રહી હતી. રોડ થ્રુ હેવન પરથી પસાર થતી બાઈકોના કારણે લોકોને અદ્ભુત દ્રશ્યો જોવા મળ્યા હતા. કોઈને પણ રોમાંચિત કરી દે તેવા દ્રશ્યો સર્જાયા હતા. રોડ થ્રુ હેવનની સુંદરતાને મનભરીને માણી હતી

## મિસ ઈન્ડિયા રનર્સ અપ રેખા પાંડેએ પણ લીધો રાઈડર મેનિયા-૨૦૨૫માં ભાગ

, ધોરડોમાં યોજાયેલી રાઈડર મેનિયા ૨૦૨૫ ઈવેન્ટમાં મિસ ઈન્ડિયા રનર્સ અપ રેખા પાંડેએ પણ એક બાઈકર તરીકે ભાગ લીધો હતો. તેમણે ધોરડો ખાતે બાઈક રાઈડિંગની મજા માણી અને જણાવ્યું હતું કે સોલો રાઈડિંગ માટે, સોલો વુમન ટ્રાવેલર માટે ગુજરાત બેસ્ટ છે. રેખા પાંડે ઉપરાંત, અન્ય ઘણી મહિલાઓએ પણ સોલો રાઈડર્સ તરીકે આ ઈવેન્ટમાં ભાગ લીધો હતો, જેઓ અલગ અલગ રાજ્યોમાંથી ગુજરાત આવી હતી. આ સાથે જ એક-બે દીવ્યાંગ લોકો પણ બાઈક રાઈડ કરીને ધોરડો પહોંચ્યા હતા. તેઓએ ધોરડો ઉપરાંત, ત્યાંના આસપાસના કાળો ડુંગર, કોટેશ્વર વગેરે પ્રવાસન સ્થળો પણ એક્સપ્લોર કર્યા હતા. આ ઈવેન્ટ બાદ તેઓ ગુજરાતના અલગ-અલગ સ્થળોએ પ્રવાસ કરશે. જેમકે, એક ગ્રુપ સૌરાષ્ટ્ર જશે, તો બીજું ગ્રુપ ઉત્તર ગુજરાતના સ્થળોએ જશે, તો કોઈક દક્ષિણ ગુજરાતના સ્થળોને એક્સપ્લોર કરશે. ત્યારબાદ તેઓ પોતાની પરત યાત્રા શરૂ કરશે.

# કાર્ગો હેન્ડલિંગમાં અદાણી પોર્ટર્સની રેકોર્ડબ્રેક સિધ્ધિ

## અદાણી મરીન ટીમે ૮૮૪ જહાજોની મુવમેન્ટ તેમજ ૪૧૫ જહાજોનું કર્યું સંચાલન

**અબતક,રાજકોટ**

ભારતની સૌથી મોટી સંકલિત પરિવહન યુટિલિટી અને વૈવિધ્યસભર અદાણી જૂથનો ભાગ એવા અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ જાન્યુઆરી માસ દરમિયાન અત્યાર સુધીના સૌથી વધુ માસિક કાર્ગો વોલ્યુમ ૩૯.૯ એમએમટી (+૧૩ વાયઓવાય) હેન્ડલ કર્યું છે, જેમાં કન્ટેનર (+૩૨% વાયઓવાય) અને લિક્વિડ અને ગેસ (+૧૮% વાયઓવાય)નો સમાવેશ થાય છે. ચાલુ નાણાકીય વર્ષ માં જાન્યુઆરી’૨૫ સુધી એપીએસઈઝેડ એ કુલ કાર્ગો (+૭% વાયઓવાય) ના ૩૭૨.૨ એમએમટી (+૨૦% વાયઓવાય) અને લિક્વિડ અને ગેસ (+૯% વાયઓવાય) હેન્ડલિંગ નવા સીમાચિન્હો સર કર્યા છે

આ સાથે જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન મુન્દ્રા બંદર પર કાર્ગો હેન્ડલિંગમાં શ્રેણીબદ્ધ અસાધારણ સીમાચિહ્નો હાંસલ કર્યા છે. જેમના અમુક નેશનલ રેકોર્ડ બનવા પામ્યા છે. વિવિધ પ્રકારના કાર્ગો સેગમેન્ટમાં રેકોર્ડબ્રેક પ્રદર્શન અગ્રણી વૈશ્વિક પોર્ટ અને ભારતના ઈકોનોમી એન્જિન તરીકે અદાણી પોર્ટને રેખાંકિત કરે છે.

એપીએસઈઝેડ મુન્દ્રાએ ૧૭.૨૦ મિલિયન મેટ્રિક ટનના ઐતિહાસિક માસિક કાર્ગો વોલ્યુમ હાંસલ કર્યું છે, જે અગાઉના ૧૭.૧૧ મિલિયન મેટ્રિક ટનના રેકોર્ડને વટાવી ગયું છે, આ રેકોર્ડ અત્યાર સુધીનું સૌથી વધુ છે. આ નોંધપાત્ર સિદ્ધિ બંદરના મજબૂત માળખા, કાર્યકારી કાર્યક્ષમતા અને સતત વધતા કાર્ગો વોલ્યુમને હેન્ડલ કરવાની ક્ષમતા દર્શાવે



દરિયાઈ વેપારના ઈતિહાસમાં છે. કન્ટેનર હેન્ડલિંગમાં, મુન્દ્રાએ એક માસ માં ૭.૭૨ લાખ કન્ટેનરના સંયુક્ત થ્રુપુટને વટાવીને એટલે કે હેન્ડલિંગ કોઈપણ ભારતીય પોર્ટ દ્વારા કરી ને એક નવો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો. આ સીમાચિહ્ન કન્ટેનરાઈઝ્ડ કાર્ગો હેન્ડલિંગમાં મુન્દ્રાના પ્રભુત્વ અને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં અદાણી પોર્ટની મહત્વપૂર્ણ ભૂમિકા દર્શાવે છે.

મુન્દ્રા મરીન ટીમે ૮૮૪ મુવમેન્ટ સાથે ૪૧૫ જહાજોનું સંચાલન કર્યું, જે અગાઉના ૪૦૬ જહાજો અને ૮૭૬ મુવમેન્ટના રેકોર્ડને વટાવી ગયું હતું. મુન્દ્રા રેલ્વે વિભાગ દ્વારા ૧.૪૭ લાખ કન્ટેનરોનું રેકોર્ડ બ્રેક માસિક હેન્ડલિંગ હાંસલ કર્યું, જે ૧.૪૪ લાખ કન્ટેનર હેન્ડલિંગના અગાઉના રેકોર્ડને વટાવી ગયું હતું. વધુમાં, રેલ ટીમે બે વધુ રેકોર્ડ બનાવ્યા, જેમાં ૬૬૨ ટ્રેનોના અગાઉના રેકોર્ડની તુલનામાં અત્યાર સુધીની સૌથી વધુ ૬૮૨ ટ્રેનોનું સંચાલન કરવામાં આવ્યું, અને ૪૨૯ ડબલ સ્ટેક ટ્રેનોના અગાઉના રેકોર્ડને વટાવીને અત્યાર સુધીની સૌથી વધુ ૪૪૭ ડબલ સ્ટેક ટ્રેનો હાંસલ કરવામાં આવી હતી. કન્ટેનર ટર્મિનલ એઆઈસીટીપીએલ એ એક જ મહિનામાં ૩.૦૫ લાખ ટીઈયુએસનું સૌથી વધુ હેન્ડલિંગ હાંસલ કર્યું, જે અગાઉના ૩.૦૨ લાખ ટીઈયુએસના શ્રેષ્ઠ રેકોર્ડને વટાવી ગયું, જે ભારતમાં કોઈપણ એક કન્ટેનર ટર્મિનલ દ્વારા હેન્ડલિંગ કરાયેલ સૌથી વધુ વોલ્યુમ છે.

એપીએસઈઝેડ મુન્દ્રા લિક્વિડ ટીમે ૦.૮૪૧ મિલિયન ટન કાર્ગોનો સૌથી વધુ માસિક થ્રુપુટ હાંસલ કર્યો, જે અગાઉના ૦.૮૩૨ મિલિયન ટનના રેકોર્ડને વટાવી ગયો, જ્યારે એપીએસઈઝેડ એલપીજી ટીમે એક જ મહિનામાં રેકોર્ડ ૧.૦૧ લાખ મેટ્રિક ટન એલપીજી મોકલ્યો.

આ નોંધપાત્ર સિદ્ધિઓ ભારતના પોર્ટ એન્ડ શિપિંગ ક્ષેત્રમાં મોખરે અને ભારતના વૈશ્વિક વેપારના મુખ્ય પોર્ટ તરીકે મુન્દ્રાની સ્થિતિ વધુ મજબૂત બનાવે છે. અદાણી પોર્ટે ઓપરેશનલ કાર્યક્ષમતા વધારવા અને વૈશ્વિક વાણિજ્યની સતત વિકસતી માંગને પહોંચી વળવા માટે અત્યાધુનિક માળખાગત સુવિધાઓ, અદ્યતન લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ અને ટકાઉ વિકાસ પહેલમાં રોકાણ કરવાનું ચાલુ રાખ્યું છે.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને એન.એસ. કણસાગરા કોલેજના સંયુકત ઉપક્રમે યોજાયેલા

# ભારત-રશિયા વચ્ચે તકના સેમિનારમાં યુવા વિદ્યાર્થીઓને પરદેશ જવા માટે મળ્યુ માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

વિશ્વમાં સાંસ્કૃતિક આદાન પ્રદાન અભ્યાસ અને ધંધા રોજગાર માટે યુવાનોના પરદેશગમનો આદી યુગનો કે સમાજે પણ અકબંધ રહ્યો

એન.એસ.એસ. અને કોલેજમાં અભ્યાસ કરતા યુવા વિદ્યાર્થીઓને પોતાની સ્કીલ અને પ્રતિભા દ્વારા વિદેશમાં જવાની તક મળે એવા આશય સાથે સૌરાષ્ટ્ર યુનિ. અને કણસાગરા મહિલા કોલેજના સંયુકત ઉપક્રમે કણસાગરા કોલેજ ખાતે યોજાઈ ગયો. ડો. એન.કે. ડોબરીયા, ડો. યશવંત ગોસ્વામી અને જયદીપ સખીયાના માર્ગદર્શન અને નેતૃત્વમાં આયોજીત સેમીનારમાં વિવિધ કોલેજના ૨૦૦ થી વધુ યુવા કોલેજીયન્સે ભાગ લીધો હતો.

દર વર્ષે રસિયા ખાતે જુન થી સપ્ટેમ્બર દરમ્યાન આયોજીત વિવિધ કેમ્પમાં ગુજરાત અને તમામ રાજયો જોડાય સૌરાષ્ટ્રને




વિશેષ પ્રતિનિધિત્વ મળે એ માટે રસીયન ડેલીટેશન સાથે પત્રાચાર કરતા પ્રથમ વખત ૮ હોદેદારોનું રસીયન ડેલીગેશન રાજકોટ આવેલ.

કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા રસીયન ડેલીગેશનનું એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસરો દ્વારા સૌરાષ્ટ્રની પરંપરાગત પાઘડી પહેરાવવાની સાથે એન.એસ.એસ. નોસ્પે ખેસ અને સ્પે. ગીફટ દ્વારા અભિવાદન કરવામાં આવેલ. આ પ્રસંગે ભારતીય ભરત નાટયમની પ્રસ્તુતિ હિમાની માંડવીયા અને ધ્રુવી ઉપાધ્યાય દ્વારા કરાયેલ અને એન.એસ.એસ. વોલંટીયર્સ દ્વારા પ્રસ્તુત હો રંગ રસીય કયા રમી આવ્યા રાસ જો આ ગરબાની સાથે રસીયન ડેલીગેશન પણ ઝુમી ઉઠેલ, સાંસ્કૃતિક આદાન પ્રદાન બાદ રસીયન ડેલીગેશન દ્વારા યુવા વિદ્યાર્થીઓને માહીતી માર્ગદર્શન આપી તમામ પ્રકારની મદદ કરવાની ખાત્રી આપી હતી.

ભારત અને રસિયાના રાષ્ટ્રધ્વજ સાથે બન્ને દેશનું રાષ્ટ્રગાન પણ કરવામાં આવ્યું. હતું. એન.પી.એસ. ઈન્ડીયા અને જીપીએસ ના સભ્યો હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતમાં ભારત રસીયાની દોસ્તીને મજબુત બનાવતું યે દોસ્તી હમ નહીં તોડેંગે ગીતના વાલે રસીયન ડેલીગેશન અને ઉપસ્થિત વિદ્યાર્થીઓ ઝુમ્યા હતા.

## રશિયન પ્રતિનિધિઓએ કૌશલ્યવાન યુવા પ્રતિભાઓને તમામ મદદ માટે આપ્યો સહકારનો કોલ

# તેલીયા રાજા પર ત્રાટકતું કોર્પોરેશન: ૬ નમૂના લેવાયા



## સારથી બ્રાન્ડ કપાસિયા અને શીંગતેલ, પ્રસંગ કપાસિયા તેલ, રવિ રિફાઈન્ડ કપાસિયા તેલ, આત્મીય કપાસિયા અને શીંગતેલના નમૂના લઈ પરિક્ષણ અર્થે મોકલાયા

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગની ટીમ દ્વારા તેલના વેપારીઓને ત્યાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત અલગ-અલગ સ્થળેથી વિવિધ બ્રાન્ડના ખાદ્ય તેલોના નમૂના લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. રાજ્ય સરકારની સૂચના મુજબ સમયાંતરે ખાદ્ય તેલના નમૂના લઈ તેનું પરિક્ષણ કરવામાં આવે છે. ફૂડ વિભાગની ટીમ દ્વારા શહેરના રૈયા રોડ પર ઈન્દ્રપ્રસ્થ કોમ્પ્લેક્સમાં આવેલી શોપ નં.૩૨માં યશ એન્ટરપ્રાઈઝમાંથી સારથી બ્રાન્ડ શીંગતેલનો નમૂનો લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત અહિંથી પ્રસંગ પ્રિમિયમ રિફાઈન્ડ કપાસિયા તેલનો નમૂનો લેવામાં આવ્યો છે. જ્યારે કોઠારિયા રોડ પર ખોડિયાર ફેમેલી શોપ સામે નવકાર ટ્રેડર્સમાંથી રવિ રિફાઈન્ડ કોટન શીડ ઓઈલ અને સારથી ડબલ ફિલ્ટર શુદ્ધ શીંગતેલનો નમૂનો લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો છે. શહેરના આરટીઓ પાસે જૂના માર્કેટીંગ યાર્ડમાં શોપ નં.ઈ-૩૩માં રાધેશ્યામ પ્રોટીન્સમાંથી આત્મીય રિફાઈન્ડ કોટન શીડ ઓઈલ અને ડબલ ફિલ્ટર ગ્રાઉન્નટ ઓઈલનો નમૂનો લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો છે.

## ખાણીપીણીના ૨૦ ધંધાર્થીઓને ફૂડ લાયસન્સ મેળવવા નોટિસ

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમ દ્વારા શહેરના ક્રિસ્ટલ મોલથી આકાશવાણી પંચાયત ચોક- જ્યોતિનગર મેઈન રોડ વિસ્તારમાં ખાદ્યચીજોનું વેચાણ કરતાં ૨૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૯ ધંધાર્થીઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવી હતી. ખાદ્ય ચીજોના ૨૦ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી.

બાલાજી ઘૂઘરા, પટેલ ઘૂઘરા, જલારામ ખમણ, રાજ પાન એન્ડ કોલ્ડ્રિંક્સ, બાલાજી કોલ્ડ્રિંક્સ, આનંદ પ્રોવિઝન સ્ટોર, અમૃત વિજય ડેરી ફાર્મ, યશ કોલ્ડ્રિંક્સ અને માહીન ગાંઠિયા લાઈસન્સ મેળવવા સૂચના આપવામાં આવી હતી.

બાલાજી રેસ્ટોરેન્ટ, નેશનલ ચાઈનીઝ પંજાબી, જીજે-૫ સેન્ડવિચ એન્ડ પીઝા, શંકર વિજય ડેરી ફાર્મ, પટેલ ડાઈનીંગ હોલ, ગાંધી સોડા શોપ, શિવ ઢોસા, કારગિલ ગાંઠિયા, ચીઝ એન્ડ ચિપ્સ, વ્રજ ડ્રાયફ્રૂટ, કૈલાશ ફરસાણમાં ચેકીંગ કરાયું હતું.

# બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા કાલે ગોઠણ સાંધાના દર્દીઓ માટે કેમ્પ

**અબતક,રાજકોટ**

બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટ અને જે કામનાથ મહાદેવ મંદીર ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે શરીરના અન્ય સાંધાના દુઃખાવા જેના આજના યુગમાં ખુબ જ જટીલ, હઠીલી અને ખર્ચાળ મનાતી ગોઠણ-સાંધાની સર્જરી કરાવ્યા વગર ફકત હોમીયોપેથીક અને એકયુપ્રેસર સારવારના સંગમથી દર્દીઓને કાયમી ધોરણે સાજા કરવાના ભાગરૂપે તા. ૦૫/૦૨ બુધવારે સવારે ૯-૦૦ થી ૧૦-૦૦ દરમ્યાન ખાસ કેમ્પનું આયોજન કરેલછે.

કામનાથ ચોક, દરબારગઢની બાજુમાં આવેલા કામનાથ મંદિર ખાતે આ અનોખા કેમ્પનો પ્રારંભ કરવામાં આવેલ છે. ગોઠણ, સાંધાના દુઃખાવા માટે હોમીયોપેથીક ની અકસીર દવા પધ્ધતિથી નિદાન કરી દર્દીઓનો વિનામુલ્યે હોમીયોપેથીક નિષ્ણાંત ડો.એન.જે.મેઘાણી ની માનદ સેવાઓ પ્રાપ્ત થશે. તથા એક માસ સુધીની હોમીયોપેથીક દવાઓ વિનામુલ્યે મળશે. આ સાથે દિનકરભાઈ રાજદેવ, અરજણભાઈ પટેલ, પ્રવિણભાઈ ગેરીઆ, રત્નાબેન મહેશ્વરી વગેરે ધ્વારા એક્યુપ્રેરારની સારવાર પધ્ધતિનો

પણ લાભ મળશે. જરૂરીયાતમંદ લોકોને આ સારવારનો લાભ લેવા બજરંગ મિત્ર મંડળના ટ્રસ્ટીઓ રોહીતભાઈ કરીઆ, ધૈર્યભાઈ રાજદેવ, રાજુભાઈ જાદવ, ગોરધનભાઈ લાલસેતા, કિશોરભાઈ પારેખ તથા મનુભાઈ ટાંક, ચિરાગભાઈ ધામેચા તથા કામનાથ મહાદેવ મંદિરના પ્રિયવદનભાઈ કકકડ, લક્ષ્મીદાસભાઈ ચૌહાણ, ભોલા મહારાજે અપીલ કરેલ છે.

# શિવ અનાદિ યોગી કવિ છે: મોરારિબાપુ

## નડીયાદમાં 'માનસ યોગીરાજ' સંવાદના ત્રીજા દિવસનો સેંકડો ભકતોએ લીધો લ્હાવો

**અબતક,રાજકોટ**



તપસ્વી પૂ. સંતરામ મહારાજ- નડિયાદની ભૂમિ કે જ્યાં સર્વ કલ્યાણનો માર્ગ પ્રશસ્ત કરવામાં આવ્યો છે ત્યાં તેમની સમાધિની સંન્નિધિમાં પુ.મોરારિબાપુ ''માનસ- યોગીરાજ''નું અનુષ્ઠાન કરી રહ્યાં છે. આજે રામકથા એ ત્રીજા દિવસમાં પ્રારંભ થઈ વિરામ પામી, ત્યારે કથામાં પુ.માધવપ્રિયદાસસ્વામીએ આર્શિવચન આપતાં કહ્યું કે કથા એ જીવન આપે છે અને બાપુની પ્રવાહીધારાને ગોપીગીતના સ્વરૂપમાં જ્યારે મેં સાંભળી ત્યારે હું તેનાથી ખૂબ જ પ્રસન્ન થયો હતો.

પુ.મોરારિબાપુએ બીજા દિવસે કહ્યું હતું કે આ ભૂમિ ઉપર પાંચ વખત રામકથાનું ગાન થયું છે અને આપણે આ છઠ્ઠું અનુષ્ઠાન કરી રહ્યા છીએ.પરંતુ આ સમાધિનો ૧૯૪ મો મહોત્સવ છે અને હજુ દ્વિશતાબ્દીને છ વર્ષની વાર છે. ત્યારે તે સમય જ્યારે સને ૨૦૩૧ માં ઉજવાય ત્યારે ફરી આ સમાધિ પાસે આ જ પ્રકારનું માનસ ગાન કરવાની મહેચ્છા છે.પણ આ વાત સંજોગો અને પરિસ્થિતિ પ્રમાણે નિયતિ જે રીતે નક્કી કરે તે રીતે આગળ વધશે.

ત્રીજા દિવસની કથાનો સંવાદ સાધતા બાપુએ કહ્યું કે શિવ એ અનાદિ યોગી છે, તે કવિ પણ છે. શિવે માનસની રચના કરી છે. ભજનાંદીએ ત્રણ કલાકની જ ઊંઘ કરવી જોઈએ.સાવધાન હોય તે સાધુ અને યોગી હોય તે નિરોગી હોય.પુ.મોરારિબાપુએ પોતાના પશ્ચાત સમયના એ કથનને યાદ કર્યા કે જ્યારે કોઈપણ કાર્ય આપણે કરતા હોઈએ ત્યારે તેમાં સમર્પણ ભાવ એ અનુષ્ઠાન બની જતો હોય છે. અગાઉના એક કાર્યક્રમમાં મા. નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રીના કાળને બાપુએ ત્યારે અનુષ્ઠાન સાથે સરખાવ્યો હતો.

રાજ્યનના ભૂતપૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા કથા ત્રિવેણી સંગમમાં પધારેલા કથાકારો વિશાળ સમૂહ ઉપસ્થિત હતો.શ્રી રામેશ્વરદાસ બાપુ હરિયાણીની પણ વિશેષ ઉપસ્થિતિ છે.આજની કથામાં ઈસ્લામ તથા ઈસાઈ ધર્મના શ્રદ્ધાળુઓએ વ્યાસપીઠનુ પુજન કર્યુ હતું.સમગ્ર કથા દરમિયાનનું સંચાલન હરિતભાઈ મહેતા સંભાળી રહ્યા છે.

# સોનીબજારમાં ક્રિષ્ના ચેમ્બર અને જે.પી. ટાવરમાં બાકીદારોની મિલકતો સીલ

## ટેક્સ રિક્વરીનો આંક ૩૫૦ કરોડને પાર: ટાર્ગેટ હવે ૬૦ કરોડ છેટો



**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની વેરા વસૂલાત શાખા દ્વારા આજે હાથ ધરવામાં આવેલી ટેક્સ રિકવરીની કામગીરી દરમિયાન શહેરના વોર્ડ નં.૭માં સોનીબજાર વિસ્તારમાં ક્રિષ્ના ચેમ્બર અને જે.પી.ટાવરમાં બાકીદારોની મિલકત સીલ કરવામાં આવી હતી. ૧૧ મિલકતો સામે સીલીંગની કાર્યવાહી કરવામાં આવતા તેઓએ સ્થળ પર જ વેરો ભરપાઈ કરી દીધો હતો. આજે વેરા પેટે ૩૦.૫૫ લાખની આવક થવા પામી છે. ટેક્સ રિક્વરીનો આંક ૩૫૦ કરોડને પાર થઈ ગયો છે. હવે ટાર્ગેટ પૂરો કરવા માટે માત્ર ૬૦ કરોડ બાકી રહ્યા છે.

આજે શહેરના વોર્ડ નં.૧માં ૧૫૦ ફૂટ રીંગ રોડ, વોર્ડ નં.૫માં પેડક રોડ, વોર્ડ નં.૭માં ભક્તિનગર સ્ટેશન પ્લોટ, સોનીબજાર, પંચનાથ પ્લોટ, વોર્ડ નં.૧૩માં મણીનગર મેઈન રોડ, ગોંડલ રોડ, વોર્ડ નં.૧૫માં ૮૦ ફૂટ રોડ, સહજાનંદ ઔદ્યોગીક વિસ્તાર, વોર્ડ નં.૧૭માં ૮૦ ફૂટ રોડ પર નહેરૂનગર, વોર્ડ નં.૧૮માં ઢેબર રોડ, કોઠારિયા રોડ સહિતના વિસ્તારોમાં ટેકસ રિકવરીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત બપોર સુધીમાં બાકીદારોની પાંચ મિલકત સીલ કરવામાં આવી છે. જ્યારે સીલીંગની કાર્યવાહી હાથ ધરાતા ૧૧ મિલકતધારકોએ બાકી વેરો ભરપાઈ કરી દીધો હતો.

# પરબધામમાં દિવ્ય ચેતનાના રૂડાં અવસર થકી ઉજવાયો સોમવસંત યજ્ઞોત્સવ

## મહંત કરશનદાસબાપુ તેમજ શંભુતીદાસ માતાની વિધીવત તિલકવિધી: ચાદર વિધી કરાય: ઠેર ઠેરથી સંતો-મહંતોએ ઉત્સવને વધાવવા આપી હાજરી

**અબતક, રાજકોટ**



રેવતક્ષેત્ર સત શરભંગ આશ્રમ પરબધામ માં શ્રી દેવીદાસબાપુ તથા માં અમરમા તેમજ સમસ્ત દિવ્યચેતનાઓના રૂડા આશિર્વાદ થી મહંત કરશનદાસબાપુ ગુરૂશ્રી સેવાદાસબાપુ તેમજ સંતોના સાનિધ્યમાં ભવ્યાતિ ભવ્ય દિવ્ય સોમવસંત યજ્ઞોત્સવ એવમ્ તિલકવિધિ (શુકલ યજુર્વેદ સંહિતા સ્વાહાકાર) નુંઆયોજન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય દિવ્ય શ્રી સોમવસંત યજ્ઞોત્સવમાં બ્રહ્માંડવર્તિ દેવતત્વને મંત્રો દ્વારા ''સોમરસ'' સહિત અનેક પ્રકારના હુતદ્રવ્યોથી સંતૃપ્ત કરવામાં આવશે. સંતૃપ્ત થયેલા દેવતાઓ જગતના તમામ જીવો ઉપર પોતાની ઉર્જા દ્વારા આશિર્વાદ વરસાવાયા હતા.

જીવમાત્રનું પરમ કલ્યાણ થાય વિશ્વમાં શાંતિ સુખ સમૃધ્ધિ શક્તિ અને ભક્તિ વધે સનાતન ધર્મના તમામ પાયાઓનું સિંચન થાય સંસ્કૃત, સંસ્કૃતિ અને યજ્ઞ પરંપરાનું રક્ષણ થાય એવા શુભ આશય થી મહંત કરશનદાસબાપુ એ આ રૂડુ આયોજન કરેલ છે. દર્શન માત્રથી અશ્વમેધયજ્ઞ તથા રાજસૂય યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય એવા દિવ્ય સોમવસંત યજ્ઞોત્સવ એવમ્ તિલકવિધિ કરવામાં આવી છે.

સત્ત સરભંગ આશ્રમ પરબધામ તા. ભેસાણ જી. જૂનાગઢ માં યોજવામાં આવેલ શ્રી દિવ્ય સોમવસંત યજ્ઞોત્સવ એવમ તિલક વિધિ અન્વયે યોજવામાં આવેલ યજ્ઞ પરત્વે ધર્મ તિલકવિધિનું આયોજન થયેલ. તેમાં આ સંસ્થાના લઘુમહંત તરીકે સનાતનદાસ બાપુ ગુરુ કરસનદાસ બાપુની તિલકવીધી/ચાદરવીધી યોજવામાં આવેલ આ ઉપરાંત અર્થ પરિવ્રજક તરીકે પુનર્વાદાસ બાપુ ગુરુ કરસનદાસ બાપુ તેમજ ધનાધ્યક્ષ તરીકે શંભુતીદાસ માતાજી ગુરુ કરસનદાસ બાપુની ની વિધીવત તિલકવીધી/ચાદરવીધી કરવામાં આવી. આ પ્રસંગે પરબધામ માં દેવીદાસબાપુ તથા માં અમરમા તેમજ સમસ્ત દિવ્યચેતનાઓના રૂડા આશિર્વાદ થી મહંત કરશનદાસબાપુ ગુરૂ સેવાદાસબાપુ તેમજ દ્વારકાપીઠ શંકરાચાર્યના પ્રતિનિધિ તરીકે નારાયણનંદ સરસ્વતીજી પૂ. મહંત મહેશગીરીજી ગુરુશ્રી અમૃતગીરીજી - રાણપુર, મહંતશ્રી વિજયબાપુ ગુરુશ્રી જીવરાજબાપુ-સતાધાર, જનકસિંહ સાહેબ ગુરુશ્રી હરીસીંગ સાહેબ - છલાળા મહાદેવગીરી બાપુ - અમૃતગીરી બાપુ - વાઘણીયા બલદેવદાસ બાપુ - ઠાંસા, આઈશ્રી દેવલમાં- બલિયાવડ,આઈશ્રી મનુમા-ચીરોડા આઘશ્રી કંચનમા - મઠડા મહાદેવ ભારતીબાપુ - જૂનાગઢ હિમાન્સુસિંહજી સ્ટેટ ઓફ ગોંડલ,

માંધાતાસિંહજી સ્ટેટ ઓફ રાજકોટ વગેરે ની વિસેસ ઉપસ્થિતિમાં આ સમગ્ર ધાર્મિક કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# જૂનાગઢમાં કમળને સોળે કલાએ ખીલવવા ભાજપની 'ટીમ રાજકોટ' પ્રચાર મેદાનમાં ઉતરશે

## ભાજપ શહેર પ્રમુખ મુકેશભાઈ દોશી, કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ ભાજપ ટીમ જૂનાગઢનો ગઢ સર કરવા 'સાબદે'

**અબતક, રાજકોટ**

જુનાગઢ મહાનગર પાલીકાનો ચુંટણી પ્રચાર શરૂ થાય તે પહેલા નવ સીટો બીનહરીફ થઈ ગઈ છે. અને બાકી રહેતી તમામ સીટોમાં પણ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો જંગી બહુમતીથી વીજય બનશે જ એવો આશાવાદ રાજકોટ શહેર સંગઠનની ટીમના હોદેદારો અને કાર્યકર્તાઓના ઉત્સાહ પરથી પ્રતિત થાય છે.

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, જુનાગઢ મહાનગરપાલીકાની બાકી રહેતી સીટોના કુલ ૧૧ વોર્ડમાં ભારતીય જનતા પાર્ટીર્ની વિચાર ધારા સાથે જોડી અને તમામ ઉમેદવારોને વિજય બનાવવા તરફે મતદાન કરવા માટે પ્રચાર અને પ્રસાર કરવાની મહત્વની જવાબદારી રાજકોટ શહેર સંગઠનની ટીમને સોંપવામાં આવી છે.

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી તેમજ પૂર્વ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણીના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરમાંથી સમગ્ર વ્યવસ્થાના ઈન્ચાર્જ શહેર ભાજપ મહામંત્રી ડો.માદવ દવે અને તેમની સાથે સહ ઈન્ચાર્જ તરીકે શહેર ભાજપ ઉપપ્રમુખ રાજદીપસિંહ જાડેજા અને શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારાની જુનાગઢ મહાનગરપાલિકાના તમામ ઉમેદવારોને જંગી બહુમતીથી વિજય બનવા રાજકોટ મહાનગરના શહેર ભાજપના તમામ હોદ્દેદારોને તમામ શ્રેણીના કાર્યકર્તાઓ સહિત શહેર ભાજપ કાર્યાલય મંત્રી હિતેષ ઢોલરીયા, સહકાર્યાલય મંત્રી શૈલેષ દવે સહીતના વિશેષ કામગીરી સંભાળી રહ્યા છે.

# ધમ્મકોટ (રંગપર) ખાતે વિપશ્યના દસ દિવસીય શિબિરનું આયોજન

**અબતક,રાજકોટ:** નવા ધમ્મકોટ વિપશ્યના કેન્દ્ર રંગપર ખાતે આગામી વિપશ્યના દસ દિવસીય શિબિરનું તા.૧૨ થી ૨૩ તેમજ બીજી શિબિર તા.૨૬ થી ૯.૩ સુધી આયોજન કરવામાં આવેલ છે. વિપશ્યનાને ભારતની પ્રાચીન વૈજ્ઞાનિક સાધના પધ્ધતિ માનવામાં આવે છે. જેમાં સાચા સુખ તથા સુમેળ ભર્યા જીવનનો સુખદ અનુભવ કરાવતી સહજ, સરળ, બિન સાંપ્રદાયિક સ્વાનુભવના આધારે જીવન જીવવાની અદભૂત કળા શીખવવામાં આવે છે. રજીસ્ટ્રેશન માટે ૭૮૭૮૭૨૭૨૨૩/ ૯૩૨૭૯ ૨૩૫૪૦ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

# રફાળેશ્વરમાં શ્રીમાળી સોની પાટડીયા સમાજના સુરાપુરા ધામમાં સોમવારે બટુક ભોજન

**અબતક, રાજકોટ**

રાજકોટ સહીત સૌરાષ્ટ્રમાં વસતા શ્રીમાળી સોની પાટડીયા પરિવારના મોરબી રફાળેશ્વરમાં બીરાજમાન સુરાપુરાદાદા ગોકળદાસ દાદા અને તુલસીદાસ દાદા ધામમાં દાદાની તેરસ ૧૦-૨-૨૫ ને સોમવારે બટુક ભોજન સહીતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરાપુરા દાદાની તેરસ નીમીતે બટુક ભોજન સહીતના કાર્યક્રમો માટે આયોજન કમિટી ના વિજયભાઈ પાટડીયા, સંદિપભાઈ જડીયા, નિલેશભાઈ જડીયા નીલેશભાઈ વાગડીયા, હિતેશભાઈ પાટડીયા, દિપકભાઈ પાટડીયા, રાજુભાઈ પાટડીયા વિગેરે કમીટી મેમ્બર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી . વધુ વિગતો માટે જીજ્ઞેશ વાગડીયા મો. નં. ૯૭૨૩૩ ૯૦૯૦૯ અને કલ્પેશ પાટડીયા મો. નં. ૯૭૯૭૩ ૯૯૯૩૯ પર સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

## પોપટ પરિવાર દ્વારા જામજોધપુરમાં મોમાઈ ધામ ખાતે કાલે હોમ હવન

**અબતક,રાજકોટ**

પોપટ પરિવાર નાકરબાપા ટ્રસ્ટ રાજકોટ દ્વારા પૂજય કૂળદેવીશ્રી મોમાઈ માતાજીના વાર્ષિક યજ્ઞનું આયોજન ૦૫ ફેબ્રુઆરી ૨૦૨૫ બુધવારના રોજ જામજોધપુર મોમાઈ ધામ ખાતે કરવામાં આવ્યું છે. હવનનો પ્રારંભ સવારે ૬:૦૦ કલાકે થશે. તેમજ બીડુ હોમવાનો સમય બપોરના ૧૨:૩૦ વાગ્યાનો રાખવામાં આવ્યો છે. બીડુ હોમાયા બાદ શ્રી લોહાણા મહાજન વાડી જામજોધપુર ખાતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. પોપટ પરિવારના સર્વે કુટુંબીજનોને માતાજીના વાર્ષિક યજ્ઞમાં ભાગ લેવા તેમજ મહાપ્રસાદનો લાભ લેવા ઈન્ચાર્જ પ્રમુખ અજયભાઈ પોપટ સહિતના ટ્રસ્ટીઓ દ્વારા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# કેન્દ્રીય બજેટને જિલ્લા ભાજપના આગેવાનોએ ઉમળકાથી વધાવ્યું

**અબતક,રાજકોટ**



કેન્દ્ર ના નાણાપ્રધાન નિર્મલા સીતારમના ૨૦૨૪-૨૫ ના વર્ષ માટે રજુ કરેલા કેન્દ્રના બજેટને સંતુલિત, સર્વગ્રાહી, સર્વસમાવેશી અને સૌ સમાજ વર્ગોના ઉન્નત વિકાસની પ્રતિબદ્ધતા દર્શાવતું પ્રજાલક્ષી બજેટ છે. ''બહુજન હિતાય બહુજન સુખાય''ના કેંદ્રીય વિચાર સાથે સમાજના તમામ વર્ગોને આવરી લેતું આ બજેટ ઐતિહાસિક બની રહેશે. દેશના ગ્રોથ એન્જીન સમાન કેન્દ્ર નું આ બજેટ ખેડૂતો, યુવારોજગારી, ગરીબો, વંચિતો સહિત સૌ સમાજના તમામ વર્ગોના ઉત્થાનની અનેક યોજનાઓ સાથેનું બજેટ છે. કેન્દ્ર ના નાણાપ્રધાન નિર્મલા સીતારમના સંસદ્દસભામાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે રજુ કરેલ બજેટને આવકારતા રાજકોટ જીલ્લા પ્રભારી શ્રી ધવલભાઈ દવે,રાજકોટ જિલ્લા ભાજપના અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયા , મહામંત્રીશ્રીઓ શ્રી નરેન્દ્રસિંહ જાડેજા , શ્રી હરેશભાઈ હેરભા , શ્રી રવીભાઈ માંકડિયા એ જણાવ્યું હતું કે, કેન્દ્ર ના નાણાપ્રધાન નિર્મલા સીતારમના એ ૨૦૨૫-૨૬ વર્ષના બજેટમાં ગુજરાતને શું મળ્યું? ખજખઊ, સ્ટાર્ટઅપ્સ, ખેડૂતો અને મત્સ્યોદ્યોગને ફાયદા,ગુજરાત માટે બજેટ ૨૦૨૫-૨૬ની ભેટોમાં ગુજરાત માટે અનેક મહત્વની જાહેરાતો કરવામાં આવી છે. આ બજેટમાં રાજ્યના ખજખઊ સેકટર, સ્ટાર્ટઅપ્સ, કપાસના ખેડૂતો અને મત્સ્યોદ્યોગને મોટા ફાયદાઓ આપવામાં આવ્યા છે.

કેન્દ્રીય બજેટમાં મધ્યમ વર્ગ માટે, નાના સિમાંત ખેડૂતો માટે, વરિષ્ઠ નાગરિકો માટે, કોઓપરેટીવ્ઝ તેમજ મહિલાઓ માટે, શિક્ષણ-આરોગ્ય ક્ષેત્રે કરવામાં આવેલી જાહેરાતો આવકારદાયક છે. તેમજ મધ્યમ વર્ગની આકાંક્ષાઓને પૂર્ણ કરનારું આ બજેટ છે. રિસર્ચ ઈનોવેશન સ્કીલ ને આ બજેટમાં પ્રાધાન્ય આપવામાં આવેલ છે.આ બજેટથી આર્થિક વિકાસનો મજબૂત પાયો નખાશે.આ બજેટમાં સર્વ સમાવેશી વૃદ્ધિઓ અને ઈનોવેશન નું વીઝન જોવામાં આવે છે.આ બજેટમાં સ્કીલ ડેવલોપમેન્ટ માટે રાષ્ટ્રીય સ્તરની પાંચ સંસ્થાઓ, આઈ.ટી.આઈમાં સીટોનું વધારો,નવું ઈન્કમટેક્સ બિલ, ૩૬ જીવન રક્ષક દવાઓ પર ટેક્સ નાબૂદ,રિસર્ચ માટે ૨૦ કરોડની યોજનાઓ, આત્મનિર્ભર અને સશકત નારી શકિત પ્રાધાન્ય માટેની યોજનાઓ અને દરેક વર્ગના લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી સર્વ સ્પર્શી અને વિકાશશીલ બજેટ રજૂ કરવામાં આવેલ છે.વિકસિત ભારતના સંકલ્પને પાર પાડતું આ બજેટ છે અને બજેટથી દેશનું અર્થતંત્ર વધુ ઝડપથી આગળ વધશે અનેકવિધ યોજનાઓ સાથે અનેકવિધ રાહત સાથે આ બજેટ રજૂ કરવામાં આવેલ છે.કેન્દ્રીય બજેટમાં ગરીબ મહિલાઓ અને યુવા ખેતીના વિકાસ અને ખેડૂતોના વિકાસ પર ધ્યાન આપવામાં આવ્યું છે.ગ્રામીણ વિકાસ અને ઉત્પાદન ક્ષેત્રના વિકાસને વેગવંતો બનાવવા માટે જાહેરાત કરવામાં આવી સમાજના છેવાડાના માનવીને પણ વિકાસનાં ફળ મળી રહે તેની ખાસ તકેદારી આ બજેટમાં લેવામાં આવી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશ ના વૈશ્વિક વિકાસની જે કેડી કંડારી છે તેને કેન્દ્ર ના નાણાપ્રધાન નિર્મલા સીતારમના એ આગળ ધપાવવાનો સંકલ્પ આ બજેટમા દેખાઈ આવે છે.તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જની યાદીમાં જણાવે છે.

ખાખીનો ખૌફ ઓસર્યો... લુખ્ખાઓ બેફામ....

# સાંઢિયા પુલ નજીક ગુજસીટોકના આરોપી માજિદ ભાણુનો પોલીસ પર હુમલો

## અમારા વિસ્તારમાં કેમ આવ્યા કહી પોલીસકર્મીને ઢીકાપાટુનો માર માર્યો, લાકડાના ધોકા વડે પોલીસમેનના વાહનમાં તોડફોડ : પથ્થરમારો

**અબતક, રાજકોટ**

શહેરમાં ખાખીનો ખૌફ ઓસરી રહ્યો હોય અને લુખ્ખાઓ બેફામ બની રહ્યા હોય તેવા બે બનાવ ફક્ત ચાર દિવસમાં સામે આવ્યા છે. ૩૧મી જાન્યુઆરીની સાંજે બુટલેગરે ગુંદાવાડી પોલીસ મથકમાં ઘસી જઈ મહિલા પોલીસકર્મીને ધમકી આપી પીસીઆર ઈન્ચાર્જનો કાઠલો પકડી લઈ બેફામ ગાળો ભાંડ્યાની ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં પોલીસ પર હુમલાની બીજી ચકચારી ઘટના સામે આવી રહી છે. જામનગર રોડ પર આવેલ સાંઢિયા પુલ નજીક સ્લમ ક્વાર્ટરમાં માં પ્ર.નગર પોલીસના બે

**સમીર ઉર્ફે ધમાની અટકાયત : મુખ્ય હુમલાખોર સહિતની શોધખોળ**

### રૂખડીયાપરાના મકાન પર કાચની બોટલના ઘા કર્યા બાદ પોલીસમેનને પણ માર માર્યો

લુખ્ખા તત્વોએ રૂખડીયાપરામાં ફરીદાબેન શેખના ઘરે ઘસી જઈ તારો પુત્ર સાજીદ ક્યાં છે, તમને બોવ હવા છે કહી મકાન પર કાચની બોટલના ઘા કર્યા હતા. જે અંગે પોલીસને જાણ થતાં બે પોલીસમેન સ્લમ ક્વાર્ટરમાં હુમલાખોરોની અટકાયત કરવા જતા બેફામ બનેલા લુખ્ખાઓએ પોલીસમેનને પણ માર માર્યો હતો.

### પોલીસકર્મીઓ જીવ બચાવવા વાહન મૂકી વિસ્તાર બહાર દોડી ગયાં

પ્ર.નગર પોલીસના કોન્સ્ટેબલ રિયાઝભાઈ ભીપૌત્રા અને મયુરરાજસિંહ પર માજીદ આણી ટોળકીએ છુટા પથ્થરના ઘા કરતા બંને પોલીસકર્મીઓને જીવનું જોખમ ઉભું થયું હતું. જેથી બંને પોલીસકર્મીઓ જીવ બચાવવા વાહન મૂકી વિસ્તારની બહાર દોડી ગયાં હતા અને મદદ માટે પોલીસ સ્ટેશન ખાતે ટેલિફોનિક જાણ કરી હતી.

### અમે આ વિસ્તારના ડોન છીએ, અહીંયા આવવું નહિ... ખુલ્લેઆમ પોલીસને ધમકી

હુમલાખોરોની અટકાયત કરવા ગયેલા પોલીસમેનને અમે આ વિસ્તારના ડોન છીએ, અમારા વિસ્તારમાં કેમ આવ્યા છો કહી માજીદ ભાણુની ટોળકીએ રિયાઝભાઈ ભીપૌત્રા સાથે ઝપાઝપી કરી હતી અને માર માર્યો હતો. જેથી મયુરરાજસિંહ છોડાવવા વચ્ચે પડતા માજિદના સાગરીતોએ બંને પોલીસમેનોને ગાળો આપી પથ્થરના છુટા ઘા કરવાનું ચાલુ કરી દીધું હતું.

કર્મચારીઓ પર ગુજસીટોકના આરોપી પર હુમલાનો બનાવ બનવા પામ્યો છે. અમારા વિસ્તારમાં કેમ આવ્યો કહી પોલીસકર્મીને માર મારી, લાકડાના ધોકા વડે વાહનમાં તોડફોડ કરી છુટ્ટા પથ્થરના ઘા ઝીંક્યાનો બનાવ સામે આવતા ચકચાર મચી જવા પામી છે.


સમગ્ર ઘટનાની જો વાત કરવામાં આવે તો રૂખડિયાપરામાં રહેતા ફરીદાબેન જુસબભાઈ શેખ (ઉ.વ ૪૦) નામની પરિણીતાના જમાઈ સબીરના નાનાભાઈ અનવરને બજરંગવાડી ખાતે માજીદ અને તેના મીત્રો સાથે માથાકૂટ થયેલ હતી જે બાબતનો ખાર રાખીને ગઈકાલે રાત્રીના પોણા બાર વાગ્યાની આસપાસ માજીદ અને તેના સાગરીતો ઘસી ગયાં હતા અને જોરજોરથી રાડો નાખી ફરિયાદીના પુત્ર સાજીદને બહાર બોલાવતા હતા. જેથી

(અનુ. આઠમા પાને)

‘ડ્રોન દીદી’ની કમાલ !!!

# ૨૦૬થી વધુ મહિલાઓએ કરી ડ્રોન દ્વારા ખેતરોમાં દવા છંટકાવ થકી લાખોની કમાણી !!!

## ગુજરાતની ૫૮ ડ્રોન દીદીએ માત્ર ૯ માસમાં જ ૮,૦૦૦ એકરથી વધુ જમીનમાં ડ્રોનથી દવાનો છંટકાવ કર્યો: રૂ. ૨૪.૬૬ લાખથી વધુની આવક મેળવી: રાઘવજીભાઈ પટેલ





**અબતક, રાજકોટ**

ભારતમાં ખેત પદ્ધતિઓને ટેક્નોલોજીના સહારે સમૃદ્ધ બનાવીને દેશનો ખેડૂતો વધુ આવક મેળવતો થાય તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અનેકવિધ નવતર પહેલ કરી છે. ખેડૂતોની સાથે-સાથે જ ગ્રામ્ય વિસ્તારની બહેનો પણ પગભર થઈને સ્વનિર્ભર બની શકે તેવા શુભ આશય સાથે વડાપ્રધાનએ નમો ડ્રોન દીદી યોજનાની પ્રેરણા આપી હતી. નમો ડ્રોન દીદી યોજના એ મહિલા સશક્તિકરણ અને કૃષિ ક્ષેત્રે ક્રાંતિ લાવવાની એક મહત્વકાંક્ષી પહેલ છે. જેનો લાભ મેળવીને આજે ગ્રામ્ય વિસ્તારની અનેક મહિલાઓ ડ્રોન દીદી બની છે.

ગુજરાત નમો ડ્રોન દીદી યોજનાની અમલીકરણમાં પણ અગ્રીમ હરોળના રાજ્ય પૈકીનું એક છે. ગુજરાતમાં અત્યારે સખી મંડળો સાથે જોડાયેલી ગ્રામ્ય વિસ્તારની ૫૮ મહિલાઓએ ડ્રોન દીદી બનીને પોતાની આવકનો નવો સ્ત્રોત ઉભો કર્યો છે. ગુજરાતની આ ૫૮ ડ્રોન દીદીઓએ માત્ર ૯ માસના

(અનુ. આઠમા પાને)


# અમરેલી લેટર કાંડની તપાસ હાઈકોર્ટના નિવૃત જજની અધ્યક્ષતામાં કરાવો દિલીપ સંઘાણી

## પોતાના સહિત બે ચાર લોકોના નાર્કોટેસ્ટ કરાવવા પણ ઈફકોના ચેરમેનની માંગણી

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી લેટરકાંડની તપાસ ગુજરાત હાઈકોર્ટના નિવૃત જજની અધ્યક્ષતામાં કરાવવા અને પોતાની સહિત બેથી ચાર લોકોના નાર્કોટેસ્ટ કરાવવાની માંગણી ભાજપના દિગ્ગજ નેતા અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ કરી છે. અમરેલી લેટર કાંડમાં પોતાનું નામ ઉછળતા ભાજપના દિગ્ગજ નેતા દિલીપભાઈ સંઘાણીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખ્યો છે. જેમાં અમરેલી લેટર કાંડની હાઈકોર્ટના નિવૃત જજની અધ્યક્ષતામાં તપાસ કરવા માંગ કરી છે. તેમણે કહ્યું કે, આ બાબત અત્યંત ગંભીર કહી શકાય.

અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરિયાએ પોલીસમાં ફરિયાદ દાખલ કરી હતી. તેમાં અમરેલી પોલીસ દ્વારા અમરેલી તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ મનિષભાઈ વઘાસીયા, એક મહિલા સહિત કુલ ૪ વ્યક્તિની ધરપકડ કરાઈ હતી. અને જયારે તેઓ પોલીસ કસ્ટડીમાં હતા ત્યારે તેઓને માર મારી કિશોરભાઈ કાનપરીયાના કહેવાતા આ પત્ર લખાવવા માટે મારું તથા અન્ય ભાજપા આગેવાનના નામ આપવા દબાણ કરાયું હતું તેવી હકીકત મનિષભાઈ વઘાસીયાએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું. જે મેં મીડિયાના માધ્યમથી જોયું હતું. જે અત્યંત ગંભીર બાબત કહી શકાય. અમરેલી પોલીસે પોતાની જાતે, પોલીસના કોઈ ઉચ્ચ અધિકારી અથવા તો કોઈ રાજકીય પદાધિકારીના કહેવાથી આ કાર્યવાહી કરી હોઈ શકે તેમ મારુ માનવું છે. વધુમાં જણાવતાં કહ્યું હતું કે કોઈ સામાન્ય વ્યક્તિના ઈશારે પોલીસ આ પ્રકારનું કૃત્ય ન જ કરે. આ કેસમાં કહેવાતા સાચા કે ખોટા પત્ર સાથે મારે કોઈ લેવાદેવા નથી. આ બાબતે સત્ય બહાર લાવવા માટે હું પોતે નાર્કો ટેસ્ટ કરાવવા તૈયાર છું, તેમજ ફરિયાદી અને આ કેસ સાથે જોડાયેલા અન્ય ૨-૪ વ્યક્તિના પણ નાર્કો ટેસ્ટ થવા જોઈએ જેથી વાસ્તવિક હકીકત સુધી પહોંચવામાં સરળતા રહે. સરકાર પોલીસની ગેરકાયદેસર રાત્રે મહિલાની ધરપકડ છાવરે છે તે હકીકત ખોટી છે. સરકાર સત્ય બહાર લાવવા તમામ પ્રકારની કાનૂની કાર્યવાહી કરાવી રહી છે તે હકીકતની લોકોને પ્રતીતિ કરાવવી પણ જરૂરી છે. જે ગંભીરતાને જોતાં આ કેસની તપાસ હાઈકોર્ટના સીટિંગ અથવા નિવૃત્ત જજ દ્વારા



(અનુ. આઠમા પાને)

# રાજકોટ તરફ આવતો દારૂનો ટ્રક ભીલાડ નજીકથી ઝડપી લેતી એસએમસી

## રૂ. ૭૧.૧૦ લાખની શરાબની ૧૦,૪૮૭ બોટલ સાથે રાજસ્થાની ચાલકની ધરપકડ

## ગોઆથી રાજસ્થાની શખ્સે મોકલેલો દારૂ સહિત રૂ. ૯૧.૪૨ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે વધુ એકવાર મોટો શરાબનો જથ્થો ઝડપી પાડ્યો છે. રાજકોટના બુટલેગરે મંગાવેલો દારૂ ભરેલો ટ્રક એસએમસીએ મુંબઈ-વાપી હાઈવે પર ભીલાડ નજીકથી રૂ. ૭૧.૧૦ લાખની કિંમતની શરાબ લણી ૧૦,૪૮૭ બોટલ સાથે રાજસ્થાની ટ્રક ડ્રાયવરની ધરપકડ કરી લીધી છે. જયારે રાજકોટના બુટલેગર સહીત ત્રણ શખ્સોંની શોધખોળ શરૂ કરી દેવામાં આવી છે.

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે પાડેલા દરોડા અંગેની મળતી વિગત મુજબ દારૂ-જુગારની બદી ડામવા એસએમસીની ટીમ સતત પ્રયત્નશીલ હોય દરમિયાન એસએમસી પીએસઆઈ એસ વી ગળચર અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ગોઆ ખાતેથી દારૂનો જથ્થો ભરી એક ટ્રક રાજકોટ તરફ જઈ રહ્યો છે. જે બાતમી મળતાની સાથે જ ઉચ્ચ અધિકારીઓને જાણ કરી પીએસઆઈ એસ વી ગળચરની ટીમે મુંબઈ-વાપી હાઈવે પર ભીલાડ નજીક વોચ ગોઠવી હતી.

દરમિયાન બાતમીવાળો શંકાસ્પદ ટ્રક પસાર થતાં તેને અટકાવી ડ્રાયવરની પૂછપરછ કરતા તેણે પોતાની ઓળખ સુરેશ ડેરમાંરામ પાનવાર(બિશ્નોઈ) રહે. સંગરવા ગામ, જાલોર, રાજસ્થાનવાળા તરીકે આપી હતી.

જે બાદ ટ્રકની જડતી કરવામાં આવતા મેગીના કવરિંગ બોકસની આડમાં છુપાવેલો



શરાબનો જંગી જથ્થો મળી આવ્યો હતો.

બાદમાં એસએમસીને ટીમે ચાલકની અટકાયત કરી ટ્રક કબ્જે કરી શરાબની બોટલની ગણતરી કરાવતા ટ્રકમાંથી કુલ ૧૦,૪૮૭ બોટલ જેની કિંમત રૂ. ૭૧,૧૦,૧૮૬નો શરાબ મળી આવ્યો હતો. એસએમસીએ દારૂ, બે મોબાઈલ, મેગીના ૨૫૦ કવરિંગ બોક્સ અને ટ્રક મળી કુલ રૂ. ૯૧,૪૨,૭૭૬નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ડ્રાયવરની પ્રાથમિક પૂછપરછ કરવામાં આવતા આ શરાબનો જથ્થો રાજકોટ ખાતે લઈ જવાનો હતો અને રાજકોટના કોઈ બુટલેગરે જથ્થો મંગાવ્યો હતો

જયારે રાજસ્થાનના જાલોર જિલ્લાના વતની શ્રવણ જંગુ બિશ્નોઈએ જથ્થો ગોઆ ખાતેથી મોકલ્યો હતો. ત્યારે એસએમસીએ રાજકોટના બુટલેગર, રાજસ્થાની સપ્લાયર અને તેના નોકર એમ કુલ ત્રણ શખ્સોંની શોધખોળ શરૂ કરી છે.

# જૈન તીર્થ પાલીતાણાને જોડતા રસ્તાઓનાં નિર્માણ માટે રૂ.૫૨ કરોડ ફાળવાયા

## પદયાત્રીકો અને દર્શનાર્થીઓની સુવિધામાં થશે વધારો

**અબતક, રાજકોટ**

જૈન તીર્થ ક્ષેત્ર પાલીતાણાને જોડતા રસ્તાઓના નિર્માણ અને વિકાસ માટે રૂ. ૫૨ કરોડ મંજૂર કરવામા આવ્યા છે. રાજ્યના પ્રવાસન-યાત્રાધામોને જોડતા માર્ગોની સુધારણા અને કનેક્ટિવિટી સુદ્રઢ બનાવવાના હેતુસર પાલીતાણા માટે કુલ રૂ. ૯૨.૦૭ કરોડ મંજૂર કરાયા છે. પાલીતાણા તીર્થમાં આવતા પદયાત્રીઓ અને દર્શનાર્થીઓને વધુ સુલભ અને સલામત રોડ નેટવર્ક મળશે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુપ્રસિદ્ધ જૈન તીર્થ પાલીતાણા ને જોડતા ૮૦૦ મીટર લંબાઈના માર્ગોના નવીનીકરણ તથા પૂલોના નવા કામો માટે રૂ. ૫૧.૫૭ કરોડ મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રીએ તાજેતરમાં રાજ્યના ૪૪ પ્રવાસન સ્થળોને જોડતા માર્ગોની સુધારણા અને કનેક્ટિવિટી સુદ્રઢ બનાવવાના વિવિધ કામો માટે કુલ રૂ. ૨૨૬૯ કરોડ ફાળવ્યા છે.

આ હેતુસર જૈન તીર્થ ક્ષેત્ર પાલીતાણાને તે રકમમાંથી ૪૦.૫૦ કરોડ રૂપિયા ૨૪.૯૦ કિ.મી લંબાઈના ૬ રસ્તા અને પૂલોના કામો માટે મંજૂર કરવામાં આવેલા છે.

હવે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૫૧.૫૭ કરોડ રૂપિયા પાલીતાણાને જોડતા ૮૦૦ મીટરના માર્ગો પર નવા રસ્તા, પુલો માટે મંજૂર કર્યા છે.

જૈન તીર્થ ક્ષેત્ર પાલીતાણાને સુદ્રઢ અને સુવિધાયુક્ત રોડ કનેક્ટિવિટી પૂરી પાડવા મુખ્યમંત્રીશ્રીએ સમગ્રતયા ૨૫.૭૦ કિ.મી. માર્ગો માટે કુલ રૂ. ૯૨.૦૭ કરોડ અત્યાર સુધીમાં મંજૂર કર્યા છે.

(અનુ. આઠમા પાને)

# કડીના ભાજપના ધારાસભ્ય કરશનભાઈ સોલંકીનું નિધન

## મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલે શ્રદ્ધાંજલી અર્પણ કરી

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભા ફરી એકવાર ખંડિત થઈ છે. મહેસાણા જિલ્લાની કડી વિધાનસભા બેઠકના ભાજપના ધારાસભ્ય કરશનભાઈ સોલંકીનું આજે સવારે નિધન થતાં ભાજપમાં શોકનો માહોલ છવાય ગયો છે. મુખ્યમંત્રછ ભુપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય જળ શકિત મંત્રી ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી.આર. પાટીલે ઉંડા દુઃખની લાગણી વ્યકત કરી શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

ગુજરાતમાં વર્ષ ૨૦૨૨ માં યોજાયેલી વિધાનસભાની સામાન્ય ચુંટણીમાં કરશનભાઈ પુંજાભાઈ સોલંકી કડી વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ચુંટણી લડી ધારાસભ્ય તરીકે ચૂંટાય આવ્યા હતા. તેઓ સમગ્ર વિસ્તારમાં ‘કાકા’ ના હુલામણા નામથી ખુબ જ જાણીતા હતા. તેઓ પોતાની પાછળ પુત્ર પિયુષ સોલંકીને વિલાય કરતા છોડી ગયા છે. આજે સવારે ૧૦.૩૦ કલાકે તેઓના કડી સ્થિત નિવાસ સ્થાને તેમનો પાર્થિવ દેહ અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો તથા સમર્થકો ઉમટી પડયા હતા. તેઓની અંતિમ વિધી વતન નગરાસણ ખાતે કરવામાં આવી હતી. જેમાં વિવિધ પક્ષના મહાનુભાવો જોડાયા હતા.



ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય જળ શકિત મંત્રી સી.આર. પાટીલે ધારાસભ્ય કરશનભાઈ સોલંકીના અવસાનથી ઉંડા દુઃખની લાગણી વ્યકત કરી હતી. તેઓએ શ્રદ્ધાંજલી અર્પણ કરતા જણાવ્યું હતું કે, કરશનભાઈના અકાળે અવસાનથી હું ખુબ જ વ્યથિત છું.

ઈશ્વર એમના દિવંગત આત્માને શાંતિ પ્રદાન કરે અને પરિવારજનોને આ આઘાત સહન કરવાની શકિત આપે વી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના તેઓના સેવા કાર્યોની સુગંધ સદાય ચોમેર પ્રસરતી રહેશે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે પણ કરશનભાઈને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. વિધાનસભા ફરી એક વાર ખંડિત થઈ છે. મંત્રી મંડળના તમામ સભ્યોએ પણ પુષ્પાંજલી અર્પી હતી.

# ગુજરાતને કેન્દ્રીય બજેટમાં રેલવે માટે રેકોર્ડ બ્રેક રૂ. ૧૭૧૫૫ કરોડની ફાળવણી

## ૨૦૧૪ પહેલા ગુજરાતને રેલવે બજેટમાં કરતી ફાળવણીથી ૨૯ ગણી વધુ ફાળવણી કરાઈ: ૮૭ નવા સ્ટેશનો બનાવી મુસાફરોની સુવિધા વધારાશે: રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ

**અબતક, રાજકોટ**

કેન્દ્રીય બજેટમાં દેશના વિવિધ રાજ્યોને વિવિધ ક્ષેત્રોમાં ફાળવણી કરવામાં આવી છે. જેમાં રેલવે પણ સામેલ છે. આ અંગે વર્ચ્યુઅલ પત્રકાર પરિષદને સંબોધતા રેલ મંત્રી અશ્વિની વૈષણવે વિવિધ ઝોનને ફાળવવામાં આવેલા બજેટ અંગે જાણકારી આપી હતી.

રેલવે બજેટ અંતર્ગત ગુજરાતને વિક્રમી રૂ.૧૭૧૫૫ કરોડ આપવામાં આવ્યા છે. આ ફાળવણી માથી નવા સ્ટેશન, નવા ટ્રેક અને માળખાકીય સુવિધામાં વધારો કરી મુસાફરીને સુલભ બનાવાશે, એમ તેમણે ઉમેર્યું હતુ

વધુ માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં ગુજરાતમાં ૨,૭૩૯ કિમીના નવા ટ્રેકનું નિર્માણ થયું છે, જે ડેન્માર્કના સમગ્ર રેલવે નેટવર્ક કરતા પણ વધારે છે. તેમજ ગુજરાતમાં વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં ૩,૧૪૪ કિ.મી. ૯૭ ટકા વિદ્યુતીકરણ થયું છે. હાલમાં ચાલી રહેલા પ્રોજેક્ટ્સમાં ૪૨ પ્રોજેકટસ છે. જેની લંબાઈ ૨,૯૪૮ કિમી અને અંદાજિત ખર્ચ ૩૦,૮૨૬ કરોડ થશે.

રૂ. ૬,૩૦૩ કરોડના ૮૭ અમૃત સ્ટેશનો વિકસાવવામાં આવી રહ્યાં હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. જેમાં અમદાવાદ, આણંદ, અંકલેશ્વર, અસારવા, બારડોલી, ભચાઉ, ભક્તિનગર, ભાણવડ, ભરૂચ, ભાટિયા, ભાવનગર, ભેસ્તાન, ભીલડી, બીલીમોરા જે.એન., બોટાદ જે.એન., ચાંદલોડિયા, ચોરવાડ રોડ, ડભોઈ જં., દાહોદ, ડાકોર, દેરોલ, ધ્રાગધ્રા, દ્વારકા, ગાંધીધામ, ગોધરા જે.એન., ગોંડલ, હાપા, હિંમતનગર, જામ જોધપુર, જામ વંથલી, જામનગર, જૂનાગઢ જે.એન., કલોલ જે.એન., કાનાલુસ જે.એન., કરમસદ, કેશોદ, ખંભાળીયા, કીમ, કીમ, કોસંબા જે.એન., લખતર, લીંબડી, લીમખેડા, મહેમદાવાદ ખેરા રોડ, માહેસ્ના જે.એન., મહુવા, મણિનગર, મીઠાપુર, મીયાગામ કરજણ જે.એન., મોરબી, નડિયાદ જે.એન., નવસારી, ન્યુ ભુજ, ઓખા, પડધરી, પાલનપુર જે.એન., પાલીતાણા, પાટણ, પોરબંદર, પ્રતાપનગર, રાજકોટ જંકશન, રાજુલા જે.એન., સાબરમતી બી.જી., સાબરમતી એમ.જી., સચીન, સામખિયાળી, સંજાણ, સાવરકુંડલા, સાયન, સિદ્ધપુર, સિહોર જં, સોમનાથ, સોનગઢ, સુરત, સુરેન્દ્રનગર, થાન, ઉધના, ઉદવાડા, ઉમરગામ રોડ, ઊંઝા, ઉધના, ઉત્તરાણ, વડોદરા, વાપી, વટવા, વેરાવળ, વિરમગામ, વિશ્વામિત્રી જે.એન., વાંકાનેરનો સમાવેશ કરવામાં આવ્યો છે.



મુખ્ય સ્ટેશન બિલ્ડિંગ સ્ટ્રક્ચરલ ફ્રેમવર્ક પૂર્ણ, ફિનિશિંગનું કામ પ્રગતિમાં છે, ટેરેસ લેવલ પાણીની ટાંકીનું કામ હાથ ધરવામાં આવ્યું છે. સેકન્ડ એન્ટ્રી સ્ટેશન બિલ્ડિંગ પર કામ ચાલી રહ્યું છે. ઉચ્ચ છત સ્તંભ ઉત્થાન અને ગર્ડર લોંચિંગ પ્રગતિમાં છે. કોનકોર્સ અને એફઓબીનું ફાઉન્ડેશન અને કોલમ કાસ્ટિંગ પ્રગતિમાં છે .. સ્કાયવોક કોલમ ઈરેક્શન, ગર્ડર લોંચિંગ, નવા સીઓપી ફાઉન્ડેશન અને પીએફ ફ્લોરિંગને જોડતી એનએચએસઆરસીએલ પર કામ ચાલી રહ્યું છે.

પૂર્વ અને પશ્ચિમ તરફના મુખ્ય સ્ટેશન બિલ્ડિંગ પર કામ પ્રગતિમાં છે. કોન્કોર્સ ફાઉન્ડેશન પૂર્ણ થયું અને કોલમ કાસ્ટિંગ ચાલુ છે. લોઅર લેવલ બેઝમેન્ટ પાર્કિંગ, નવા સીઓપી અને પ્લેટફોર્મ સરફેસિંગ પર કામ ચાલી રહ્યું છે.

સેકન્ડ પ્રવેશ સ્ટેશન મકાન

(અનુ. આઠમા પાને)